Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

ગાંધી સાહિત્ય
૧૮૩૪

# એક ધર્મયુદ્ધ

[ અમદાવાદના મીલમજુરોની લડતનો ઇતિહાસ ]

*

મહાદેવ હરિભાઈ દેશાઈ

જ : ૨૭૨૯

૧.૮૮૨
ાઈ
૪૭૯

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

5/10/2021

૩૩૧.૮૯૨
દેસાઈ (મ)

# એક ધર્મયુદ્ધ

[ અમદાવાદના મીલમજુરોની લડતનો ઇતિહાસ ]

| આરંભ | પૂર્ણાહુતિ |
|---|---|
| ૨૨:૨:૧૮ | ૨૦:૩:૧૮ |

લેખક

મહાદેવ હરિભાઈ દેશાઈ
સત્યાગ્રહાશ્રમ—સાબરમતી

श्री राष्ट्रीय विद्यामन्दिर
शारदाभुवन
क्रमांक वर्गांक

પ્રકાશક
નવજીવન પ્રકાશન મંદિર
અ મ દા વા દ

મૂલ્ય આઠ આના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

5/10/2021

Gandhi Heritage Portal

Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

મુદ્રક અને પ્રકાશક
રામદાસ મોહનદાસ ગાંધી
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021

ઇતિહાસે નહિ જોયેલા એક ધર્મયુદ્ધનો ઇતિહાસ વાચકો સમક્ષ પુસ્તકના રૂપમાં રજુ કરતાં અમને આનન્દ થાય છે. આ લેખો મૂળ 'નવજીવન' માસિકમાં પ્રસિદ્ધ થયા હતા.

—પ્રકાશક

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

5/10/2021



# અનુક્રમણિકા


| | |
|---|---|
| મજુરોની લડતનો ઇતિહાસ અને અવલોકન | ૩ |
| મહાત્માજીની પત્રિકાઓ | ૫૭ |
| પરિશિષ્ટ | |
| લવાદી સંબંધી કાગળો અને પોતાના ઉપવાસ વિષે ગાંધીજીનો ખુલાસો | ૧૦૭ |


Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# એક ધર્મયુદ્ધ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

# એક ધર્મયુદ્ધ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

“ ખુદા ઈજ્જત બહુત દેવે મહેરબાન ગાંધી કો,
દુવાએં દે રહે હૈ હિન્દુ મુસલમાન ગાંધી કો.
ગરીબોં કે લીયેં ઉન્હોને યે સદમા ઉઠાયા!,
ગોયા હમેં ભી ખ્વાબ ગફલત સેં જગાયા.
હમ તો સમઝે હૈ કિ તનહાઈ કા સાથી પાયા,
કતહદે કુદરતે ગેબ સે તુ હમ કો ખુદા યા.
મહેરબાન ગાંધી ઔર બ્હેન અનસૂયા હમારી,
તા કયામત નામ ઉન કા રહે દુનિયા મેં જારી. ”

પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહાશ્રમમાં સવાર-સાંજ બ્રહ્મચારીઓ જે પ્રાર્થના કરે છે તે પ્રાર્થનામાં તેમના જીવનના ધ્યેયને પ્રગટ કરતા મંત્રો અને ભજનો મુખ્ય છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

આ મંત્રો અને ભજનોનું રહસ્ય બ્રહ્મચારીઓના આત્મામાં રેડાય અને કાળે કરીને તેમનાં કર્મમાત્રમાં એ ઉદાત્ત રહસ્યો પ્રગટ થતાં રહે એવો ગાંધીજીનો ઉદ્દેશ છે. મહાત્માજીની પ્રવૃત્તિમાં તો આશ્રમમાં નિત્ય રટાતું

'कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम्'

અને આશ્રમનું માનીતું

'વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે'

એ જ આજકાલ જોઈ રહ્યા છીએ.

આ બન્ને વચનો જેટલાં સાદાં છે તેટલાં જ ગંભીર છે. એમાં મમત્વ કે અભિમાનનો અંશ નથી રહેલો; કેવળ પ્રવૃત્તિ માત્ર એક ઇષ્ટ પ્રવાહમાં જ વહે એવી તીવ્ર વાંચ્છના એમાં રહેલી છે. માટે જ ખરા સત્યાગ્રહીએ એને પોતાનાં આચારસૂત્રો બનાવેલાં છે. મમત્વ કે અભિમાનથી તે સત્યાગ્રહનું ક્ષેત્ર શોધવા નથી જતો; સત્યાગ્રહના વિષયો આપોઆપ જ તેને મળી રહે છે, અને સત્યાગ્રહીને તે હાથ ધર્યા વિના ચાલતું જ નથી. ચંપારણ્ય મહાત્મા ગાંધીજી શોધતા નહિં ગયેલા, ચંપારણ્ય જ મહાત્માજીને ખેંચી લઇ ગયેલું. ખેડાના ખેડુતોની લડત પણ એઓ વ્હોરવા નહોતા ગયા, એ એમને સોંપવામાં આવી હતી. હા, એટલું ખરૂં કે મહાત્માજીએ અમુક વસ્તુ હાથમાં લીધી તે તેનો સંતોષકારક અંત લાવ્યા વિના છોડી નથી જ.

અમદાવાદના મીલમજુરોની લડતમાં પણ મહાત્માજીને પરેચ્છાએ પડવું પડેલું. તા. ૨ જી ફેબ્રુઆરીએ મહાત્માજીને ખેડાની સ્થિતિ સંબંધે મુંબઈ જવું પડેલું, ત્યારે ત્યાં તેમને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



શેઠ અંબાલાલ સારાભાઇનો મેળાપ થએલો. અંબાલાલભાઇએ કેટલાક કાગળો બતાવી મહાત્માજીને કહેલું કે અમદાવાદમાં મીલમજુરો, બોનસના સંબંધમાં અસંતોષ થવાથી હડતાળ પાડે એવી ધાસ્તી છે; અને હડતાળ પડશે તો પરિણામો બહુ અનિષ્ટ આવશે, માટે મહાત્માજીને વચ્ચે પડવાની જરૂર છે. અંબાલાલભાઇએ બતાવેલો ભય મહાત્માજીને ગંભીર લાગેલો, અને જો સ્થિતિ તેવી જ હોય તો આખા અમદાવાદ શહેરની શાંતિને ધક્કો પહોંચાડે એવા સંજોગો બનતા પ્રયત્ને અટકાવવાનો મહાત્માજીએ નિશ્ચય કરેલો.

અમદાવાદ જઇને એમણે મજુરોનો અને મીલના એજંટોનો પક્ષ શો છે તેની તપાસ કરવા માંડી. તેમણે જોયું કે ગયા વર્ષના અગસ્ટ માસથી સાળખાતાવાળા મજુરોને મનમાન્યાં 'પ્લેગ બોનસ' મળ્યા કરતાં આવ્યાં છે; તેમણે જોયું કે આ પ્લેગ બોનસથી લોભાઇ ઘણા સાળખાતાવાળા મજુરો, જેઓ પ્લેગને લીધે અમદાવાદ છોડી ચાલ્યા જાત તેઓ, જીવને જોખમે પણ મીલોને વળગી રહ્યા હતા. તેમણે જોયું કે આ પ્લેગ બોનસ કેટલાક દાખલાઓમાં મજુરોની રોજીના ૭૦ થી ૮૦ ટકા જેટલું આપવામાં આવતું હતું; અને પ્લેગ બંધ થયા પછી પણ અનાજ, કપડાં અને હરરોજના વાપરની વસ્તુઓના ભાવ તો પ્રથમના કરતાં બમણા તમણા અને ચારગણા થઇ જવાથી એ બોનસ ચાલુ રહ્યું હતું; આ બોનસ એકાએક બંધ કરવાના મીલમાલિકોના વિચારથી સાળખાતાવાળા મીલ-મજુરોમાં ખળભળાટ થયો હતો. તેઓ હમેશ શ્રી અનસૂયા બ્હેનને મળવા અને પોતાની સ્થિતિ તેમની આગળ પ્રગટ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કરવા લાગ્યા. પ્લેગ બોનસને બદલે મોંઘવારીનો વધારો ઓછામાં ઓછો ૫૦ ટકા મળવો જોઇએ એવી તેઓ માગણી કરતા હતા. મહાત્માજી અમદાવાદમાં આવી મુખ્ય મુખ્ય મીલએજંટો સાથે મસલત ચલાવવા લાગ્યા. તેઓ પણ નિવેડો આણવાની ઇંતેજારી બતાવવા લાગ્યા. અત્યાર સુધી મહાત્માજીએ એ બાબતમાં પ્રત્યક્ષ રીતે પડવાનો નિશ્ચય નહોતો કર્યો. પણ સ્થિતિ દિનપ્રતિદિન ગંભીર સ્વરૂપ પકડતી હતી. સઘળી વાત સરકારને કાને પણ પહોંચી હતી, અને તા. ૧૧ મીએ અમદાવાદના દિલસોઝ કલેક્ટર સાહેબે મહાત્માજીને નીચે પ્રમાણે પત્ર લખ્યો હતોઃ

"બોનસના પ્રશ્ન સંબંધે મીલમાલિકો અને મીલમજુરો વચ્ચે બહુ ગંભીર સ્થિતિ ઉત્પન્ન થવાની વકી છે. અને મીલમાલિકો મીલો બંધ કરી દેવાની ધમકી આપે છે, જેથી બહુ તકલીફ અને દુઃખ થવાનો સંભવ છે. તેથી ખરી વસ્તુસ્થિતિ સમજવા હું અતિશય ઇંતેજાર છું. મને ખબર મળી છે કે મીલમાલિકો જો કોઈની સલાહ સાંભળે તો માત્ર તે આપની જ સાંભળે એમ છે; અને વળી તેમના તરફ ઘણે અંશે આપને દિલસોઝી છે, તથા તેમનો પક્ષ આપ જ મને બરાબર સમજાવી શકો એમ છો. કાલે મને એકાદ કલાક આપવાની અનુકૂળતા કરી શકો તો હું આપનો બહુ આભારી થઈશ."

મહાત્માજી કલેક્ટરને મળ્યા, મજુરોને મળ્યા, મીલએજંટોને મળ્યા, અને મસલત ચલાવી. આખરે બંને પક્ષે પંચ મારફતે નિવેડો લાવવાનું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

નક્કી કર્યું; અને પંચમાં મીલમાલિકો તરફથી શેઠ અંબાલાલભાઇ, શેઠ જગાભાઈ દલપતભાઇ અને શેઠ ચંદુલાલ, મજુરો તરફથી મહાત્મા ગાંધીજી, શ્રી. વલ્લભભાઈ પટેલ અને શ્રી. શંકરલાલ બેંકર તથા સરપંચ તરીકે કલેક્ટર સાહેબ નીમાયા.

આ પછી તુરત મહાત્માજીને ખેડામાં જવાનું થયું, ત્યાંનો મામલો પણ ગંભીર હતો. તપાસ પણ તેમણે શરૂ કરી દીધી હતી, અને ત્યાંના કામમાં લગભગ તેઓ પરોવાયલા હતા, એટલામાં તો અનસૂયા બ્હેને ખબર આપ્યા કે અહીંની સ્થિતિ ગંભીર છે અને માલિકો એકસામટી 'લૉકઆઉટ' જાહેર કરવાની તૈયારી ઉપર છે. મહાત્માજી અમદાવાદ પહોંચ્યા. તેમને ખબર મળી કે કેટલીક મીલમાં કંઇક ગેરસમજુત થવાથી મજુરોએ હડતાળ પાડી છે. મહાત્માજીએ જોયું કે પંચ નીમાયા પછી મજુરોએ લીધેલું આ પગલું ગેરવાજબી છે. તુરત તેમણે મીલમાલિકોને બનેલી બાબત ખાતર પોતાની દિલગીરી બતાવી, અને મજુરો ભૂલ સુધારી લેવાને તૈયાર છે એમ તેઓને જાહેર કર્યું. આ પ્રસંગે એટલું કહી દેવું જોઇએ કે મીલમાલિકોની પણ આમાં કાંઈ કસૂર થઇ ન હતી એમ નહિ, પણ મહાત્માજીએ પોતાના પક્ષની કસૂરને જ મહત્ત્વ આપ્યું, અને તે સુધારી લેવાની તત્પરતા બતાવી. પણ મીલમાલિકોને એ વાત ગળે ન ઉતરી. તેમણે તો પંચ નીમાયા પછી મજુરોએ હડતાળ પાડી એટલે તત્કાળ પંચ તૂટે છે એવો આગ્રહ કર્યો અને પોતે પંચથી બંધાયલા ન હોવાને લીધે, ૨૦ ટકા વધારો લઇને કામ કરવા મજુરો રાજી ન હોય તો તેઓને કાઢી મુકવાનો નિશ્ચય કર્યો. આ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

સ્થિતિ અટકાવવાના મહાત્માજીના પ્રયત્નો અથાગ હતા. પણ મીલમાલિકો તો મજુરોએ કરેલી ભૂલને વળગી રહ્યા અને એકના બે થવાની સાફ ના પાડી.

એ પછી મહાત્માજી મજુરોને ખૂબ મળવા લાગ્યા. બ્હેન અનસૂયા, ભાઈ શંકરલાલ બેંકર અને મીલમજુરોની સ્થિતિ તથા પગાર સંબંધી માહીતી ધરાવનારા બીજા ગૃહસ્થોની સાથે મસલત ચલાવી. અહીંના મજુરોને શું મળે છે, મુંબઈના મજુરોને શું મળે છે, મજુરોની કેટલી માગણી છે, મીલમાલિકોની સ્થિતિ શી છે, તેઓને શું કમિશન લડાઇ પહેલાં મળતું હતું, લડાઈ પછી શું મળે છે, લડાઇ પછી કાપડ તૈયાર કરવાનો ખર્ચ વધ્યો છે તે ધ્યાનમાં લેતાં તેઓને મજુરોની વધારાની માગણી પોષાઈ શકે છે કે કેમ, વગેરે બધા પ્રશ્નોનો અતિશય સૂક્ષ્મ રીતે વિચાર કર્યો, અને જેટલે અંશે નિર્ણય **પોતાથી** લાવી શકાય તેટલે અંશે નિર્ણય લાવ્યા. નિશ્ચય કર્યો કે મજુરોએ ૩૫ ટકાથી વધારે માગવું જોઇએ નહિ, અને મજુરોને મર્યાદામાં રાખવાના હેતુથી તેઓને પણ તેવી સલાહ આપી દેવી જોઈએ. મજુરોને આ સલાહ આપ્યા પહેલાં ન્યાયની ખાતર મીલમાલિકોને પોતાના આ નિશ્ચયની ખબર આપવી જોઇએ, અને તેમને એ બાબતમાં શું કહેવાનું છે તે સાંભળવું જોઇએ એ યોગ્ય ધારી તેમને એ બાબત ખબર આપવામાં આવી તથા તેમના વિગતવાર અભિપ્રાયની અને તેમની મદદની વિનંતિ કરવામાં આવી. મદદ તો તેઓ આપી શકતા જ ન હતા એટલે તેઓએ સરકાર અને મુંબઇના મીલમાલિકો બહુ થોડો વધારો આપે છે એવી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

અપ્રસ્તુત સૂચના કરીને પોતે વર્તમાન સંજોગોમાં શું આપવું જોઇએ તે પ્રશ્ન ઉઠાવ્યો. આથી મહાત્મા ગાંધીજી અને તેમના સહાયકોને, મજુરોને ૩૫ ટકા માગવાની સલાહ આપ્યા સિવાય બીજો માર્ગ રહ્યો નહિ. જે મજુરો અત્યાર સુધી મોંઘવારીના વધારા તરીકે ૫૦ ટકાને વળગી રહ્યા હતા તેઓને તેમના સલાહકારોએ ખૂબ સમજાવી ૩૫ ટકા માગીને જ સંતોષ પકડવાની ભલામણ કરવાથી તેઓએ તે કંઇક આનાકાની પછી સ્વીકારી.

બંને પક્ષમાં 'આગ્રહ' નું તત્ત્વ તો અત્યાર અગાઉનું દાખલ થઈ ચૂક્યું હતું. તાણાવાળાઓએ જ્યારથી પોતાનું મહાજન બાંધ્યું ત્યારથી જ મજુરોમાં ઐક્ય અને આગ્રહનાં બીજ નંખાયાં હતાં. મજુરોના ઐક્યની સામે થવાને મીલમાલિકોએ પણ એક ચક્ર (ગ્રૂપ) રચ્યું. આ બે પક્ષો વચ્ચે લગભગ ૨૫ દિવસ સુધી સંપૂર્ણ રસાકરીથી છતાં કાંઈ પણ કડવાશ વિના જે લડત ચાલી રહી હતી તેને આખું અમદાવાદ શહેર જ નહિ પણ આખું ગુજરાત અને કેટલેક અંશે આખો દેશ નિરખી રહ્યો હતો. આપણે આ લડતની મુખ્ય વિગતો અને તેની અંદર રહેલાં રહસ્યો તપાસીએ.

જે દિવસે મીલમજુરોએ પોતાના સલાહકારોની સલાહ સ્વીકારીને પોતાની આખી બાજી તેમને સોંપી તે દિવસથી જ મહાત્મા ગાંધીજીએ મજુરોના ઉભરાતા ઉત્સાહને શુદ્ધ દિશામાં વાળી અને તેમનામાં રહેલી 'મસ્તી' ની ખાસીઅતો ઉપર અંકુશ મુકી, આ લડતને 'ધાર્મિક' સ્વરૂપ આપવાના ઉપાયો યોજવા માંડયા. મજુરોના આંતર અને બાહ્ય જીવનમાં પ્રવેશ કર્યા વિના એકલી સલાહ પ્રાયઃ નિષ્ફળ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

જાય અથવા છેક નિષ્ફળ ન જાય તો પણ તેની સફળતામાં પણ કાંઇ અર્થ રહે નહિ, તેથી અનેક માર્ગે તેમના જીવનમાં પ્રવેશ કરવાનો નિશ્ચય થયો. આ માર્ગો નીચે પ્રમાણે:

(૧) મજુરોને ઘેર જઇ તેમની સમગ્ર સ્થિતિની પૂછપરછ કરી તેમની રહેણીકરણીમાં કાંઈ કસૂર જણાય તો તે સુધારવાના, તેમની ભીડમાં સલાહ અને મદદ આપવાના, અને બને તેટલે અંશે તેમના સુખદુ:ખમાં ભાગીદાર બનવાના પ્રયત્ન કરવા;

(૨) લડતમાં પોતાના વર્તન સંબંધે મજુરોને કાંઈ સલાહ સૂચના લેવી હોય તો ત તેમને જ્યારે જોઇએ ત્યારે આપવાની વ્યવસ્થા કરવી;

(૩) નિત્ય તમામ મજુરોની એક નિશ્ચિત સ્થળે જાહેર સભા ભરીને લડતના સિદ્ધાન્તો અને રહસ્ય ઉપર તેમને બોધ આપવો;

(૪) આ સિદ્ધાન્તો અને રહસ્ય તેમનામાં સદાને માટે દૃઢીભૂત થઇ રહે, તેમને સાદું પણ ઉત્તમ પ્રતિનું સાહિત્ય પૂરૂં પડે અને તેમના મન અને બુદ્ધિની ઉન્નતિ થઈ, તે ઉન્નતિનાં સાધનો તેઓ પોતાનાં બાળબચ્ચાંને વારસામાં આપે તે ખાતર તેમને માટે નિત્ય સુબોધપત્રિકાઓ કાઢવી.

(૧) આ નિશ્ચય અનુસાર લડત દરમ્યાન દરરોજ સવાર સાંજ ભાઈ શંકરલાલ બેંકર, અનસૂયા બ્હેન અને ભાઈ છગનલાલ ગાંધી મીલમજુરોના મુકામે જતાં, બને તેટલા લત્તાઓમાં મજુરો અને તેમના કુટુંબનાં માણસોનાં નામઠામ લઈ, કુટુંબના આવક ખર્ચ સંબંધી આંકડા મેળવી ભવિષ્યમાં તેમની સ્થિતિ સુધારવા માટે માહીતીનો પાયો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

રચતાં; તેઓમાં લડતથી કંટાળેલા અથવા ભૂખમરાનો ભય રાખનારાઓને સમજણ અને હીંમત આપતાં, દર્દીને માટે દવાદારૂની ગોઠવણ કરતાં અને રોજી મેળવવા ઇચ્છનારાઓને રોજીનાં સાધન મેળવી આપવાનો પ્રયત્ન કરતાં.

આ સવાર સાંજની મુલાકાતનું મહત્ત્વ કાંઈ જેવુંતેવું ન હતું. આખી મીલમજુરોની આલમની 'નાડ' આ મુલાકાતોથી પરખાતી, અને આગળ જણાવવામાં આવશે તે પ્રમાણે એ મુલાકાતને લીધે જ લડતની 'અણી'ની દશાએ શું પગલું લેવું તે મહાત્માજીને સૂઝયું હતું.

(૨) સાંજ સવાર મજુરોના મુકામ ઉપર મુલાકાત ઉપરાંત, મજુરોને દિવસનો બાકીનો વખત બ્હેન અનસૂયાને ત્યાં આવીને સલાહ લેવાની છૂટ હતી. સંખ્યાબંધ મજુરો અનસૂયા બ્હેનને ત્યાં આવતા—વખતનો પણ મેળ ન હતો, લડતના આખરના દિવસોમાં તો રાત્રે એક અને બે વાગ્યા સુધી મજુરો અનસૂયા બ્હેનનાં બારણાં ઉઘડાવતા અને જરા પણ કચવાયા વિના તેમને સલાહ આપવામાં આવતી.

(૩) અને (૪) મજુરોના સમુદાયને સામાન્ય સલાહ આપવાને માટે સભાઓ અને સુબોધપત્રિકાઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. શાહપુર દરવાજાની બહાર સાબરમતીને કાંઠે આવેલા એક બાવળના ઝાડ તળે દરરોજ સાંજે સહુ મજુરો, કેટલાક બબ્બે ત્રણ ત્રણ અને ચચ્ચાર માઇલિ દૂરથી ચાલીને આવી એકઠા થતા, અને મહાત્માજી, બ્હેન અનસૂયા, શંકરલાલ બૅંકર તથા સહાનુભૂતિ ધરાવનાર બીજા ભાઈ બ્હેનો તેમને મળતાં.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



આ બાવળના ઝાડ તળે જે અદ્‌ભુત ઐતિહાસિક દૃશ્યો પ્રગટ થયાં છે, તેની તે વેળા હાજર રહેનાર સિવાય બીજાને બહુ થોડી જાણ છે. મહાત્માજીએ બનતાં સુધી 'મૂંગા' કાર્યને જ પ્રાધાન્ય આપવાનો મહામંત્ર લીધેલો છે, અને તેમનાથી બની શક્યું ત્યાં સુધી પોતાની પ્રવૃત્તિઓ વિષે વર્તમાનપત્રોમાં ખોટાખરા હેવાલો આવતા અટકાવવાની તેમણે કાળજી રાખી છે. આ જ કારણથી ચંપારણ્યમાં 'તપાસ'ની મુખ્ય હકીકત સિવાય ત્યાંના આંતર જીવનમાં પરિવર્તન કરવા માટે મહાત્માજીએ શા શા ઉપાયો લીધા છે અને કેટલું પરિવર્તન થયું છે તેની વર્તમાનપત્રો માત્રથી ઇતિહાસ જાણનાર જગતને તો ખબર પડી જ નથી. મીલમજુરોની લડત દરમ્યાન તો મહાત્માજીનાં જે ભાષણો થતાં તેની માહીતી વર્તમાનપત્રોને ખસુસ કરીને પૂરી પાડવામાં આવતી ન હતી. આ કારણથી એ ભાષણોમાંના કેટલાક સ્મરણીય ઉદ્‌ગારો અને મજુરોને વહેંચવામાં આવતી સુબોધપત્રિકા ઉપર થતાં વિવેચનોનો કાંઈક ભાગ અહીં આપવો જરૂરનો લાગે છે. અહીં કહી દેવું જરૂરનું છે કે આ પત્રિકાઓ અનસૂયા બ્હેનની સહીથી પ્રસિદ્ધ થતી, પણ તે મહાત્માજી જ લખતા હતા. પત્રિકાઓ અક્ષરશઃ આ લખાણને અંતે છાપવામાં આવી છે. ભાષણોનો સારાંશ આ ઇતિહાસમાં જ આવી જશે.

પહેલા દિવસોમાં તો મજુરોના મન ઉપર તેમની પ્રતિજ્ઞાનું મહત્ત્વ ઠસાવવા માટેનાં જ વ્યાખ્યાન થતાં. મજૂરોની પ્રતિજ્ઞા આ પ્રમાણે હતીઃ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



૧. જુલાઈના પગાર ઉપર ૩૫ ટકાનો વધારો ન મળે ત્યાં સુધી કામે ન ચઢવું.

૨. 'લૉક આઉટ' ચાલે છે તે દરમ્યાન કોઈપણ પ્રકારનું તોફાન નહિ કરવું, મારામારી નહિ કરવી, લૂંટફાટ નહિ કરવી, માલિકોની મિલ્કતને નુકસાન નહિ કરવું, ગાળાગાળી નહિ સંભળાવવી અને શાન્તિથી રહેવું.

આ પ્રતિજ્ઞા પરમેશ્વરને સાક્ષી રાખીને સૌને લેવાનું કહેવામાં આવતું, અને આખી સભામાં એક પણ જણ એવો ન હતો કે જે સભાના એક અવાજમાં પોતાનો અવાજ નહિ ભેળવતો. કામ પર ન ચઢવાની પ્રતિજ્ઞાથી સંભવનારા દુઃખ સંબંધે ઈસારો કરીને મહાત્માજી બોલ્યા હતા:

" આજે લૉક આઉટનો પાંચમો દિવસ છે. તમારામાંના કોઈક ધારતા હશે કે આઠ દિવસ પંદર દિવસ આ દુઃખ સહન કરી લઈશું, એટલે બધું ઠીક થઈ જશે. હું તમને ફરીથી કહું છું કે આપણે ભલે આશા રાખીએ કે થોડા દિવસમાં આ કામ પૂરૂં થઈ જશે, પણ તેમ આશા રાખતા છતાં એવો મક્કમ વિચાર રાખશું કે આપણી આશા પાર ન પડે તો મરશું ત્યાં સુધી કામ પર જોડાશું નહિ. મજુરો પાસે પૈસા નથી પણ પૈસાના કરતાં વધારે સારૂં ધન, એના હાથ, હિંમત અને ખુદાનો ડર છે. કોઈ વખત એવો આવશે કે તમે ભૂખે મરો તો ભરોસો રાખજો કે તમને ખવડાવીને અમે ખાઈશું, તમને ભૂખ્યા મરી જવા નહિ દઈએ."

કેટલાક મજુરોએ ૩૫ ટકા બહુ ઓછા છે એમ કહ્યું તેમને ઉદ્દેશીને મહાત્માજી બોલ્યા હતા :

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



“ કેટલાક ભાઇઓ કહે છે કે આપણે ૩૫ ટકાથી વધારે માગી શકીયે છીયે. હું તો કહું છું કે તમે ૧૦૦ ટકા પણ માગી શકો છો. પણ તમે તેટલું માગવા જાઓ તો તે અન્યાય જ કહેવાય. હાલના સંજોગોમાં તમે જેટલું માગ્યું તેથી જ તમે સંતોષ માનો. તમે આથી વધુ ઇચ્છશો તો મને દર્દ થશે. કોઇ પણ જણની પાસે આપણે ગેરવાજબી માગણી નથી કરી શકતા; અને ૩૫ ટકાની માગણી જ વાજબી છે એમ મને લાગ્યું છે. ”

બીજે દિવસે એ જ સંબંધે તેઓ નીચે પ્રમાણે બોલ્યા હતા:

“ તમને સારી સલાહ અને હિંમત આપનારા થોડા મળશે; નાહિંમત કરનારા ઘણા મળશે, અને તેમાં તમારા મિત્રો પણ આવી જાય. ખુદાનું નામ લઇને જેટલું મળે તેટલું લઈ લેવું એવું કહેનારા ઘણા મળશે. આમાં મીઠાશ બહુ છે, પણ ખરી રીતે તે બહુ કડવી સલાહ છે. આપણે ખુદા સિવાય બીજા કોઈની પાસે લાચારી ભોગવવાની નથી. પૈસા ન હોય તોપણ લાચારી ભોગવવાની નથી. કારણ હાથ અને પગ આપણી સૌની પાસે છે. એ વાપરશું તો જ આપણે આપણું પોતાનું રાજ્ય ભોગવી શકવાના છીએ. આપણા માલિકોની સાથે સારી રીતે રહી શકીએ તે ખાતર પણ આપણે દૃઢ રહેવાની જરૂર છે. જે સંજોગોમાં આપણે મુકાયલા છીએ તે સંજોગોમાં આપણે માલિકોને કહેવું જોઇએ કે તમારૂં આટલું દબાણ અમે ખમી શકવાના નથી. મારી સલાહ લો કે બીજાની લો, તોપણ આ બાબતમાં મારી મદદ વિના કે બીજા કોઇની મદદ વિનાયે તમે જીતી શકશો. હું અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

5/10/2021



બીજા એક લાખ જણા આવશું તોપણ તમને જીત નથી મળવાની. તમારી જીતનો આધાર તમારી ઉપર રહે છે, તમારી ઇમાનદારી ઉપર રહે છે, તમારા ખુદા ઉપરના ભરોસા ઉપર રહે છે, તમારી હિંમત ઉપર રહે છે. અમે તો માત્ર તમારા ટેકારૂપ છીએ, ઉભા તમારે જ રહેવું પડશે. વગર લખાણે, વગર બોલે જે કસમ ખાધા છે તેને તમે વળગી રહેશો, અને જીત તમારી જ છે. ”

છઠ્ઠા દિવસની પત્રિકામાં તેઓને સત્ય, હિંમત, ન્યાય-બુદ્ધિ, વફાદારી, સહનશીલતા અને ઇશ્વરશ્રદ્ધા—આટલા ગુણો પ્રતિજ્ઞા પાલનને અર્થે કેળવવાની જરૂર છે એમ બતાવ્યું છે. એ પત્રિકાનું વિવેચન કરતાં એઓ બોલ્યા હતા:

“ આપણે પહેલાંથી હારીને બેસી ગયા હોત તો મારે તમારી પાસે આવવાનું ન હતું, અનસૂયા બ્હેનને તમારે ત્યાં આવવાપણું ન હતું; પણ તમે તો લડત માંડવાનો નિશ્ચય કર્યો. આ વાત આખા હિંદુસ્તાનમાં ફેલાઇ છે. વખત થતાં દુનીયા જાણશે કે અમદાવાદના મજુરોએ તો ખુદાને દરમ્યાન રાખીને એવા કસમ લીધા છે કે અમુક વસ્તુ ન મળે ત્યાં સુધી અમે નોકરી ઉપર ન ચઢીએ. તમારાં બાળકો ભવિષ્યમાં આ ઝાડ જોઇ કહેશે કે આ ઝાડની નીચે અમારાં માબાપોએ ખુદાને દરમ્યાન રાખીને આકરા કસમ લીધા હતા. તમે જો એ કસમ ન પાળો તો તમારાં બાળકો તમારે માટે શું ધારશે ? તમારા ઉપર તમારાં બચ્ચાંની આશા રહેલી છે. હું તમને ચેતવણી આપું છું કે ખબરદાર, કોઇ પણ મજુરે, કોઇ પણ જણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

સમજાવીને એ કસમ છોડવાનું કહે તોપણ એ કસમ ન છોડવા; મક્કમપણે તમે કસમને વળગી રહેજો. તમને ભૂખે મરી જવું પડશે, તોપણ તમે કહેજો કે ખુદાને દરમ્યાન રાખીને અમે કસમ લીધા છે તે ગાંધીને ખાતર નથી લીધા, પણ ખુદાને ખાતર લીધા છે. તમે યકીન રાખીને કસમ પાળજો, લડત લડજો. હિંદુસ્તાન એમ જોશે કે મજુરો જમીનદોસ્ત થવાને તૈયારી ઉપર હતા, પણ કસમ મૂક્યા નહિ. તમે એ પત્રિકાઓ ગોખી રાખજો, અને તે કસમ સમજણપૂર્વક પાળજો. એમ ને એમ ગોખી રાખ્યામાં કાંઇ માલ નથી. કુરાને શરીફ અને ગીતા ઘણાને પોપટીયા-રીતે મોઢે હોય છે, ગીતા અને તુલસીદાસ પણ મોઢે હોય છે, પણ મોઢે કરવું બસ નથી. મોઢે કરીને તે પ્રમાણે વર્તશો તો ખાતરી રાખજો કે પાંત્રીસ ટકાના પોણી પાંત્રીસ ટકા આપનાર કોઇ નથી.”

સાતમા દિવસની પત્રિકામાં મજુરોએ પોતાનો નવરાશનો વખત શી રીતે ગાળવો તેની ઉપર કેટલાક સામાન્ય પણ સચોટ ઉદ્દગારો છે. લડત વધુ લંબાશે, અને કેટલાકને ભૂખમરો વેઠવાનો પણ કદાચ વખત આવશે, તો તે વખતે તેમની પાસે તેમણે કદિ ન કરેલી એવી મજુરી પણ કરાવવી પડશે; તે કરવાને માટે તેઓમાં કોઇપણ પ્રકારના ધંધા માટે માન પેદા થવું જોઇએ એ વિચારથી એ ઉદ્દગારો નીકળેલા છે: “ જે ધંધાની માણસમાં જીવનને સારૂ જરૂર છે, તે ધંધામાં નીચઉચ્ચપણાનો તફાવત હોય જ નહિ. તેમ જ આપણે જાણતા હોઇએ તે સિવાય બીજો ધંધો કરવામાં શરમ પણ ન હોય. અમે તો માનીએ છીએ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કે કપડાં વણવાં અને પથ્થર ફોડવા અથવા લાકડાં વ્હેરવાં કે ફાડવાં, કે ખેતરમાં મજુરી કરવી એ બધા જરૂરના અને માન આપવા લાયક ધંધા છે.” પત્રિકામાંના આ જ ઉદ્‌ગારો ઉપર વિવેચન કરતાં એક એટલો જ સત્ય અને સચોટ ઉદ્‌ગાર મહાત્માજીએ કાઢેલો તે અહીં નોંધવા યોગ્ય છે: “પત્થર ફોડવામાં જે ગરમી અને તાકાત આવે છે તે કલમ પકડવામાં નથી આવી શકતી.”

મજુરોને સામાન્ય વર્તન બાબતની આટલી સૂચનાઓ આપ્યા પછી તેઓની પોતાના સલાહકારોમાં શ્રદ્ધા અચલ રહે તે માટે ૮મા દિવસની પત્રિકા ઘડવામાં આવી છે. આ પત્રિકામાં અમુક શરતે સલાહકારો, મજુરો માટે શું શું કરવાને બંધાયેલા છે તે બાબત વચનો છે. એ ‘પ્રતિજ્ઞા લેખ’ મજુરોને અર્પણ કર્યા પહેલાં મહાત્માજી બોલ્યા હતા: “અત્યાર સુધી અમે મજુરોની પ્રતિજ્ઞા અને મજુરોએ શું કર્યું તે ઉપર વિવેચન કર્યું. અમારી શી પ્રતિજ્ઞા છે, અને અમે શું કરવાના છીએ તે હવે અમારે તમને લખી આપવાનું રહે છે. અમારી પાસેથી તમારે શી આશા રાખવાની છે, ઇશ્વરને દરમિયાન રાખીને શી શી વાત કરીએ છીએ તે અમે તમને કહીશું. જ્યારે જ્યારે અમને ભૂલો કરતા તમે જોશો અથવા પ્રતિજ્ઞા પાળવામાં કચાશ રાખતા જોશો ત્યારે ત્યારે તમે અમારાં વચનો અમારી સમક્ષ મુકી શકશો અને અમને ઠપકો આપી શકશો.” આ પત્રિકામાં આપણું ખાસ લક્ષ ખેંચતા ઉદ્‌ગારો આ છે. “અમે માલિકનું ભૂરૂં કરી કે ઇચ્છી ન શકીએ અને અમારા દરેક કાર્યમાં તેઓના હિતનો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

વિચાર રહે જ છે. માલિકોનું હિત જાળવીને અમે મજુરોનું હિત સાધીએ. ” આ લડત માલિકોને કનડગત કરવાની નથી, પણ પોતાનું હિત સાધતાં તેમનું પણ હિત સાધવાની છે, એ આવા જે જે પ્રસંગ મળ્યા છે તે તે પ્રસંગોએ મજુરોને ઠસાવવાની મહાત્માજીએ તક લીધી છે. આ પ્રતિજ્ઞા લેખમાં રહેલી પ્રત્યેક પ્રતિજ્ઞા અક્ષરશઃ પળાઇ હતી એ આપણે આગળ જોઈશું, અને ત્યારે આપણને જણાશે કે તેમાંની નીચેની પ્રતિજ્ઞા તો ઇતિહાસમાં કદિ ભૂલાવાની નથીઃ “ આ લડતમાં જેઓ ભૂખે મરવાની સ્થિતિમાં આવી જશે ને જેઓને કાંઇ કામ મળી નહિ શકે તેવાઓને ઓઢાડવા પછી અમે ઓઢીશું, તેઓને ખવડાવીને અમે ખાઈશું. ”

આ પછી પત્રિકાઓનું સ્વરૂપ બદલાય છે. અત્યાર સુધી એમ લાગતું હતું કે મીલમાલિકો થોડા દિવસ મજુરોની કસોટી કાઢીને તેમને માગ્યા ભાવે નોકરી ઉપર લઈ લેશે, એટલે મજુરો જે બીજી મજુરી માગવા આવતા હતા તેમને પણ ખામોશ પકડવાની સૂચના કરવામાં આવતી હતી, સમજાવવામાં આવતું હતું. આવી રીતની અધીરાઇથી એમ મનાશે કે મજુરો મીલમાલિકોની નોકરી કદિ પણ સ્વીકારવા માગતા જ નથી, અને તેથી માલિકોનો તેમણે દ્વેષ કર્યો કહેવાશે. મજુરો પણ બિચારા ખામોશ પકડીને બેઠા હતા, અને શાન્તિ રાખવાની સૂચના શબ્દેશબ્દ પાળતા હતા. એવે સમયે એવું જણાવા લાગ્યું કે મીલમાલિકો પોતાની ૩૫ ટકા આપવાની અશક્તિને લીધે નહિ, પણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કેવળ હઠને લઇને મજુરોની માગણી નથી સ્વીકારતા. મજુરો આ વખતે ફાવશે તો હમેશને માટે તેઓ ત્રાસ આપતા થઇ જશે, અને તેમના સલાહકારોનું સાલ હમેશને માટે પેસશે. આ વિચારને લઇને તેઓએ આ હઠ ધરી હતી. આ હઠમાં રહેલા ભય અથવા ભ્રમનું નિરસન નવમા દિવસની પ્રતિજ્ઞામાં બહુ સુંદર રીતે કરવામાં આવ્યું છે. " માલિકોને ડર છે કે મજુરોને માગ્યું આપવાથી મજુરો ઉદ્ધત બને. આ ડર પાયા વિનાનો છે. મજુરો કદાચ આજે દબાય તોપણ પોતાનો લાગ શોધી ઉદ્ધત બને એ અસંભવિત નથી. દબાયલા મજુરો વેરભાવ રાખે એવો પણ સંભવ છે. દુનીયાની તવારીખ બતાવે છે કે મજુરો જ્યાં જ્યાં દબાયા છે ત્યાં ત્યાં તેઓ સામે થયા છે. માલિકો એમ માને છે કે મજુરોની માગણી સ્વીકાર્યાથી તેઓના સલાહકારની અસર તેઓના ઉપર વધશે. જો સલાહકારોની દલીલ સાચી હશે, તેઓ મહેનતુ હશે, તો મજુરો હારે કે જીતે છતાં સલાહકારોને તેઓ છોડવાના નથી. અને વધારે ધ્યાનમાં રાખવાનું તો એ છે કે સલાહકારો મજુરોનો ત્યાગ કરવાના નથી. **જેઓએ સેવા ધર્મ સ્વીકાર્યો છે તેઓ તે ધર્મ સ્વામીની કતરાજી થતાં પણ છોડવાના નથી. જેમ તે નિરાશ થશે તેમ સેવામાં તે વધારે પરાયણ થશે. એટલે ગમે તે પ્રયાસો કરે તોપણ માલિકો સલાહકારોને મજુરોના સહવાસમાંથી દૂર નહિ કરી શકે.** " સલાહકારો અને મજુરો વચ્ચેના ચિરસ્થાયી સંબંધની આ પ્રમાણે માલિકોને ચેતવણી આપીને મહાત્માજી હવે પછીની પત્રિકામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

માલિકોની સ્થિતિનું વિવેચન કરવાનો પ્રારંભ કરે છે. આ અને આ પછીની કેટલીક પત્રિકાઓ કેવળ મજુરોને માટે જ નહિ પણ મીલમાલિકો માટે પણ પ્રયોજાયેલી છે. તેનો હેતુ મીલમજુરોને જ માત્ર કેળવવાનો નહિ હોઈ, બની શકે તો મીલમાલિકોની પણ બુદ્ધિ ફેરવવાનો છે.

નોકર અને શેઠ વચ્ચેનો સંબંધ એકબીજાના સ્વાર્થ ઉપર બંધાયેલો હોવાને બદલે એક બીજાના સુખ ઉપર બંધાયેલો હોવો જોઇએ—આપલેના ધોરણ ઉપર ન બંધાયેલો હોઈ, પરસ્પરની લાગણી ઉપર બંધાયેલો હોવો જોઇએ, એ વિચારો મહાત્માજીએ ઘણાં વર્ષો ઉપર 'ઇન્ડિયન ઓપિનિયન' માં રસ્કિનના Unto this Last પુસ્તક ઉપરથી લખેલા 'સર્વોદય' નામના લેખમાં પ્રગટ કરેલા. તે જ વિચારો કાળ જતાં વધારે પાકા થયેલા એટલે વધારે સરળ, સીધી અને જોરદાર ભાષામાં આ પત્રિકાઓમાં બતાવવામાં આવ્યા છે. નીચેના શબ્દોમાં રહેલો હૃદયસ્પર્શી અને વિવેકપૂર્ણ આગ્રહ કોને અસર કર્યા વિના રહી શકે? "મજુરોની સામે માલિકોની એકત્રતા એ કીડીઓની સામે હાથીઓનું મંડળ ઉભું કર્યા બરાબર છે. ધર્મનો વિચાર કરતાં માલિકોએ મજુરોની સામે થતાં થરથરવું જોઇએ. મજુરોનો ભૂખમરો એ માલિકોનો લાગ છે, આવો ન્યાય હિંદુસ્તાનમાં પૂર્વે માણસોએ સ્વીકાર્યો હોય એમ જણાતું નથી. અમે તો નિશ્ચયપૂર્વક આશા રાખેલી છે કે આ ગરવી ગુજરાતની રાજધાનીના શ્રાવક અથવા વૈષ્ણવ ધર્મ સ્વીકારનારા માલિકો મજુરોને નમાવવામાં, તેઓને હઠપૂર્વક ઓછું આપવામાં, કદિ પોતાની જીત સમજશે નહિ."

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

આ પછીની પત્રિકામાં એકએકના સ્વાર્થની ઉપર બંધાયેલા રાક્ષસી સંબંધથી કેવાં વિપરીત પરિણામો આવ્યાં છે તે બતાવ્યું છે. એ બતાવતાં દક્ષિણ આફ્રિકાની લડતનો એક મનોરમ પ્રસંગ મહાત્માજીએ મજુરોને કહી બતાવ્યો છે અને તેવે પ્રસંગે તેઓનું વર્તન કેવું હોવું જોઇએ તેની સૂચના કરી દીધી છે. પત્રિકા ઉપર વિવેચન કરતાં બોલ્યા હતા કે જેવી રીતે દક્ષિણ આફ્રિકામાં આપણા મજુરોએ યુરોપીયન કામદારોની હડતાળથી મુસ્કેલીમાં આવેલી આફ્રિકન સરકારની ભીડનો લાભ ન લેતાં, પોતાની લડત બંધ કરી સરકારને મદદ કરીને જગતમાં જશ લીધો હતો તે જ પ્રમાણે મીલમાલિકો ઉપર કાંઈ અચિંતી આફત આવી પડે તો તેનો લાભ લઇ તેમની કનડગત ન કરતાં તેમની મદદે આપણે ધાવું જોઇએ.

અત્યાર સુધીના ઉપદેશની મીલમજુરો ઉપર શી અસર થઈ હતી તે જરા તપાસી જઈએ. જ્યારે હડતાળ પડી ત્યારે અમદાવાદ શહેરમાં સ્થળે સ્થળે ત્રાસ વર્તી રહ્યો હતો. સૌના મનમાં હંમેશ ડર રહેતો કે ખીજાયલા મજુરો રસ્તામાં તોફાન કરશે, ચોરી કરશે, મારફાડ કરશે, હુલ્લડ હુમલા કરશે. પણ આ દશ દિવસમાં તેઓએ આમાંનું કશું ન જોયું; એટલે પ્રજા પણ વિસ્મિત થઈ. જીલ્લાના કલેકટર જેમને એ અરસામાં મહાત્માજી મળ્યા હતા તેમણે પણ મજુરોના વર્તન વિષે સાનંદાશ્ચર્ય જાહેર કરીને કહેલું કે આવી રીતની સલાહશાંતિથી લડાતી લડત મેં બીજે ક્યાંય જોઈ નથી એટલું જ નહિ, પણ તે વિષે સાંભળ્યું પણ નથી. દરરોજ સાંજના શાહપુર દરવાજા બ્હાર ચાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

સાડા ચાર વાગ્યાથી બાવળના ઝાડ નીચે મજુરોની મેદની થતી હતી. લાંબે છેટેથી આવતાં તેઓને કંટાળો ન હતો. દરરોજ પ્રસિદ્ધ થતી પત્રિકા તેઓ ઉત્સાહથી વાંચતા અને પોતાના ન ભણેલા ભાઈઓને વાંચી સંભળાવતા. મહાત્માજી, અનસૂયા બ્હેન, ભાઈ બૅંકર વગેરે તેમના સલાહકારો દર સાંજે આવતા તેમને વધાવી લેતા; હજારોના ટોળામાંથી શાંતિપૂર્વક માર્ગ આપતા; મહાત્માજીના ભાષણ અને પત્રિકા–વાચન વખતે અપૂર્વ શાંતિ જાળવતા અને ભાષણને અંતે પોતાનો નિશ્ચય એવી તો મનોહર રીતે દરરોજ પ્રગટ કરતા કે રોજ રોજ આ મેળાવડાઓ જોવા આવતાં બ્હારનાં માણસોની સંખ્યા વધતી ગઈ. એ મેળાવડા જે નાનાં મોટાંએ જોયા છે તેઓની સ્મૃતિમાંથી તે કદિ ખસનાર નથી. મોટે ભાગે અભણ મજુરવર્ગમાંથી ચાલી રહેતો પ્રસંગોચિત છતાં રોજ રોજ નવી નવી ગઝલો અને દુહાઓનો પ્રવાહ માણસને આશ્ચર્યમાં લીન કરે એવો હતો. એમાંના ઘણાક, પ્રસંગને ઉદ્દેશીને બનાવેલાં ‘ જોડકણાં ’ હતાં એમ કોઇ કહેશે; પણ એ જોડકણાંમાં રહેલો ભાવ, આગ્રહ અને નિશ્ચય તથા કૃતજ્ઞતા વિષે તો બે મત થઈ શકે એમ નથી. આ ‘જોડકણાં ’ માંનું એક આ લેખને મથાળે જ આપ્યું છે. મુસલમાન મજુરોના કેટલાકના લાગણીભર્યા ઉદ્‌ગારોની કાંઈ ઓછી અસર થઈ નહિ હોય: “ ઐસા સંપ આયંદા ન કદિ હોગા, ન કદિ હુઆ થા. મહાત્મા ગાંધી ઐસે ઝાડ હૈ, જીનકી શાખેં સારે હિંદુસ્તાન મેં ફૈલી હુઇ હૈ. અપની પાબન્દી, અપની ઇજ્જત, અપની આનબાન પર કાયમ રહીએ. જહાં તક મુમકીન હો ઇત્તિફાક કભી તોડીએ મત;

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

તોડનેકા ખ્યાલ ભી મત લાઇએ. અપના ખેરખ્વાહ બને હૈ ઉનકી દામન કભી છોડના મત. અપને સરતાજ જો અપની હમદર્દી મેં શામિલ હૈ ઉનકે નામકો ધબ્બા ન લગના ચાહીએ. અપને સરતાજકી બગર કામ પર જાના નહિ. જો વે ફર્માવેં કિ મુફત કામ પર જાના તો મુફત જાના. અપની તો કયા ઇજ્જત ગઇ, અપને સરતાજ જિનોને અપની હમદર્દી પર કમ્મર-બન્ધી બાંધી હૈ ઉનકો માનના." દિવસો જતાં મજુરોના કેટલાક ઉદ્દગારો તો પ્રચલિત થઇ ગયા, અને "અરે ડરો મત ગેબી મદદગાર હૈ યહાં," "અગર મરે ભૂખે તો મરહી જાના જાનસે; લાઝિમ હૈ ન બદલે અપને ઇમાન સે" એવાં એવાં વચનો તો હજી લોકો નથી ભૂલ્યા. મજુરોના ઉદ્દગાર માત્ર એમ બતાવી આપતા હતા કે રસ્કિન જેને Roots of honour કહે છે, અને જેને 'સર્વોદય'માં મહાત્મા ગાંધીજીએ 'સાચનાં મૂળ' કહ્યાં છે, તે સાચનાં મૂળ, આ ગરીબ વર્ગમાં બીજા વર્ગના કરતાં બહુ ઉંડાં છે.

અહીં પ્રસંગોપાત કહી લેવું જોઇએ કે આવી શાંત, રસભરી રીતે કામ ચાલી રહેલું હતું તેમાં પણ જાણે અજાણે સામા પક્ષને જરાએ માઠું ન લાગે એવું કાંઇ પણ ન બોલવામાં આવે કે કરવામાં આવે તેની મહાત્માજી બહુ કાળજી રાખતા. એક વાર એક શિઘ્ર કવિ મજુરે બહુ ઉત્સાહમાં આવી જઇ પોતાના દુહામાં મીલોના સંચાઓની હાંસી કરી, મીલમાલિકોની ખૂબ મજાક-કંઇક તિરસ્કારયુક્ત મજાક-કરી હતી, તેને મહાત્માજીએ આ પ્રનાણે કહ્યું હતું:

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

“ સંચાઓને તમે ‘ ખાલી ખોખાં ’ કહીને હાંસી કરો છો તે વાજબી નથી. એ સ્થૂલ સંચાએ તમારૂં કાંઈ બગાડયું નથી. એમાંથી જ તમને એક વાર રોજી મળતી હતી. આપણા કવિઓને હું કહીશ કે આપણે કડવા ઉદ્‌ગાર નથી કાઢવાના; આપણે શેઠીયાઓ ઉપર કોઇ આક્ષેપો નથી કરવાના. શેઠીયાઓ આપણા વડે મોટરમાં મ્હાલે છે તે કહેવાથી કાંઈ વળતું નથી. એ કહેવામાં આપણી કિંમત ચાલી જાય છે. હું તો કહું છું કે બાદશાહ જ્યૉર્જ પણ આપણે પ્રતાપે રાજ્ય ચલાવે છે. પણ તેમ કહેવામાં આપણી કિંમત રહેતી નથી. અમુક માણસ નઠારા છે એમ કહેવાથી આપણે સારા નથી ઠરવાના. જે માણસ બુરૂં કરે છે તેનો જોનાર ઉપર બેઠેલો છે. તે તેને સજા આપે છે; આપણે કોણ ન્યાય આપનારા ? આપણે તો એટલું જ કહીએ કે તેઓ ૩૫ ટકા નથી આપતા એ જ તેમની ભૂલ છે. ”

એક દિશામાં જ્યારે આ પ્રવાહ ચાલી રહ્યો હતો ત્યારે બીજી દિશામાંથી એ પ્રવાહને રોકવા માટે પણ તૈયારીઓ કમી નહોતી થતી. બહુ વિગતમાં ઉતર્યા વિના એટલું જ કહીશું કે મજુરોને બગાવવાની, ફોસલાવવાની, અનેક તજવીજો માલિકોના પક્ષ તરફથી થતી હતી. મજુરોમાં જે લોકોની ઉપર આ દબાણની તાત્કાલિક અસર થતી તેઓ પણ પોતાના મનનો ગુંચવારો દૂર કરવા આવ્યા વિના તો અવિચાર્યું પગલું ન ભરતા. આ લોકોને વધારે અડગ બનાવવા માટે બારમા દિવસની પત્રિકામાં સત્યાગ્રહીઓના કેટલાક આધુનિક દાખલાઓ મહાત્માજીએ વર્ણવ્યા છે. દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની લડત કદિ ન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



વાંચવા જનારા મીલમજુરોને આમ અનાયાસે ત્યાંના વીરોનું પિછાન કરાવી દેવામાં આવ્યું. એ વીરોનાં પરાક્રમનું એવી તો અસરકારક રીતે બયાન આપવામાં આવતું હતું કે વિચારવંત સાંભળનાર તેમનાં દૃષ્ટાંન્ત કદિ નહિ ભૂલે. હરબતસિંગ, કાછલીયા, અને વાલીયામા વિષે પત્રિકામાં લખ્યું છે તે ઉપરાંત વિવેચન કરતાં તેઓ બોલ્યા હતાઃ “ આ ત્રણે જ્યારે જેલની અંદર ગયાં અને સરકારની સામે ઝઝૂમ્યાં ત્યારે તેમને પગાર લેવાનો ન હતો. આ ભાઇ બ્હેનોને કર નહોતો આપવાનો. કાછલીયા તો મોટા વેપારી હતા. તેમને કર નહોતો આપવો પડતો. હરબતસિંહ કર આપવાના કાયદા પહેલાં આવ્યા હતા એટલે તેમને પણ કર નહોતો આપવાનો. વાલીયામા જે જગાએ રહેતી હતી ત્યાં એ કરનો કાયદો લાગુ પડયો નહોતો. છતાં ટેકની ખાતર એ લોકો સૌની સાથે ઝઝૂમ્યાં. તમારી તો સ્વાર્થની લડાઇ છે. એટલે તમારે તો ટકી રહેવું વધારે સ્હેલું છે. આ વિચાર તમને બળ આપો અને દૃઢ બનાવો.” તેરમા દિવસની પત્રિકામાં આ વીરોને જે આફત પડી હતી તેનું વધારે હૃદયવેધક વર્ણન આપ્યું હતુંઃ “ ૨૦૦૦૦ મજુરો લગભગ ત્રણ માસ સુધી ઘરબાર વિના અને પગાર વિના રહેલા. ઘણાએ પોતાનો થોડોઘણો માલ હતો તે પણ વેચી નાંખેલો. પોતાનાં ઝૂંપડાં તજ્યાં, પોતાનાં ખાટલા, ગોદડાં, જાનવરો વેચી નાંખ્યાં, અને કુચ કરવા નીકળી પડયા. તેમાંના સેંકડોએ કેટલાક દિવસ સુધી વીસ વીસ માઇલની મજલ કીધી અને માત્ર પોણો શેર આટાની રોટલી અને અઢી રૂપીઆભાર ચીની ઉપર પોતાના દિવસો ગુજાર્યા. આમાં હિંદુ પણ હતા,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



મુસલમાન પણ હતા. × × × એ જ લડાઈની અંદર જે સ્ત્રીઓએ કોઇ દિવસ મજુરી નહિ કરી હતી તે સ્ત્રીઓ ફેરી ફરવાને નીકળી હતી અને જેલની અંદર ધોબણનું કામ કર્યું હતું. આ દાખલાઓનો વિચાર કરતાં એવો કયો મજુર આપણામાં હશે કે જે પોતાના ટેકને જાળવવા ખાતર સાધારણ અગવડ સહન કરવાને તૈયાર ન હોય?" આવી રીતે સાદી સરળ ભાષામાં દક્ષિણ આફ્રિકાનો ઇતિહાસ મજુરોની સમક્ષ ઉકલતો હતો, અને આડકતરી રીતે પત્રિકા વાંચનાર સામાન્ય વર્ગની પણ જ્ઞાનસમૃદ્ધિમાં વૃદ્ધિ થતી હતી.

મજુરોમાં પણ હાડમારી વધતી જતી હતી. ઘણાકો હવે મજુરી મેળવવા માટે તત્પર થવા લાગ્યા હતા. મજુરોની હાડમારી જોઇને ઘણીવાર કેટલાક મિત્રોને એમ થઈ આવતું કે મજુરોને જોઇએ તેટલી આર્થિક સહાય આપવી. બહાર ગામથી પણ અનેક મિત્રોના મજુરો માટે ફંડ ઉભું કરવા માટેના પત્રો આવતા હતા. કેટલાકોએ તો પૈસા મોકલવાની માગણી પણ કરી હતી. પણ આ સૌ મહાત્માજીએ ન લેખ્યું. કારણ સ્પષ્ટ હતું. વારંવાર આ સૌ હિતૈષીઓને મહાત્માજી કહેતા કે 'મજુરોને તમે પૈસા આપીને સત્યાગ્રહ કરાવશો, અથવા તમે પૈસા આપીને તેમને ટકાવી રાખશો એવી આશાથી જ મજુરો આ લડતમાં પડ્યા હશે તો તેમાં સત્યાગ્રહનો અર્થ શો? સત્યાગ્રહનું મહત્ત્વ શું? સત્યાગ્રહનું રહસ્ય જ દુઃખ પડે તે રાજીખુશીથી ખમી લેવામાં રહેલું છે. સત્યાગ્રહી જેટલું દુઃખ વધારે ખમે તેટલી તેની વધારે કસોટી થાય છે' મજુરોને રોજ રોજ સભાઓમાં અને બહાર એમ સમજાવવામાં

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



આવતું હતું કે 'તમે પરસેવો પાડીને પૈસા રળ્યા છો તે કદિ કોઇની પાસે મફત પૈસો લેવા હાથ લાંબો ન કરશો. એમાં તમારી ઇજ્જત નથી; તમે પારકા પૈસાના જોરે લડયા એમ કહીને જગત્ તમારી હાંસી કરશે.' મજુરો પણ સમજતા હતા, પણ ઘણાકોને તો ખાવાનાં પણ સાંસાં હતાં એટલે તેમને પૈસાની મદદ વિના છુટકો ન હતો. આવાઓને માટે કાંઇ કાંઇ કામ શોધવામાં આવ્યાં. સાબરમતી કાંઠે મહાત્માજીનો આશ્રમ બંધાતો હતો. ત્યાં ઇંટો ઉપાડવાનું, રેતી વ્હેવાનું વગેરે કામ જે મજુરો ત્યાં જતા તેમને બતાવવામાં આવતું. પ્રથમ તો મજુરો જરા સંકોચાતા, મજુરી કરવામાં નાનમ સમજતા, પણ પછી પોતે રળીને જ રોટી મેળવવામાં ઇજ્જત સમજી કામ કરવા લાગ્યા.

આ તરફથી શહેરમાં પણ કાંઇક ખળભળાટ ઉત્પન્ન થયો હતો. ઘણાકને થતું હતું કે 'આ લડતનું શું પરિણામ આવે ? હઠ તો કોઇ છોડતા નથી.' આથી ઘણાક ગૃહસ્થો અનેક પ્રકારની 'વિષ્ટિ'ઓ લઇને આવતા. કોઇ કહેતું, હાલ વીસ ટકા લઈ લો, પછીથી તુરત ૧૫ ટકા વધારવામાં આવશે; કોઇ કહેતું, ૨૦ ટકા પગારમાં બોનસ તરીકે અને ૧૫ ટકા મોંઘવારીના દાણા કે અનાજના આકારમાં મજુરોએ લેવા જોઇએ; કોઈ કહેતું મજુરોને વળી પ્રતિજ્ઞા શી ? મજુરો તો તમે સલાહ આપો તો પ્રતિજ્ઞા મુકી દઈ ૨૦ ટકા લઇ લે; માલિકો હઠ ન મુકે તો મજુરોએ હઠ મુકવી જોઈએ, કારણ આમાં તો અંતે આખા ઉદ્યોગને નુકસાન છે.' આવી આવી અનેક સૂચનાઓ આવતી હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

રા. જીવણલાલ બૅરીસ્ટર એવી જ એક સૂચના લઇને આવેલા. તેમને મહાત્માજીએ બીજે દિવસે નીચે પ્રમાણે પત્ર લખ્યો હતો:

સુજ્ઞ ભાઇશ્રી,

'મને કેમ સમજાવવો પડે છે? મારાથી બને તો હું આપ માગો છો તેમ ન કરૂં એવી શંકા પણ કેમ લાવો છો? મને હઠ હોય જ નહિ. જગત્ ભૂલ ખાય, આપનાથી ખવાય નહિ. હું કરુણાથી ઉભરાઇ રહ્યો છું. આ લૉક આઉટ મને વિનોદ રૂપે નથી. મારાથી બને તેટલું કર્યા કરૂં છું. વહેલામાં વહેલો અંત આવે એવી વૃત્તિ મારી બધી પ્રવૃત્તિમાં, મારાં બધાં કાર્યમાં હોય છે. પણ મિત્રો લંબાવે છે. મને સમજાવવું નિરર્થક સમજી શેઠોને સમજાવો તો? શેઠોને પડવાપણું નથી. મજુરોના પડવામાં કોણ સારૂં સમજી લે? શિક્ષિત વર્ગ અને ધનિક વર્ગ વચ્ચે અંતે ખટાશ નહિ રહે એ ખચિત માનજો. આપણે તકરાર કરવી જ નથી.'

એજ દિવસે મીલમાલિકોના 'ગ્રૂપ'માં ન જોડાનાર અને આખી લડત દરમ્યાન મજુરોને અગાઉના બોનસ આપી પોતાની મીલ ચાલુ રાખનાર શેઠ મંગળદાસ ગિરધરદાસ ઉપર નીચે પ્રમાણે પત્ર લખ્યો હતો:

'મારી પાસે ઘણા મિત્રો આવે છે ને મને સમજાવે છે કે મારે કોઇપણ રીતે મજુરો અને માલિકોની તકરારનો અંત આણવો જોઇએ. મારા દેહને ભોગે હું અંત લાવી શકતો હોઉં તો લાવું. પણ તેમ અંત આવે તેવું નથી. અંત

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

લાવવો શેઠીયાઓના હાથમાં છે. મજુરો માગે છે તેટલા સારૂ ૩૫ ટકા ન આપવા એવી શી હઠ? મજુરોને હું બધું સમજાવી શકું જ એમ શા સારૂ મનાય છે? હું કહું છું, કે જે ઉપાયો મેં લીધા છે તે ઉપાયથી જ મજુરો હાથમાં રહી શકયા છે. હવે હું તેઓની પ્રતિજ્ઞા તોડવાના ઉપાયો રચું? રચું તો મારૂં ડોકું ધડથી તેઓ નોખું કાં ન કરે? મારો ઘણોએ વાંક શેઠીયાઓ કાઢે છે, એમ હું સાંભળું છું. હું નિશ્ચિંત છું. મારો વાંક ન હતો એમ કોઇ દહાડો શેઠીયા જ પાછા કબૂલ કરશે. તેઓની સાથે મને ખટાશ થનાર નથી, કેમકે હું ખટાશમાં ભાગ લેનાર નથી. ખટાશને પણ મેળવણી તો જોઇએ જ. મારી પાસેથી મેળવણી નહિ મળે. પણ આપ કેમ ભાગ લેતા નથી? આપનાથી આવી જંગી લડત જોયા કરાય જ નહિ.'

પણ આ મસલતોનું પરિણામ કાંઇ ન આવ્યું. મહાત્મા ગાંધીજીની પત્રિકા નીકળતી હતી તેની સામે માત્ર પત્રિકા લખવાની જ ખાતર મીલગ્રૂપની પત્રિકાઓ પણ નીકળતી હતી. તેમાં આવતી સત્યથી વેગળી હકીકતો અને અઘટિત વાક્યપ્રયોગો વિષે લખી તે પત્રિકાઓને સ્થાયી સ્વરૂપ આપવાની જરૂર નથી. મહાત્મા ગાંધીજીએ પણ તેની અવગણના કરી છે. મજુરોને કામ પર ચઢવાનું સમજાવવાને, પ્રતિજ્ઞા તોડવાને અનેક તરકીબો થતી; તેઓને ભૂખમરાનો મ્હોટો હાઉ બતાવવામાં આવતો; પણ તેઓ પોતાના સલાહકારો પાસે આવીને તે બાબત ફરીયાદ કરતા અને તરત તેમના મનનું સમાધાન થતું. તા. ૧૨મી માર્ચને દિવસે સ્થિતિમાં ફેરફાર થયો. અત્યાર સુધી તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

મીલમાલિકોએ લૉક આઉટ કાયમ રાખેલો હતો એટલે મજુરો કોઈ પણ રીતે કામે ચઢી શકતા ન હતા ૧૨મી તારીખથી લૉક આઉટ રદ થયો, અને ૨૦ ટકા વધારો લઇને આવનારા મજુરો માટે મીલો ખુલ્લી છે એમ કહેવામાં આવ્યું. મહાત્માજીએ તે દિવસથી દર સ્હવારે સભાઓ ભરવાનું ઠેરવ્યું. એટલા જ કારણથી કે સ્હવારનો વખત કામે ચઢવાનો હોઇ નબળા મનના અને અણસમજુ મજુરો ખોટી સલાહથી ભોળવાઈ કામ ઉપર ન ચઢે. લૉક આઉટ બંધ થઇને મીલમજુરોની હડતાળ જે દિવસથી શરૂ થઇ તે દિવસની પત્રિકામાં મજુરોને જેવો બોધ છે તેવી માલિકોને પણ સ્પષ્ટ શબ્દોમાં સૂચના છે: "મજુરોને ચઢવાનો પોતાના વચનને વળગી રહેવા સિવાય બીજો ઇલાજ છે જ નહિ; અને અમારી તો ખાતરી છે કે આજે તો મીલમાલિકોની ઉન્નતિ પણ મજુરોના કસમ પાળવામાં રહેલી છે. **જેઓ પોતાના કસમ નહિ પાળી શકે તેવા માણસો પાસેથી મજુરી લઇને છેવટે તો માલિકો પણ ફાયદો નથી** ઉઠાવવાના. ધાર્મિક વૃત્તિ-વાળો માણસ બીજાની પ્રતિજ્ઞા તોડાવવામાં કદિ રાજી થાય નહિ, કદિ ભાગ લે નહિ." જેમ મજુરોને કામ પર લેવાના સર્વ પ્રયત્નો સામા પક્ષ તરફથી થવા માંડયા તેવા મજુરોના પક્ષોથી મજુરોને ટકાવી રાખવાના પણ પ્રયત્નો થવા માંડયા. મજુરોમાંના કેટલાક અતિ ઉત્સાહીઓ નબળાઓની ઉપર કાંઇક દબાણ ચલાવીને પણ તેમને કામ ઉપર ચઢતાં રોકે છે એવી ફરીયાદ મહાત્માજીને કાને આવી. મહાત્માજી આ તો સાંખી શકે એમ હતું જ નહિ. તેઓ તો કહેતા જ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



આવ્યા હતા કે મજુરોના હૃદયની ઉપર, મજુરોની લાગણી ઉપર અસર કરીને તમે તેને ટકાવી રાખો, તેમના ઉપર જુલમ કરીને નહિ. તુરત અતિશય પ્રમાણિકપણાથી ઉભરાતી પત્રિકા બીજે દિવસે કાઢવામાં આવી. "મજુરોની લડતનો આધાર કેવળ તેઓની માગણીના અને તેઓના કાર્યના ન્યાયની ઉપર રહેલો છે. જો માગણી ગેરવાજબી હોય તો મજુરો જીતી ન શકે. માગણી વાજબી હોય પણ માગેલું મેળવવામાં અન્યાય વાપરે, જૂઠું બોલે, ફિસાદ કરે, બીજાઓને દબાવે, આળસ કરે અને તેથી સંકટ ભોગવે તોપણ તે હારી જાય."

પણ કંઇક આ પત્રિકાથી, તો કંઇક રોજરોજ ઉભા થતા સંજોગોને લીધે અણધાર્યું પરિણામ તૈયાર થતું હતું. આ પત્રિકાની અસર અતિ ઉત્સાહીઓ ઉપર કંઇક વિપરીત થઇ. ઘણાકોને તો મજુરોને અટકાવી રાખવાના પોતાના પ્રયત્નો માટે સાબાશી મળવાની આશા હતી તેમને કંઇક આઘાત પહોંચ્યો. મૂળ અણસમજુ વર્ગ એટલે કેટલાકને આ નિખાલસ સલાહથી માઠું લાગ્યું. તેઓ તો નબળા મજુરોને કહેવા લાગ્યા કે જેને જવું હોય તે જાઓ, માર્ગ ખુલ્લો છે, કોઇએ રોકી નથી રાખ્યા. જેઓ નૈતિક દબાણ વાપરતા હતા તેઓ નૈતિક દબાણ શિથિલ કરવા લાગ્યા. આથી ઘણા મજુરોનાં મન ફેરવાયાં. કોઇ કેમ બોલવા લાગ્યા, કોઈ કેમ બોલવા લાગ્યા. મજુરોની રોજની મુલાકાત લેવાને બ્હેન અનસૂયા, ભાઈ શંકરલાલ બેંકર અને ભાઇ છગનલાલ ગાંધી નિયમિત જતા જ હતા. જે મજુરોને મજુરી કરવાનું મન હતું તેઓ આશ્રમમાં આવીને મજુરી કરી પોતાની મજુરી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



મેળવતા હતા. પણ કેટલાક ખોટા પણ હતા. તેવાઓને મનમાં એમ થયા કરતું કે, ‘ આપણે નકામા તણાઇયે છીયે. પ્રતિજ્ઞાથી કશું વળવાનું નથી. પ્રતિજ્ઞાઓ તો ખોટાં હવાતીયાં છે. ભૂખમરો આવ્યો છે, મજુરી થતી નથી, મફતની સલાહ આપનારને કાંઈ દુઃખ છે ? દુઃખ આપણને છે.’ પેલી તરફ મીલમાલિકો પોતાનાં હૈયાં વજ્ર જેવાં કરવા લાગ્યા હતા. ૩૫ ટકા ન જ આપવા એવી હઠમાં તેઓ વધારે દૃઢ થતા જતા હતા, અને મજુરોનો નિશ્ચય તોડવાને માટે પોતાનાં માણસો રાખ્યાં હતાં. આમ બાવીસ દિવસ વીતી ગયા હતા. ભૂખમરો અને મીલમાલિકોના જાસુસો પોતાનું કામ કર્યે જતાં હતાં, અને શયતાન તેમનાં કાનમાં ગગણતો હતો કે ‘ દુનીયા ઉપર ગરીબનો બેલી ઇશ્વર જેવું કાંઇ નથી અને પ્રતિજ્ઞાઓ તો ન ફાવતાંનાં મનામણાં છે ’ એક દિવસ ભાઈ છગનલાલ, જુગલદાસની ચાલીમાં રહેનારા મજુરોને સવારની સભામાં આવવાની વિનંતિ કરતા હતા તેમને આવા જ કાંઇક ઉદ્ગારોથી કેટલાક મજુરોએ વધાવી લીધાઃ “ ગાંધીજી અને અનસૂયા બ્હેનને શું છે ? તેઓને મોટરમાં આવવાનું, અને મોટરમાં જવાનું. ખાસું ખાવાપીવાનું, પણ અમારા તો જીવ જાય છે, સભામાં આવ્યે કાંઈ ભૂખમરો ટળતો નથી.” આ વચનો મહાત્માજીને કાને ગયા. મહાત્માજીને કોઇ ટીકા કરે તે ન લાગે, કોઈ નિંદા કરે તે ન લાગે, પણ ખરી સ્થિતિસૂચક આ કડવા ઉદ્ગારોએ મહાત્માજીનું હૈયું વીંધાઈ ગયું. બીજે દિવસે સવારે સભામાં ગયા. સવારે તેમણે શું જોયું ? અથવા તેમના અગાઉથી દુઃખી થઈ રહેલા હૃદયે અને તેમની કરુણાર્દ્ર દૃષ્ટિએ શું

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

જોયું ? તેમના જ શબ્દોમાં કહીશું : ‘ પોતાના મુખ ઉપર ઝળકી રહેલા અડગ આત્મનિશ્ચયવાળા હંમેશ નજરે પડતાં પાંચ દશ હજાર મનુષ્યોને બદલે નિરાશાથી ખિન્ન મુખવાળાં એકાદ હજાર માણસો મેં જોયાં. ’ થોડા જ વખત ઉપર જુગલદાસની ચાલીવાળી વાત તો તેમના કાને આવી હતી. ‘ મને લાગ્યું કે મજુરોનો ઠપકો સાચો છે. આ પત્ર લખું છું એ હું જેટલું માનું છું, તેટલું જ હું ઈશ્વિરી સત્તામાં માનનારો, પોતાનાં વચનો ગમે તે ભોગે પણ પાળવાને માણસ બંધાયેલો છે એમ પણ હું માનનારો. મને એમ પણ ખબર હતી કે મારી સન્મુખ બેઠેલા માણસો ઇશ્વરથી ડરનારા છે, પણ આ અણધારી રીતે લંબાતી લૉક આઉટ તેઓનો હદ ઉપરાંત કસ કાઢે છે. હિંદુસ્તાનમાં મારી બહોળી મુસાફરી દરમીયાન સેંકડો લોકો એક ઘડી પ્રતિજ્ઞા લે છે અને બીજી જ ઘડીએ તેને તોડે છે, એવું જે જ્ઞાન થયેલું તે તરફ પણ મારૂં દુર્લક્ષ ન હતું. મને એમ પણ જ્ઞાન હતું કે આપણામાંના ભલભલાઓને આત્મબળમાં અને પ્રભુમાં માત્ર એક ઝાંખી ઝાંખી અને અનિશ્ચયાત્મક માન્યતા છે. મને એમ લાગ્યું કે મારે માટે એ તો એક ધન્ય ચોઘડીઉં હતું, મારી શ્રદ્ધાની કસોટી થતી હતી. તુરત હું ઉઠયો અને હાજર રહેલા માણસોને કહી દીધું કે ‘ તમે પ્રતિજ્ઞામાંથી પડો એ ક્ષણભર પણ હું સાંખી શકનાર નથી. તમને ૩૫ ટકા મળે નહિ અથવા તો તમે બધાએ પડી ન જાઓ ત્યાં સુધી હું આહાર લેનાર નથી કે મોટર વાપરનાર નથી.’

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



આ પ્રતિજ્ઞા લેવાઇ કે તુરત સભામાં શું શું થયું તેનું વર્ણન આપવાને માટે તો કવિની કલમ જોઇએ. સભામાં બેઠેલા પ્રત્યેક જણની આંખમાંથી ચોધારાં આંસુ ચાલી રહ્યાં હતાં. પ્રત્યેકને એમ લાગી ગયું જણાતું હતું કે કંઇ ગંભીર ભૂલ થઇ છે; મહાત્માજીને કાંઇક આપણી નબળાઈથી અથવા તો પાપથી ભારે આઘાત પહોંચ્યો છે, અને તે નબળાઇ કે પાપનું તેઓ પ્રાયશ્ચિત કરવા તૈયાર થયા છે. પલક વારમાં બધા સ્થિતિ કળી ગયા અને એક પછી એક ઉઠીને બોલવા લાગ્યાઃ ' અમે અમારી પ્રતિજ્ઞામાંથી કદિ નહિ પડીએ. ગમે તે થઈ જાય, આકાશ પાતાળ એક થાય, તોયે નહિ પડીએ. અમારામાંના નબળાઓને અમે ઘર ઘર જઇને સમજાવીશું, અને કદિ નહિ પડવા દઇએ. આપ આ ભીષણ પ્રતિજ્ઞા મૂકો. ' આ અસર એ લોકોના આટલા બોલવામાં જ ન સમાપ્ત થઈ. બપોર સુધીમાં તો થોકેથોક મજુરો આશ્રમમાં આવવા લાગ્યા, અને મહાત્માજીને દીન કરુણ વચને પ્રતિજ્ઞા છોડવાનું વીનવવા લાગ્યા. કેટલાએક મજુરો ઉત્સાહથી મજુરી માગવા લાગ્યા; કેટલાએક મફત મજુરી કરીને પોતાની મજુરીના પૈસા, જે મજુરી ન કરતા હોય અથવા ન કરી શકતા હોય તેને આપી દેવાને તૈયાર થયા. આશ્રમનો પણ તે ધન્ય દિવસ હતો. મજુરોને ઉત્તેજન આપવા માટે, કદિ તાપ પણ ન સહન કરેલો એવા ભાઇ શંકરલાલ બેંકરે પણ ઇંટો, રેતી વગેરે ત્રણ ચાર દિવસ થયાં ઉપાડવા માંડયાં હતાં. આજ તો બ્હેન અનસૂયા પણ જોડાયાં. આશ્રમનાં સ્ત્રીપુરૂષો ઉપરાંત બાળકો પણ આમાં અતિશય ઉમંગથી ભાગ લેતાં હતાં. આ બધાંની કંઇક અવર્ણનીય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



અસર થઈ. મજુરોનો ઉત્સાહ અને ઉમંગ તો માતો નહોતો. જે લોકો કરગરતા અને ફરીયાદ કરતા મજુરીએ આવતા હતા, જે લોકો આવીને કામમાં બહુ આળસ કરતા હતા, તે લોકો હમેશ કરતાં બમણું કામ બમણા તેજથી કરવા લાગ્યા.

એક બાજુએ જ્યારે આ ભાગ ભજવાઈ રહ્યો હતો, ત્યારે બીજી બાજુએ મહાત્માજીની સમક્ષ સેંકડો મજુરો, જુગલદાસની ચાલીવાળાઓ જેમણે મહાત્માજીને મ્હેણું માર્યું હતું તેમને લઇને પોતાનો પશ્ચાત્તાપ જાહેર કરવા તથા મહાત્માજીની પ્રતિજ્ઞા છોડવવા મથી રહ્યા હતા. મહિનાના મહિના હડતાળ ચાલે તોયે અમે ના પડીએ. મીલ તજીને ગમે તે ધંધો કરીશું, મજુરી કરીશું, ભીખ માગીશું, પણ પ્રતિજ્ઞા નહિ તોડીએ એવી બધા ખાતરી આપવા લાગ્યા. કેટલાકની તો લાગણી એટલી બધી ઉશ્કેરાયલી હતી કે તેઓએ મહાત્માજીને કહી દીધું કે અનસૂયા બ્હેન, જેમણે પણ તે જ સભામાં નિરાહાર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી તેઓ, જો પ્રતિજ્ઞા પાછી ન ખેંચે તો અમે કાંઈ નવુંજૂનું કરશું. એક જણ તો પોતાની કેડમાં જમૈયો ખોસીને આવેલો હતો. તેણે આત્મહત્યા કરવાની ધમકી આપી. આ મધુરી કરુણાજનક તકરાર એટલી તો લંબાઇ કે અનસૂયા બ્હેનને તો આહાર લેવાનું કબૂલ કરવાની ફરજ પડી.

સાંજે પાંચ વાગે મજુરોની સભા બોલાવવામાં આવી હતી. આજની પત્રિકા ‘ મજુરી ’ વિષે હતી. મજુરીના મહત્ત્વ વિષે મજુરીની પવિત્રતા વિષે આટલું સરળ અને સોંસરૂં હૃદયમાં પહોંચી જાય એવું ગુજરાતી ભાષામાં આ પ્રથમ જ લખાણ છે. ‘ મજુર મજુરી ન કરે તે તો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



સાકર પોતાની મીઠાશ છોડે એવી વાત થઇ. દરીયો પોતાની ખારાશ છોડે તો આપણને મીઠું ક્યાંથી મળે? મજુર મજુરી છોડે તો આ દુનીયા રસાતળ થઈ જાય. શીરીનને ખાતર ફરહાદે પથ્થર ફોડયા; મજુરોની શીરીન તેઓની ટેક છે, તેને ખાતર મજુરો પથ્થર કેમ ન ફોડે? સત્યને ખાતર હરિશ્ચન્દ્ર વેચાયા; પોતાના સત્યને ખાતર મજુરો કાં મજુરી કરવામાં દુઃખ હોય તો તેટલું દુઃખ સહન ન કરે? ટેકને ખાતર ઇમામ હસન અને હુસેને ભારે દુઃખો ઉઠાવ્યાં; ટેક રાખવા સારૂં આપણે કેમ મરવાને તૈયાર ન રહીએ?'

આ ઉદ્દગારો ઉપર વિવેચન ઉપરાંત મજુરોને નવી ઉપસ્થિત થયેલી સ્થિતિ સમજાવવા માટે તે દિવસે સાંજે એક બહુ સુંદર ભાષણ પણ મહાત્માજીએ કર્યું હતું. તેમના મહત્ત્વના ઉદ્દગારો નીચે ટાંકયા છેઃ

'આજે સવારે શું કામ થયું, તેની ખબર પડી હશે. કેટલાકને ભારે આઘાત થયો, કેટલાક રોઇ પડયા. સવારનું કામ કાંઇ ખોટું થયું છે અથવા શરમાવા જેવું થયું છે એમ મને લાગ્યું નથી. જુગલદાસની ચાલીવાળાઓએ જે ટીકા કરી તે માટે મને ગુસ્સો નથી આવતો. તેમાંથી તો મારે, અથવા જેને હિંદની સેવા કરવી છે તેણે ઘણું સમજવાનું છે. હું માનતો આવ્યો છું કે આપણી તપશ્ચર્યા અથવા જ્ઞાનપૂર્વક દુઃખ ઉઠાવવાની શક્તિ ખરી હોય તો તેમાંથી ફળ આવ્યા વિના રહે જ નહિ. મેં તમને એક જ સલાહ આપી તેને અનુસરીને તમે કસમ લીધા. આ જમાનાની અંદર કસમની કિંમત ચાલી ગઇ છે. કસમ ગમે ત્યારે ગમે તેમ માણસો તોડે છે, અને કસમની આવી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કિંમત ઉતારી દેવા માટે મને દુઃખ થાય છે. સાધારણ માણસને બાંધવાની દોરી કસમ જેવી એકકેય નથી. કસમનો અર્થ એ કે આ દુનીયામાં આપણે જે ખુદાને માનીએ છીએ તેને સાક્ષી રાખીને આપણે અમુક કામ કરવા માટે તૈયાર છીએ. ઉંચે બેઠેલા કસમ વિના ચલવી શકે છે. આપણે નીચે બેઠેલા તેમ નથી કરી શકતા. આપણે હજાર વખત પડનારાઓ માટે તો આવા કસમ લીધા વિના ચઢી શકવાનું અશક્ય છે. તમે કબૂલ કરશો કે આપણે પ્રતિજ્ઞા લીધી ન હોત અને તેનું હમેશાં સ્મરણ કર્યું ન હોત તો ક્યારનાએ આપણામાંના ઘણા ભાઇઓ પડી ગયા હોત. આ પહેલાં આટલી શાંતિથી ચાલી રહેલી હડતાળ તમે કદિ અનુભવી નથી એમ તમે જ કહ્યું છે. પડવાનું કારણ ભૂખમરો છે. હું તમને સલાહ આપું છું કે તમારે ભૂખમરો વેઠીને પણ પ્રતિજ્ઞા પાળવી. છતાં તે સાથે મેં અને મારી સાથે જે ભાઇ બહેન કામ કરી રહ્યાં છે તેમની પણ પ્રતિજ્ઞા છે કે તમને ભૂખે તો ન જ મરવા દઇએ. તમને ભૂખે મરતા અમે જોઇ રહીએ તો તમારે પડવું જ જોઇએ. આવી રીતની બેવડી સલાહની સાથે એક ત્રીજી વસ્તુ પણ રહી ગઇ. તે એ કે તમને ભૂખે ન મારીએ, પણ તમારી પાસે ભીખ મંગાવીએ. એમ કરીએ તો અમે ખુદાના ગુન્હેગાર બનીએ, ચોર બનીએ. પણ એ હું તમને શી રીતે સમજાવી શકું કે મજુરી કરીને પેટ ભરો ? હું મજુરી કરી શકું છું, મેં મજુરી કરી છે, અને હજી પણ કરૂં; પણ મને તો તક નથી મળતી. મને ઘણું કરવાનું રહેલું છે, એટલે માત્ર કસરતની ખાતર જ કેટલીક મજુરી કરી લઇ શકું છું. તમે મને એમ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કહો કે અમે તો શાળની મજુરી કરી છે, આ મજુરી નહિ કરી શકીએ; તો એ શબ્દો તમારા મ્હોમાં શોભી શકે છે? હિંદુસ્તાનમાં આ જાતનો વહેમ પેસી ગયો છે. એક જ માણસે એક જ વસ્તુ કરવી જોઇએ, એ સિદ્ધાંત તરીકે ઠીક છે, પણ એ બચાવ તરીકે વપરાય તો જુદી વાત છે. મેં આ પ્રસંગે બહુ વિચાર કર્યો. મારા ઉપર એક બે ઘા આવ્યા ત્યારે મને લાગ્યું કે તમારી પાસે મારે તમારો પોતાનો ધર્મ રખાવવો હોય, કસમની અને મજુરીની કિંમત હું તમને બતાવવા ઇચ્છતો હોઉં, તો તમારી પાસે મારે કાંઇ પ્રત્યક્ષ પુરાવો મુકી દેવો જોઇએ. તમારી પાસે અમે મશ્કરી નથી કરતા, નાટક નથી કરતા. તમને જે વચનો કહીએ છીએ તે અમે પાળવા તૈયાર છીએ એમ તમને હું શી રીતે બતાવું? હું કંઇ ખુદા નથી કે જેથી તમને આ બીજી રીતે બતાવી શકું. તમારી પાસે હું એવું કરીને બતાવું કે જેથી તમને લાગે કે માણસની સામે તો ચોખ્ખેચોખ્ખી વાત કરવી પડશે, નાટક નથી કરી શકાવાનું. બીજી કોઇ લાલચ કે ધમકી આપીને ટેક નથી રખાવી શકાતો. લાલચ માત્ર માયાની આપી શકો છો. જેને પોતાનો ધર્મ વ્હાલો હોય, ટેક વ્હાલો હોય, દેશ વ્હાલો હોય, તે જ ટેક ન છોડે, એટલું તમે સમજી શકો છો.'

ઉપર ટાંકેલા ઉદ્‌ગારોમાં મહાત્માજીએ 'પ્રતિજ્ઞા' લેવાનું તાત્ત્વિક રહસ્ય અને પોતે લીધેલી પ્રતિજ્ઞાનો ઉદ્દેશ બહુ સરળ રીતે અને યોગ્ય વિસ્તારથી વ્યક્ત કર્યો છે, એટલે લંબાણના ભય છતાં પણ એ ઉદ્‌ગારો શબ્દેશબ્દ અહીં ટાંક્યા છે. એ પ્રતિજ્ઞાથી ઉત્પન્ન થયેલી સ્થિતિ એટલી તો જીજ્ઞાસા, ટીકા અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021

ચર્ચાનો વિષય થઇ પડી હતી કે તે વિષે કંઈ પણ કહેતાં પહેલાં ગાંધીજીના પોતાના જ ઉદ્‌ગારો એ સંબંધે જુદે જુદે પ્રસંગે કેવા નીકળ્યા છે તે જાણવાની જરૂર છે. એમના ભાષણમાંથી હજી એક બે ફકરા ટાંકીશ. એક પ્રસંગે એઓ બોલ્યા હતાઃ 'મારી આવી જાતની પ્રતિજ્ઞા લેવાની ટેવ છે, એની ખોટી નકલ માણસો ન કરે તેને સારૂ હું પ્રતિજ્ઞા લેતો જ બંધ થઇ જાઉં છું. **પણ મારે તો કરોડો મજુરોના સંબંધમાં આવવાનું છે, તો તેમ કરતાં મારે મારા આત્માની સાથે નિરાકરણ કરી લેવું જોઇએ. તમને હું બતાવવા માગતો હતો કે તમારી સાથે હું રમવા નથી માગતો.** ' વળી એક વાર બોલ્યા હતાઃ ' **જે કિંમત પ્રતિજ્ઞાની હું કરૂં છું તેટલી તમે કરો એ મેં તમને કરીને બતાવવાનો પ્રયત્ન કર્યો.** તમે એક વાત કરી બતાવી છે. તમને એમ થઇ શક્યું હોત કે અમારે તમારી પ્રતિજ્ઞા સાથે શો સંબંધ છે, અમે નથી ટકવાના, અમારે તો જવું જ જોઇએ; પણ તમે તો એમ નહિ માન્યું. તમે તો અમારી સેવા લેવા બેઠા. અને મેં તમારો મ્હોટો આંક બાંધ્યો. તમારી સાથે મરવું એ મને સુંદર લાગ્યું અને તમારી સાથે જ તરવું એ મને સુંદર લાગ્યું. '

આટલું જોઈ લીધા પછી પ્રતિજ્ઞા સંબંધે થયેલી લોકચર્ચા વિચારીએ. હિંદુસ્તાને હજી સુધી લોકનેતાઓને ઉપવાસની પ્રતિજ્ઞા જેવા પ્રયોગો લોકસેવાર્થે કરતા જોયા ન હતા. પણ મનુષ્યના અધઃપાતને પ્રસંગે ભીષણ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



પ્રતિજ્ઞાઓ તેને ટકાવી રાખી શકે એ તો મહાત્માજીનો એક સિદ્ધાન્ત છે, અને એ સિદ્ધાન્ત દક્ષિણ આફ્રિકામાં એમણે ઘણીવાર અમલમાં મુકેલો. અહીંના લોકોને એ કેવળ નવો જ પ્રયોગ લાગ્યો. ગાંધીજી અવિવેક ન કરે એવું માનનાર કેટલાકની જીજ્ઞાસા ઉલટી. એવું ન માનનારા કેટલાક એમ પણ માનવા લાગ્યા હતા કે ગાંધીજીએ અકળાઇને મીલમાલિકોને દબાવવા ફિતુર કર્યું છે. પ્રો. આનંદશંકર ધ્રુવે પહેલે જ દિવસે આવીને પ્રશ્ન પૂછેલોઃ “ આ ઉગ્ર નિશ્ચય કર્યો છે તે આખા જીવનમાં વણાયલા સૂત્રને અનુસરીને જ થયો હશે એમ હું જાણું છું, પણ તે **શા માટે** થયો છે તે જાણવા ઇચ્છું છું.’ આ પછી ‘પ્રતિજ્ઞા’ના આધ્યાત્મિક રહસ્ય ઉપર જે ચર્ચા ચાલી તેમાં અહીં ઉતરવાનો ઇરાદો નથી.

અહીં એટલું જ કહેવું બસ થશે કે આખી ચર્ચા દરમ્યાન પ્રો. આનંદશંકરનું કહેવું એવું હતું કે આવી પ્રતિજ્ઞાથી ઘડીકવાર મનુષ્યનું બાહ્ય વર્તન બદલાય, પણ મનુષ્યનું અંતર બદલાતું નથી. ગાંધીજી સમજાવવા ખૂબ મથતા હતા, પણ પ્રો. આનંદશંકરની ખાતરી નહોતી થતી જણાતી. મીલમજુરોનો પ્રશ્ન જે અત્યાર સુધી સંકુચિત હતો તે હવે વિસ્તૃત થયો. તેમાં ગાંધીજીએ ભીષણ પ્રતિજ્ઞા લીધેલી હોઇ અત્યાર સુધી જે ગૃહસ્થો તટસ્થ હતા તેઓને પણ પોતાનું તાટસ્થ્ય તજવું પડ્યું. પ્રો. આનંદશંકરનો સંબંધ આ બાબતમાં આવી રીતે શરૂ થયો. બહારના—હિંદુસ્તાનના જુદા જુદા ભાગના—લોકનેતાઓને પણ બહુ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ચિંતા થવા લાગી, અને કેમે કરી આ તકરારનો નિવેડો આવે તો સારૂં એમ સૌને થવા લાગ્યું.

મીલમાલિકોને પણ કાંઇ અસર થઇ ન હતી એમ નહિ. અલબત્ત, ઘણાક એમ માનતા કે ગાંધીજીનું માલિકોને દબાવવા માટે આ એક ફિતુર અથવા ત્રાગું છે. પણ રા. અંબાલાલભાઇ, જેઓએ અત્યાર સુધી પોતાના કડક આગ્રહથી પોતાના માલિક-ભાઇઓને ટકાવી રાખ્યા હતા, તેમના હૈયાને આ બીનાથી સખ્ત આઘાત પહોંચ્યો. તેઓ કલાકના કલાક આવીને મહાત્માજી પાસે બેસવા લાગ્યા, પ્રતિજ્ઞા છોડવાને વિનવવા લાગ્યા. ત્રીજે દહાડે તો એમની સાથે ઘણા મીલમાલિકો ભળ્યા. સૌ ગાંધીજીના ઉપવાસ છોડાવવાને માટે આગ્રહી હતા, પણ મજુરોની પ્રતિજ્ઞા જળવાવવાને તેટલા ન હતા. પ્રતિજ્ઞાની આડકતરી અસર મીલમાલિકોને દબાવવાની થશે એ બાબત ગાંધીજીનું દુર્લક્ષ થયું ન હતું. વારંવાર તેઓ આ બાબત માલિકોને સમજાવવા લાગ્યા. પોતાના દરેક ભાષણમાં તેમણે સ્પષ્ટ કરીને કહ્યું કે પ્રતિજ્ઞા માલિકો ઉપર થતા દબાણને લીધે દૂષિત થાય છે છતાં તેનો મૂળ હેતુ તો મજુરોની પ્રતિજ્ઞાને પોતે કેટલું મહત્ત્વ આપે છે તે મજુરોને બતાવવાનો અને તેમ કરી તેમને ટકાવી રાખવાનો જ છે.

ઘણાક મીલમાલિકો ગાંધીજીને કહેતા હતા કે: 'આ વખતે **તમારી ખાતર** અમે મજુરોને ૩૫ ટકા આપીએ.' ગાંધીજી ચોખ્ખી ના પાડીને કહેતા કે: 'મારી દયાની ખાતર નહિ, પણ મજુરોની પ્રતિજ્ઞાને માન આપીને, તેઓને ન્યાય આપવાની ખાતર ૩૫ ટકા આપો.' ઉપવાસની પ્રતિજ્ઞાની ત્રીજી સાંજે તેઓ બોલ્યા હતાઃ 'મીલમાલિકોએ આવીને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



મને કહ્યું કેઃ 'તમારી ખાતર અમે ૩૫ ટકા આપીએ.' પણ **મારે સારૂ ૩૫ ટકા એ લોકો આપે એ તો મને સમશેરના ઝાટકા સમું લાગે છે.** હું એ વિચાર જાણતો હતો પણ હુ પ્રતિજ્ઞા નહિ છોડી શકયો, કારણ મેં બીજો વિચાર કીધો કે ૧૦૦૦૦ માણસો પડે એ તો ખુદાનો ખોફ કહેવાય. મારે સારૂ અતિશય નીચાજોણું છે કે **મારી ખાતર** તમને ૩૫ ટકા મળે.'

આમ ચર્ચા ચાલતી હતી અને ઉપવાસના દહાડા વધતા જતા હતા. ઉપવાસ ગાંધીજીના શરીરમાં શિથિલતા ઉત્પન્ન કરવાને બદલે, જાણે તેમની સ્ફુર્તિમાં વધારો કરતો હતો. તેમને સમજાવવાના, તેમના ઉપવાસની પ્રતિજ્ઞા છોડાવવાના અનેક દિશામાંથી પ્રયત્ન ચાલુ જ હતા. અગાઉ કહેવામાં આવ્યું છે કે રા. અંબાલાલભાઇને આ પ્રતિજ્ઞાથી ભારે આઘાત પહોંચ્યો હતો, એટલે ગાંધીજીને સમજાવવાના તેમના પ્રયત્ન પણ ભારે હતા. પોતાના પક્ષ માટેની તેમની મુખ્ય દલીલ એ હતી કેઃ 'આવી રીતે વારંવાર મજુરો મનસ્વી રીતે અમારી સામે થાય અને તેમને બહારથી ઉત્તેજન મળે એ તો સહ્ય થઇ શકે એવું જ નથી. એમ થયા કરે તો મજુરોમાં **વિનય** જેવી કોઈ ચીજ જ રહે નહિ અને આવી રીતે અમારી અને મજુરોની તકરાર વખતે હર વખત અમારે ત્રીજાની મધ્યસ્થી કરવી પડે એ અમને શોભાભરેલું નથી, એમાં અમારૂં માન રહેતું નથી. આપ જો ભવિષ્યમાં અમારો અને મજુરોનો પ્રશ્ન અમારે માટે જ રાખી, હમેશને માટે તમારા હાથ એ બાબતમાંથી ધોઇ નાંખો તો અમે તુરત ૩૫ ટકા આપીએ.' આ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



માગણી તો બહુ ભારેપડતી હતી. અન્યાય, અનીતિ અને અત્યાચારને પ્રસંગે અંતરની પ્રેરણાથી ઝુઝનાર ગાંધીજી આમ મજુરોની સેવાનાં દ્વાર સદા માટે બંધ થવા દે એ તો બની શકે એમ જ ન હતું. એટલે સેવાવૃત્તિને સદા શીકે મુકવાની કબૂલત આપી, મજુરો માટે ૩૫ ટકા લેવાની અને ઉપવાસ છોડવાની વાત ન બની. ત્યાર પછી બીજી રીતે વાટાઘાટ થવા માંડી. 'કેમે કરીને મીલમાલિકોનો આગ્રહ પણ સિદ્ધાન્ત તરીકે કબૂલ થવો જ જોઇએ. તમારી પ્રતિજ્ઞા છે તેવી જ મીલમાલિકોની પ્રતિજ્ઞા છે.' આ દલીલ રજુ થઇ. 'હું મારી રૈયતને ખૂબ કરો નાંખી, તેમની દાદ કદિ ન સાંભળી કનેડીશ એવી પ્રતિજ્ઞા રાજા કદિ કરી શકતો હશે ?' એમ પ્રતિપ્રશ્નથી માલિકોની દલીલની અયથાર્થતા ગાંધીજીએ બતાવી આપી. છતાં આ બધી તકરાર દરમ્યાન, પોતાના ઉપવાસથી માલિકો ઉપર દબાણ થાય છે એ વાત ગાંધીજીના મનમાંથી નહોતી ખસતી. એટલે માલિકોની પ્રતિજ્ઞા જાળવવાના કૃત્રિમ ઉપાયો સ્વીકારવા પણ તેઓ તૈયાર થયા. લડતની પહેલાં બંને પક્ષ વચ્ચે જે પંચનું તત્ત્વ સ્વીકારાયલું હતું તે પંચનું તત્ત્વ હજી પણ ગાંધીજીને તો કબૂલ જ હતું. 'મજુરોની પ્રતિજ્ઞાનો અક્ષર જળવાય તો પછી પંચ કહે તે મજુરો કબૂલ રાખશે' એમ ગાંધીજીએ સ્વીકારી લીધું. આથી સમાધાનનો મ્હોટો રસ્તો નીકળ્યો. પરિણામે, મજુરોની પ્રતિજ્ઞા જાળવવા પહેલે દિવસે ૩૫ ટકા વધારો, માલિકોની પ્રતિજ્ઞા જાળવવા બીજે દિવસે ૨૦ ટકા વધારો અને ત્રીજે દિવસે મજુરો અને માલિકોએ નીમેલા પંચ ઠરાવે તેટલા ટકા વધારો, આવી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

ઠરખાસ્ત સમાધાનના આધારરૂપે રજુ થઇ. ત્રીજે જ દિવસે પંચ તકરારનો નિવેડો લાવી શકે નહિ, અને અમુક ટકા ચૂકવી શકે નહિ માટે તેમને તપાસ કરવા સારૂ પુરતી મુદત મળવી જોઇએ એમ સ્વીકારાયું, અને આ મુદત ત્રણ મહિનાની હોવી જોઇએ એમ પણ બંને પક્ષ વચ્ચે ઠર્યું. પંચનો ઠરાવ આવે તે પહેલાં મજુરોને કેટલા ટકા મળે? આ સવાલનો નિકાલ બંને પક્ષે ધરછોડથી આણ્યો. મજુરપક્ષે ૭॥ ટકા ઓછા કર્યા, માલિકપક્ષે ૭॥ ટકા વધાર્યા, અને એ વચગાળાના સમયમાં ર૭॥ ટકા વધારો મળે એમ ઠર્યું. પંચ તરીકે, બંને પક્ષને અનુકૂળ એવા પ્રો. આનંદશંકરને કબૂલ રાખવામાં આવ્યા. આ તકરારમાં ઉપવાસની પ્રતિજ્ઞાના દિવસથી સક્રિય રસ લેનાર પ્રો. આનંદશંકરને માથે આ જવાબદારી વાજબી રીતે જ આવી પડી, અને એમણે પ્રસન્ન મને સ્વીકારી. હવે તો કાંઇ કરવાનું બાકી જ ન હતું. બીજે દિવસે સવારમાં તો મજુરોને ખબર પડી ગઇ હતી કે તકરારનો નિકાલ આવ્યો છે એટલે હજારો જણ શાહપુર દરવાજા ઉપરના ઝાડ નીચે આવી બેઠા હતા, અને નિકાલ શી રીતે આવ્યો એ જાણવાની આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. આજે કમિશનર સાહેબને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું, અને તેમણે તે ખસુસ કરીને સ્વીકાર્યું હતું. શહેરનાં બીજાં ઘણાં પ્રતિષ્ઠિત સ્ત્રીપુરૂષો પણ હાજર હતાં. અગીયાર વાગે ગાંધીજીએ આવીને સમાધાનીની હકીકત મજુરોને સમજાવી. આ સમજુતી ગાંધીજીના શબ્દોમાં જ અહીં રજુ કરીશું. "જે સમાધાની હું તમારી આગળ મૂકવાનો છું તેમાં માત્ર મજુરોની ટેક રહી જાય છે એટલું જ છે, તેમાં તે સિવાય કંઈજ નથી.

Gandhi Heritage Portal

શેઠીયાઓને મેં મારાથી બને તેટલું કહ્યું; ૩૫ ટકા હમેશને માટે આપવાનું કહ્યું. એ વાત તેઓને બહુ ભારે લાગી. હવે એક વાત હું કહી દઉં. આપણી માગણી એકપક્ષી હતી. આપણે લડત પહેલાં એઓનો પક્ષ જાણવાની માગણી કરી હતી, પણ તેઓએ તે કબૂલ કરી ન હતી. હવે શેઠીયાઓ પંચની વાતને કબૂલ થાય છે. હું પણ કહું છું કે પંચને આ વાત ભલે સોંપાય. પંચની પાસેથી હું ૩૫ ટકા લઈ શકીશ. જો પંચ કાંઇક ઓછું ઠરાવશે તો હું સ્વીકારી લઇશ કે આપણે માગવામાં ભૂલ કરી છે. શેઠીયાઓએ કહ્યું કે જેવી તમારી પ્રતિજ્ઞા છે તેવી અમારી પણ પ્રતિજ્ઞા છે. મેં કહ્યું કે એવી પ્રતિજ્ઞા લેવાનો તમારે અધિકાર નથી. પણ તેઓએ આગ્રહ ધર્યો કે અમારી પ્રતિજ્ઞા પણ સાચી છે. બંનેની પ્રતિજ્ઞા મેં વિચારી. મારો રોજો વચ્ચે આડો આવ્યો. હું એમ એ લોકોને નહિ કહી શકું કે હું માગું તે જ આપશો તો હું મારો અપવાસ તોડું; આ તો મારી નામર્દી કહેવાય. આથી મેં કબૂલ્યું કે આપણી બંનેની પ્રતિજ્ઞા અત્યારે રહે અને પછી પંચ ઠરાવે તે ખરૂં. એટલે આપણી સમાધાની ટૂંકામાં એ કે પહેલે દિવસે આપણી પ્રતિજ્ઞા મુજબ ૩૫ ટકા વધારો મળે, બીજે દિવસે શેઠીયાઓની પ્રતિજ્ઞા મુજબ ૨૦ ટકા વધારો મળે, અને ત્રીજે દિવસથી તે પંચ પોતાનો નિવેડો આપે ત્યાં સુધી ૨૭ાા ટકા મળે; અને પછીથી પંચ ૩૫ ટકા ઠરાવે તો શેઠીયાઓ આપણને ૭ાા ટકા મજરે આપે અને ૨૭ાા ટકાથી ઓછા ઠરાવે તો આપણે મજરે આપીએ.' આ શબ્દોને મજુરોએ ભારે હર્ષનાદથી વધાવી લીધા પણ તેઓને એકલી હરખની

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ખબર જ આપવાની ન હતી. એ શીખામણના શબ્દ પણ કહેવાના હતા. તે પણ કહી દેવાની ગાંધીજીએ આ જ તક સાધી: 'આપણે સાથે મસલત કરી છે તો હવે અમને મળ્યા વિના કસમ નહિ લેશો. જેને અનુભવ નથી, જેણે કાંઇ ખેડયું નથી, તેને કસમ લેવાનો અધિકાર નથી. મેં વીસ વર્ષના અનુભવ બાદ વિચાર્યું કે કસમ લેવાનો અધિકાર મને છે. કસમ લેવાને માટે તમે લાયક નથી બન્યા એમ મેં જોયું છે. માટે મોટેરાને પૂછ્યા વિના કસમ લેશો મા. કસમ લેવા પડે તો અમારી પાસે આવજો. લેવા પડે તો એમ માનજો કે જેમ આજે તેમ બીજે વખતે પણ અમે તમારે માટે મરવાને તૈયાર થઇશું. પણ તમે અમને સાક્ષી રાખીને જે કસમ લેશો તેને માટે જ અમે તમને મદદ કરશું એમ યાદ રાખજો. ભૂલથી લીધેલા કસમ તોડી પણ શકાય છે. તમારે તો કસમ કેમ લેવા, કયારે લેવા, તે પણ શીખવાનું છે.'

મીલમાલિકોએ આ સમાધાનીની ખુશાલીમાં મજુરોને મીઠાઈ વહેંચવાની માગણી કરી હતી તે માગણી પણ આનંદની સાથે સ્વીકારવાનો મજુરોને આ પછી આગ્રહ કર્યો હતો. મજુરોએ એ માગણી પણ હર્ષથી વધાવી લીધી હતી. સમાધાની સૌને કબૂલ છે એમ બતાવવાને પણ મજુરોના જૂદા જૂદા વિભાગમાંથી અગ્રણીઓ બહાર પડયા હતા અને ટૂંકા સમયોચિત ભાષણથી તેઓએ પોતાનો હર્ષ અને ઉપકાર દર્શાવ્યો હતો. આ પછી મજુરો અને સ્નેહીઓના આગ્રહથી ગાંધીજીએ ત્યાં જ પોતાનો ઉપવાસ તોડયો હતો. ઉત્તર વિભાગના કમિશનર સાહેબ મી. પ્રૅટ પણ આ પ્રસંગે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



પોતાનો હર્ષ દાબી શક્યા ન હતા અને તેમણે પણ એક ટૂંકું અને બંને પક્ષને અભિનંદન આપનારૂં ભાષણ કર્યું હતું. 'તમારી વચ્ચે સમાધાન થાય છે તેથી મને બહુ આનંદ થાય છે. મને સંપૂર્ણ ખાતરી છે કે જ્યાં સુધી તમે ગાંધી સાહેબની સલાહ લેશો અને તેમનું કહેલું કરશો ત્યાં સુધી તમારૂં ભલું થશે અને તમને ન્યાય મળશે. તમારે યાદીમાં રાખવાનું છે કે તમારે માટે ગાંધી સાહેબે તથા તેમના મદદગાર બાનુઓ અને ગૃહસ્થોએ ખૂબ દુઃખ વેઠયું છે, તસ્દી લીધી છે, તમારા ઉપર પ્રેમ અને દયા બતાવ્યાં છે. એ તમે હમેશાં યાદીમાં રાખશો.' *

એ જ દિવસે સાંજે રા. અંબાલાલભાઈના બંગલાના વિશાળ આંગણામાં બધા મજુરો ભેગા થયા હતા અને મીલમાલિકોએ તેમને મીઠાઈ વહેંચી હતી. આ પ્રસંગે ગાંધીજીએ અને રા. અંબાલાલભાઈએ જે ઉદ્‌ગાર કાઢયા હતા તે મીલમાલિકો અને મજુરો વચ્ચેની આ લડત કેટલી સીધી ચાલી હતી, અને અંતે કેટલી મીઠાશથી બંને પક્ષ વચ્ચે સમાધાન થયું હતું તે સંપૂર્ણ રીતે બતાવી આપે છે. રા. અંબાલાલભાઈનાં એક બે વાકયો બસ થશેઃ 'આજે ૨૨

*અહીં ભૂલવું ન જોઈએ કે ખેડા સત્યાગ્રહની લડત જ્યારે પૂર રસાકસીએ ચઢી હતી ત્યારે રોષને વશ થઈને આ જ કમિશનર સાહેબે આ ઉદ્‌ગારોને અણછાજતા ઉદ્‌ગારો કાઢયા હતા; પણ તેનો સુંદર જવાબ ગાંધીજી જ આપી ચૂકયા છે, એટલે અહીં તેમાં ઉતરવાની જરૂર નથી. એ એટલું સિદ્ધ કરે છે કે સારામાં સારા અમલદારો પણ ઇજ્જતના ભૂલભરેલા ભાનમાં વિવેક છોડી દેતાં અચકાતા નથી.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



દિવસે શાળખાતાં ખોલવાનો અને મજુરોએ કામપર હાજર થવાનો જે નિશ્ચય થયો છે તેથી મને બહુ આનંદ થાય છે. હું વધારે કહેવા માગતો નથી, પણ એટલું તો કહી જ લઇશ કે કારીગરો ગાંધી સાહેબને પૂજ્ય ગણે છે, તો મીલમાલિકો પણ તેમને કાંઈ ઓછા પૂજ્ય નથી ગણતા; ઉલટા વધારે પૂજ્ય ગણે છે. આપણી એકબીજા વચ્ચેની પ્રીતિ હંમેશ રહેશે એમ ઇચ્છું છું.'

ગાંધીજીના ઉદ્ગારો પણ અહીં ટાંકવા જેવા છેઃ 'મને લાગે છે કે જેમ જેમ દિવસો જતા જશે તેમ તેમ અમદાવાદને તો શું પણ હિંદુસ્તાનને આ ૨૨ દિવસની લડતને સારૂ મગરૂરી થશે અને હિંદુસ્તાન એમ માનશે કે જ્યાં આ પ્રકારે લડત ચાલી શકે છે ત્યાં આપણે બહુ આશા રાખી શકીએ છીએ. આ લડત બીલકુલ વૈરભાવ વિના ચાલી છે. મેં તો આવી લડત હજુ સુધી અનુભવી નથી. મેં ઘણી લડત પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અનુભવી છે પણ એકે એવી નથી જોઈ જ્યાં વૈરભાવ કે ખટાશ આટલે ઓછે અંશે હોય. જે શાંતિ લડત દરમ્યાન હતી તે જ શાંતિ હમેશને માટે રાખશો એવી મને આશા છે.' અને આની જ ખાતર, લૉકઆઉટ દરમ્યાનનો પગાર મીલમાલિકો આપે એ સમાધાનીની એક શરત હોવી જોઇએ એવો કેટલાક મજુરોનો આગ્રહ ગાંધીજીએ તત્ક્ષણે જ દાબી દીધો હતો. સમાધાની સંબંધી પત્રિકામાં તો એ આગ્રહને જ નહિ, પણ એ વિચારને પણ ગાંધીજીએ તુચ્છ ગણી કાઢ્યો છે. 'લૉકઆઉટનો પગાર માગવો એ માલિકોના પૈસાથી લડત લડ્યા જેવું છે. એવો વિચાર મજુરોને શરમાવનારો છે. લડવૈયા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

પોતાના બળ ઉપર જ લડી શકે. વળી મજુરોને માલિકોએ પગાર ચુકવી દીધો. હવે તો મજુરો નવી નોકરી શરૂ કરે છે એમ પણ કહી શકાય. એટલે બધું વિચારતાં મજુરોએ લૉક આઉટ દરમીયાનનો પગાર લેવાનો વિચાર માંડી વાળવો જોઇએ."*

તે સાંજના ભાષણમાંના કેટલાક ઉદ્‌ગારો તો મીલ-માલિકોના હૃદયને હલાવે એવા અને તેમની સ્મૃતિમાંથી કદિ ન ખસે એવા હતા: 'હું તમારા તરફથી (મજુરો તરફથી) શેઠીયાઓની માફી માગું છું. મેં એઓને બહુ દુઃખ આપ્યું છે. મેં પ્રતિજ્ઞા લીધી તે તમારા માટે હતી, પણ દુનીયામાં હમેશ દરેક વસ્તુને બે પક્ષ રહેલ છે, તેમ મારી પ્રતિજ્ઞાની અસર તેમના ઉપર પણ થઇ છે. હું દીન વચને તેમની માફી માગું છું. **હું જેટલો મજુરોનો સેવક છું તેટલો જ તમારો (શેઠીયાઓનો) સેવક છું. મારી એટલી જ માગણી છે કે મારી સેવકાઈ તમે બરોબર વાપરજો.**'

બીજે દિવસે ગાંધીજીની પ્રત્યે અને તેમની સાથે આ લડતમાં ભાગ લેનાર ભાઇ બ્હેનો પ્રત્યે પોતાની કૃતજ્ઞતા બતાવવા સારૂ મજુરોએ જે હર્ષસંમિલનો કર્યાં હતાં અને હર્ષયાત્રા કાઢી હતી તેનું અત્રે સૂચન માત્ર જ શકય છે. આવાં દૃશ્યો અમદાવાદ શહેરમાં અગાઉ ભાગ્યે જ થયાં હશે એમ તે જોનારાઓ સાક્ષી પુરે છે.

---

* મીલો ખુલ્યા પછી આ પગાર સંબંધે કેટલીક છુટીછવાઇ તકરાર થઇ હતી; તેને માટે મજુરો જેટલા જવાબદાર હતા તેટલા જ મીલમાલિકો જવાબદાર હતા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



લડત પહેલાં લેવાયલા ગાંધીજીના અનશન વ્રત સંબંધે અને લડત પછી થયેલી સમાધાની સંબંધે અનેક ટીકા થઇ છે. એ ટીકાના ઔચિત્ય-અનૌચિત્યમાં ઉતરવાનો અહીં ઇરાદો નથી. ગાંધીજીએ પોતે એ બંને બાબત પોતાના આત્માની કેવી આકરી પરીક્ષા કીધી છે તે આ ટીકા કરનારાઓને જણાવી લેવું અસ્થાને નહિ ગણાય. સમાધાનીને આગલે દિવસે સમાધાનીની શરતો સંબંધે રા. અંબાલાલભાઇને પત્ર લખતાં એઓએ જણાવ્યું હતુંઃ ' મને જમાડવાની ઇચ્છા કરતાં આપની ન્યાયવૃત્તિને વધારે માન આપજો. મારો ઉપવાસ મને અજ્ઞાનંદ આપે છે, એટલે સ્નેહીઓએ દુઃખ ભોગવવાનું કારણ નથી. મજુરોને ન્યાયથી મળશે તે વધારે પચશે-વધારે નભશે. સાધારણ મનુષ્યોને ચોખવટ વધારે રુચિકર હોય છે. ૩૫ ટકા, ૨૦ ટકા અને પંચ એ **મૂર્ખતા, ધર્મ અને ગર્વ** સાચવવા આપણે કહી શકીએ, સાંખી શકીએ. મજુરો તેને પ્રપંચ માને, કેમકે તેઓ સરળ છે. તેથી મને બીજો કોઇ રસ્તો મળે તો વધારે ઠીક જણાય છે. **ઉપલું કબૂલ રખાવવા ધારશો તો હું તે કબૂલ રાખીશ પણ ઉતાવળ નહિ કરવા દઉં.** પંચ મળીને હમણાંજ નિકાલ લાવીએ અને તે જ ભાવ જાહેર કરીએ; એટલે પહેલે દહાડે ૩૫, બીજે દહાડે ૨૦ અને ત્રીજે દહાડે પંચ ઠરાવે તે. **આમાંયે મૂર્ખતા તો છે, પણ ચોખવટ** છે. ત્રીજા દહાડાના આંકડા આજથીજ જણાવવા. '

સમાધાનીને દિવસે સવારે આપેલા ભાષણમાં આ જ બાબત બોલતાં એઓએ કહ્યું હતુંઃ ' હું જે તમારે માટે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

લાવ્યો છું **તે આપણી પ્રતિજ્ઞાનો અક્ષર પાળવા માટે બસ થશે, આત્મા માટે નહિ. આત્માવાળા આપણે હજી નથી એટલે અક્ષરથી જ આપણે સંતોષ પકડવો પડશે.** ' પણ આથી વધારે ઉંડા અને આકરા આત્મનિરીક્ષણવાળા ઉદ્દગાર તો હજી બાકી છે. ઉપવાસ સંબંધે કેટલાક ઉદ્દગારો અગાઉ ટાંકવામાં આવ્યા છે. તે ઉપરાંત આ ઉદ્દગારો ઉપવાસવ્રત અને સમાધાની એ બંને ઉપર અપરંપાર પ્રકાશ પાડે છે. સમાધાનીના દિવસના પ્રાતઃકાળે પોતાના આશ્રમવાસીઓ સમક્ષ એ ઉદ્દગાર નીકળ્યા હતા, અને ગાંધીજીની પરવાનગીથી, એ અહીં ઉતારવામાં આવે છે. ' આજે દશ વાગ્યા પહેલાં સમાધાન ઘણું કરીને થઇ જશે. એ સમાધાન મારી પ્રમાદરહિત સ્થિતિમાં હું જોઈ રહ્યો છું, **અને જોઉં છું કે હું તે કદિ નહિ સ્વીકારૂં એવું થયું** છે. પરંતુ તેમાં મારી ઉપવાસની પ્રતિજ્ઞાનો દોષ છે. મારી એ પ્રતિજ્ઞામાં ઘણા દોષો રહેલા છે. ઘણા દોષો એટલે ગુણ થોડા અને દોષ વધારે એમ નહિ; પણ જેમ તે અત્યંત ગુણોથી ભરેલી છે તેમ તેમાં દોષો પણ ઘણા છે. મજુરોના સંબંધમાં તે ભારે ગુણોવાળી છે, અને તેનાં પરિણામ તે જ પ્રમાણે સુંદર આવ્યાં છે. માલિકોના સંબંધમાં તે દોષોવાળી છે, અને તેટલા પુરતું મારે નમવું પડ્યું છે. મીલમાલિકોના ઉપર મારા ઉપવાસનું દબાણ છે તે હું ગમે તેટલી ના પાડું પણ લોકોને લાગ્યા વિના રહે જ નહિ, અને દુનીયા માને પણ નહિ. **માલિકો, આ મારી કનિષ્ટ દશાને લીધે સ્વતંત્ર રહ્યા નથી, અને કોઇ માણસ દબાણની નીચે**

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

હોય ત્યારે **તેની પાસેથી** કંઇ **લખાવી લેવું, તેની** પાસે કંઇ **શરત** કરાવવી **કે તેની પાસેથી** કંઇ **લેવું** એ **ન્યાયવિરુદ્ધ છે. સત્યાગ્રહી કદિ તેમ કરે જ નહિ, અને તેથી મારે આ બાબતમાં નમતું મુકવું પડયું છે. શરમમાં પડેલો માણસ શું કરી શકે ?** હું થોડી થોડી માગણી કરતો ગયો **તેમાંથી તેમણે ખુશીથી જેટલી સ્વીકારી તેટલી જ મારે લેવી પડી.** હું પુરેપુરી માગણી કરૂં તો તેઓ પુરેપુરી સ્વીકારે, પરંતુ તેમને આવી સ્થિતિમાં મુકીને તેમની પાસેથી હું તે ન જ લઇ શકું. એ તો મારે ઉપવાસ તોડી **નરકનું ભોજન કરવા બરોબર થાય, અને અમૃતનું પણ યથાકાળે ભોજન કરનારો હું તે નરકનું ભોજન કેમ કરી શકું ?**' આ પછી કંઇ વધુ ખુલાસાની જરૂર રહે છે ખરી ? કે કોઇ ટીકાને અવકાશ રહે છે ખરો ? છતાં જેમને ન ખબર હોય તેમની માહીતીની ખાતર કહેવાની જરૂર છે કે પંચ ઠરાવે તેટલો વધારો સ્વીકારી લેવામાં પ્રતિજ્ઞાનો લેશ માત્ર ત્યાગ થયો નથી, કારણ સમાધાની પહેલાં, **લડત દરમીયાન પણ, મજુરપક્ષ તરફથી તો પંચની જ માગણી કરવામાં આવી હતી અને તે માગણી સ્વીકારવાને મીલ-માલિકોએ તૈયારી બતાવી ન હતી.** પંચનું તત્ત્વ સ્વીકારાય તો મજુરપક્ષને પોતાનો સ્વતંત્ર આગ્રહ હતો જ નહિ અને સમાધાનીમાં પંચનું તત્ત્વ મળી રહ્યું.*

---

*આ બાબત છેલ્લી પત્રિકામાં સરસ રીતે બતાવવામાં આવી છે. જોકે મજુરોની દૃષ્ટિ સમીપ ૩૫ ટકા વધારો કે પંચના તત્ત્વનો સ્વીકાર, એમ બે ધ્યેયો હતાં એ માનવું તો જરા કઠણ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

મીલમાલિકોએ ગાંધીજી માટે દયાથી પ્રેરાઇ ગાંધીજીની માગણી સ્વીકારી અને તેથી મજુરોની લડત રસ વિનાની થઇ ગઇ એમ કહેવું પણ બહુ ભુલભરેલું છે. સમાધાની પહેલાં મીલમાલિકોએ જે દલીલો કરી છે, અને એ દલીલો કરવામાં જેટલા દહાડા લીધા છે તે જ બતાવે છે કે મીલ-માલિકોએ વગરવિચારે કેવળ દિલના દોલાપણાથી જ મજુર-પક્ષની માગણી સ્વીકારી ન હતી. વળી, રા. આનંદશંકર-ભાઈનો ચુકાદો આવે તે પહેલાં તો મજુરોને ઘણે ઠેકાણે ૩૫ ટકા અને ઘણે ઠેકાણે ૩૫ થી વધુ ટકા મળતા થઇ ગયા હતા. તે પણ બતાવે છે કે મીલમાલિકોને વહેલામોડા ઓછામાં ઓછા ૩૫ ટકા વધારો આપ્યે જ છુટકો હતો. મીલમાલિકો તરફથી પ્રસિદ્ધ થયેલી કેટલીક પત્રિકાઓમાંની છેલ્લી પત્રિકામાં રા. અંબાલાલભાઇ ઉપર આવેલો મિસિસ એસંટનો તાર—‘ For India’s Sake, try persuade owners’ yield and save Gandhi’s life.’—ઉતારી મીલમાલિકોએ પોતાની ઉદારતાથી ગાંધીજીની જીંદગી બચાવવાનો દાવો કર્યો . છે. એને વિષે શું કહેવું ? એ પત્રિકા અને મજુરપક્ષની છેલ્લી પત્રિકા સાથે રાખી વાંચી જોવાની વાચકોને ભલામણ છે. ભાગ્યે જ કોઇને ખબર હશે કે એ જ દિવસે ગાંધીજીને જે અનેક તારો મળ્યા હતા તેમાં મીસ ફેરીંગ નામની એક ડેનીશ સાધ્વી તરફથી આવો પણ એક તાર આવ્યો હતો: ‘Greater love knoweth no man than that he layeth down his life for the sake of his fellowmen. ’

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

આટલા ઇતિહાસ પછી વિશેષ લખવાનું નથી રહેતું. મજુરપક્ષ અને મીલમાલિકોના પક્ષ તરફથી ચુંટાયેલા પંચ પ્રો. આનંદશંકરને બંને પક્ષ તરફથી રજુ કરવામાં આવેલી હકીકત પરિશિષ્ટમાં અક્ષરશઃ છાપવામાં આવી છે, અને પંચ સાહેબનો નિવેડો પણ ત્યાં જ આપેલો છે, એટલે તેનો અહીં પુનરૂલ્લેખ કરવાની જરૂર નથી. મજુર-પક્ષની એકે હકીકતનો ઉત્તર આપવાની મીલમાલિકપક્ષે જરૂર જોઇ નથી એટલું જ નહિ, પણ ઉદ્યોગના બે મોટા પક્ષો વચ્ચે જે સંબંધ છે તથા હોવો જોઇએ તે વિષે કેટલાક સંકુચિત વિચારો રજુ કર્યા છે. નવાઇ નથી કે પંચ સાહેબને એમાંથી પોતાને જે જોઇતું હતું તે કાંઇ ન મળ્યું એટલે, અને પ્રથમના કરતાં બમણા ત્રમણા નફા કરનાર મીલમાલિકો ફરજ પડે તો મજુરોને ચાહે તેટલા ટકા વધારે આપી શકે છે એમ પોતે પ્રત્યક્ષ જોયું એટલે, તેમણે **વ્યવહારૂ ન્યાય** આપી દીધો કેઃ ‘ મીલમાલિકોએ કારીગરોને તકરારને લગતા બાકીના વખતના પગારમાં ૩૫ ટકા વધારો આપવો—એટલે કે ૨૭ાા ટકા આપતાં બાકી રહેલી રકમ તેઓએ કારીગરોને આપવી.’ આથી જે નિશ્ચયથી ગાંધીજીએ મજુરોને કહેલું કેઃ ‘ પંચ પાસેથી પણ આપણે ૩૫ ટકા લઇ શકીશું ’ એ શબ્દો અક્ષરેઅક્ષર સાચા પડ્યા છે.

ગાંધીજીને પુણ્ય પ્રતાપે અમદાવાદે—અને અમદાવાદને નિમિત્તે હિંદુસ્તાને,—આ સીધી, સુંદર અને નિર્દોષ લડતનો લ્હાવો લીધો. અગાઉ ઘણીએ વાર હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં મીલમાલિકો અને મીલમજુરો વચ્ચે લડતો થઇ છે,

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

5/10/2021



પણ તેમાંની એકે આ લડતની માફક સ્વચ્છ સાધનોથી, ધનના નહિ પણ કેવળ સંકલ્પના બળે, અને સંપૂર્ણ મીઠાશથી ચાલી નથી; કોઇ પણ લડતનું પરિણામ આ લડતના પરિણામ જેટલું બન્ને પક્ષને હિતકર અને ઉન્નતિકર આવ્યું નથી; અને આ લડતથી ભવિષ્યમાં કાંઇ પણ સંઘર્ષણ ઉત્પન્ન થવાનો અથવા તેથી કાંઇ પણ ગંભીર પરિણામ ઉત્પન્ન થવાનો એટલો બધો ઓછો સંભવ રહ્યો છે કે તેની આજે કલ્પના કરવી મુશ્કેલ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

# લડત દરમ્યાન નીકળેલી

# પત્રિકાઓ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

૧

આ લૉક-આઉટ તા. ૨૨મી ફેબ્રુઆરીને દિવસે શરૂ થયો. ત્યારથી સાળખાતાંનાં માણસો કામ વિનાનાં થઇ પડયાં છે. જ્યારે મીલમાલિકોએ મરકીને લીધે જે વધારો આપવામાં આવતો હતો તે બંધ કરવાની નોટિસ કાઢી અને તે સંબંધમાં ગેરસમજો થઇ ત્યારે માલિકો અને મજુરો વચ્ચેની તકરારનો ફડચો પંચથી લાવવાનો મત માલિકો તરફથી જાહેર પડેલો અને મજુરો તરફથી એ જ સ્થિતિ હશે એમ માની લેવામાં આવ્યું હતું. છેવટે મીલમાલિકોએ તા. ૧૪-૨-૧૮ ના રોજ મરકીના વધારાની અવેજીમાં મોંઘવારીને લીધે કેટલો વધારો કરવો વાજબી છે એ ચુકાદો કરવા પંચ નીમવાનો ઠરાવ કર્યો, અને પંચ તરીકે મહાત્મા ગાંધીજી, રા. શંકરલાલ બૅંકર તથા રા. વલ્લભભાઈ પટેલ મજુરો તરફથી, શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ જગાભાઈ દલપતભાઈ અને શેઠ ચંદુલાલ મીલમાલિકો તરફથી અને પ્રમુખ તરીકે કલેક્ટર સાહેબ નીમાયા. ત્યાર પછી કેટલીક મીલમાં ગેરસમજથી મજુરોએ હડતાલ પાડી. એ તેઓની ભુલ હતી. ભુલ સુધારવા મજુરો તૈયાર પણ થયા. છતાં માલિકોએ વિચાર્યું, કે મજુરોએ પંચના ઠરાવ પહેલાં હડતાલ પાડી એ ખોટું કર્યું, અને તેથી તેઓ પંચનો ઠરાવ રદ કરી શકે છે, અને એ ઠરાવ રદ કર્યો. અને તેની સાથે એવો ઠરાવ કર્યો કે મજુરોને તેઓના ચઢેલા પગાર ચુકવી આપવા અને ૨૦ ટકાના વધારાથી સંતોષ ન પામે તો મજુરોને રજા આપવી. વીવરોને સંતોષ ન થયો તેથી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



તેઓએ રજા લીધી, અને માલિકોનો લૉક–આઉટ શરૂ થયો. મજુરો તરફના પંચોને પોતાની જવાબદારી એવી જણાઈ કે તેઓએ મજુરોને કાંઈ પણ સલાહ આપવી જ જોઇએ, અને યોગ્ય વધારો શો માગી શકે છે એ જણાવવું જ જોઇએ. તેથી તેઓએ મસલત કરી અને માલિકો તથા મજુરોનું હિત વિચારી અને આસપાસનું બધું તપાસી ૩૫ ટકાનો વધારો યોગ્ય છે, અને તે માગવાની મજુરોને સલાહ આપવી એમ ઠરાવ્યું. તે સલાહ આપતાં પહેલાં ૩૫ ટકાનો વધારો ઠરાવવાનો ઇરાદો માલિકોને જણાવ્યો અને જો તેની સામે તેઓને કાંઇ પણ કહેવું હોય તો તે વિચારવાનું પણ જણાવ્યું. માલિકોએ આ બાબત પોતાનો વિચાર ન જણાવ્યો. મજુરોએ પોતાની માગણી ૫૦ ટકાના વધારાની હતી તે ખેંચીને ૩૫ ટકાનો વધારો માગવાનો ઠરાવ કર્યો.

## મજુરોની પ્રતિજ્ઞા

૧ મજુરોએ નીચે પ્રમાણે નિશ્ચય કર્યો છે:
જુલાઈના પગાર ઉપર ૩૫ ટકાનો વધારો ન મળે ત્યાં સુધી કામે ન ચઢવું.

૨ લૉક–આઉટ ચાલે છે તે દરમ્યાન કોઈ પણ પ્રકારનું તોફાન નહિ કરવું, મારામારી નહિ કરવી, લૂટફાટ નહિ કરવી, માલિકોની મિલ્કતને નુકસાન નહિ કરવું, ગાળાગાળી નહિ સંભળાવવી અને શાંતિથી રહેવું.

મજુરો પોતાની પ્રતિજ્ઞામાં કેમ સફળ થાય તેનો વિચાર આ પત્રિકાના બીજા અંકમાં કરવામાં આવશે.

મજુરોને એવી સલાહ આપવામાં આવે છે કે તેઓને કંઈ પણ કહેવું હોય તો કોઇ પણ વખતે તેઓ મારે બંગલે આવીને કહી શકે છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

૨

મજુરોની પ્રતિજ્ઞા શી છે તે આપણે ગઇ કાલના અંકમાં જોયું. એ પ્રતિજ્ઞા કેમ પળે એ વિચારવાનું છે. આપણે જાણીએ છીએ કે માલિકોની પાસે કરોડો રૂપીયા છે, મજુરોની પાસે કાંઇ નથી. પણ જો મજુરોની પાસે કાંઇ પૈસો નથી તો તેઓની પાસે કામ કરી શકે એવા હાથ અને પગ છે; અને દુનીયામાં એવો એકે ભાગ નથી કે જ્યાં મજુર વિના ચાલી શકતું હોય. તેથી મજુર જો બરોબર સમજે તો જાણી શકે કે ખરી સત્તા તેની છે. મજુર વિના પૈસો રાંક છે. આટલું જ્ઞાન મજુરને થાય તો તેને ખાતરી થયા વિના ન રહે કે તેને જીત મળશે. પણ એવી સત્તા ભોગવનાર મજુરમાં અમુક ગુણો હોવા જોઇએ અને તે ન હોય તો તે નમાલો થઇ જાય છે. એવા કયા ગુણ હોવા જોઇએ એ આપણે તપાસી જઇએ.

૧ મજુર સત્યવાદી હોવો જોઇએ. તેને જુઠું બોલવાનું કંઇ કારણ તો રહેતું જ નથી. પણ જો જુઠું બોલે તો તેને માગી મજુરી નથી મળી શકતી. સત્ય બોલવાવાળો હમેશાં એકવચની રહેશે, અને એકવચની મજુર કદિ હારે જ નહિ.

૨ દરેકમાં હિંમત હોવી જોઇએ. 'મારી નોકરી ગઇ હવે મારૂં શું થશે' એવી ફોકટ ધાસ્તી રાખી આપણામાંના ઘણા સદાય ગુલામગીરી કરીએ છીએ.

૩ આપણામાં ન્યાયબુદ્ધિ હોવી જોઇએ. જો આપણે લાયકાત ઉપરાંત માગીએ તો આપણને ઘણા ઓછા ઘણી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

મળવાના છે, અને ન પણ મળે. આપણી લડતમાં જે વધારો માગેલો છે એ ન્યાયસર છે, તેથી આપણે વિશ્વાસ રાખવો જ જોઇએ કે વ્હેલો કે મોડો આપણને ઇન્સાફ મળશે જ.

૪ આપણે માલિકની ઉપર કોઇપણ પ્રકારનો ગુસ્સો ન કરવો ઘટે, અને તેની ઉપર વેરભાવ પણ નહિ રાખવો જોઇએ. આપણે છેવટે તેમને ત્યાં જ નોકરી કરવી છે. ઇનસાન માત્ર ભૂલને પાત્ર છે. આપણી એવી માન્યતા છે કે માગેલો વધારો નથી આપતા તેમાં માલિકો ભુલ કરે છે. પણ આપણે છેવટ સુધી સીધા રહીશું તો માલિકો પોતાની ભુલ જરૂર સુધારી લેશે. અત્યારે તો તેઓને રોષ આવ્યો છે. તેઓને વહેમ પણ પડયો છે કે જો આજે મજુરોની માગણી કબુલ રાખીએ તો તેઓ હમેશાંને સારૂ પજવશે. આ વહેમ દૂર કરવા સારૂ આપણે જેટલી બને તેટલી ખાતરી માલિકોને આપણા કાર્યથી આપવી ઘટે છે. એવાં કાર્યમાં પહેલું કાર્ય તો એ છે કે આપણે તેઓની ઉપર વેરભાવ નહિ રાખવો.

૫ આવી જંગી લડતમાં દુઃખ ભોગવવું પડશે જ, એ દરેક મજુરે ગોખી રાખવું જોઇએ. પણ જાણી જોઇને ભોગવેલા દુઃખની પાછળ હમેશાં સુખ મળે છે. આપણને રોટલા પુરતું ન મળે એ દુઃખ છે. તોપણ આપણી અજ્ઞાનતાને લીધે આપણે તે ભોગવીએ છીએ, અને જેમતેમ જીંદગી ગુજારીએ છીએ. આવું દુઃખ મટાડવાને ખાતર આપણે એ ઉપાય લીધો છે કે માલિકોને અરજી કરી દીધી કે આપણે માગેલા વધારા વિના આપણું પેટ ન ભરી શકાય

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



અને હમેશાંનો ભૂખમરો દૂર કરવા સારૂ જો માગ્યો વધારો ન મળે તો આજે જ આપણે જાણીજોઇને ભુખનું દુઃખ સહન કરી લેવું. ક્યાં સુધી માલિકો આપણી ઉપર દયા લાવ્યા વિના રહેશે ?

૬ છેવટમાં ગરીબોનો બેલી ખુદા અથવા ઇશ્વર છે. તદબીર કરવી એ આપણું કામ છે. અને આપણા તકદીર પ્રમાણે આપણને જરૂર મળી રહેશે, એવું સમજી, ઇશ્વરની ઉપર ભરોસો રાખીને ચુસ્તપણે અડગ રહીને જ્યાં સુધી આપણી અરજી કબુલ નથી થઇ ત્યાં સુધી આપણે શાંતિ ભોગવવી ઘટે છે.

ઉપર પ્રમાણે ચાલનાર મજુરને પોતાના કસમ પાળવામાં કદિ હરકત આવનારી નથી.

લૉક–આઉટ ચાલે છે ત્યાં સુધી મજુરોએ દિવસ કેમ ગુજારવા એનો વિચાર આવતી કાલની પત્રિકામાં આપણે કરીશું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

## ૩

મજુરોની પ્રતિજ્ઞા વિષે આપણે લખ્યું; તે પ્રતિજ્ઞા કેમ પાળી શકાય એ વિચાર્યું. લૉક-આઉટ દરમીયાન મજુરોએ પોતાના દિવસ કેમ ગુજારવા તેનો વિચાર આજે કરવાનો છે.

આપણામાં કહેવત છે કે નવરો બેઠો નખોદ વાળે, એટલે દસ હજાર માણસો અમદાવાદમાં નવરા બેસી રહે એ સારૂં ગણાય જ નહિ. જેણે હમેશાં આખો દહાડો કામ કરેલું છે તે માણસ એકદમ કામ વિનાનો થઇ જાય તો તેને એ બહુ ભારે પડી જાય છે. તેથી આજનો આપણો વિષય એ આપણે ધારેલું મેળવવાને સારૂ ઘણો જ અગત્યનો છે. દિવસ કેમ ગુજારવા તેનો વિચાર કરતાં પ્રથમ તો આપણે મજુરોએ શું ન કરવું એ કહી જવું જરૂરનું છે.

૧ જુગાર રમવામાં વખત ન ગુમાવવો.

૨ દિવસના ઉંઘવામાં વખત નહિ ગાળવો.

૩ આખો દહાડો માલિકોની અને લૉક-આઉટની વાતો જ કર્યાં કરવામાં વખત નહિ ગાળવો.

૪ ઘણા માણસોને ન્હાની દુકાનોમાં જઇ ત્યાં નકામાં ટાહેલાં કરવાની અને વગરજરૂરનું ખાવાપીવાની આદત પડી જાય છે. મજુરોએ આવા ન્હાખાનાં વગેરેનો તદ્દન ત્યાગ કરવો.

૫ મજુરોએ લૉક-આઉટ ચાલુ છે ત્યાં સુધી મીલોમાં ન જવું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

**હવે શું કરવું તે વિચારીએ:**

૧ ઘણા મજુરોનાં ઘર અને ઘરની આસપાસનો ભાગ મેલો જોવામાં આવે છે. પોતે કામમાં હોય છે ત્યારે આ બાબત ઉપર ધ્યાન નથી આપી શકતા. હવે જ્યારે ફરજીયાત રજા પાળવાનો વખત આવ્યો છે ત્યારે મજુરો પોતાનાં ઘરબાર અને આંગણાં સાફ કરવામાં અને ઘરો સમારવામાં કેટલોક વખત ગાળી શકે છે.

૨ જેઓ ભણેલા છે તેઓએ પુસ્તકો વાંચવામાં અને પોતાનું ભણતર વધારવામાં વખત ગાળવો. વળી તેઓ અભણને ભણાવી શકે છે. આમ કરે તો એકબીજાને મદદ કરતાં પણ મજુરો શીખી જશે. જેઓને વાંચવાનો શોખ છે તેઓએ દાદાભાઈ પુસ્તકાલય અને વાચનાલય તથા આવાં બીજાં મફત વાંચવાનાં સ્થાનો છે ત્યાં જઈ વાંચવામાં વખત રોકવો.

૩ જેઓને ઝીણા ધંધાઓ માલુમ છે—જેવા કે દરજીના, ફેન્સી સુતારકામના, કોતરકામના—તેવા માણસો પોતે કામ શોધી કાઢી શકે છે, અને ન મળે તો અમારી મદદ એ શોધવામાં લઇ શકે છે.

૪ પોતાની આજીવિકા મળે એ ધંધા સિવાય દરેક માણસે એક બીજા ધંધાનું ઓછુંવત્તું જ્ઞાન મેળવી લેવું જોઇએ. એટલે મજુરો કાંઈક સ્હેલો નવો ધંધો શીખવામાં પણ પોતાનો કાળ ગાળી શકે છે. શિક્ષણ લેવામાં પણ અમારી તરફથી તેઓ મદદ મેળવી શકશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



હિંદુસ્તાનમાં એક ધંધો કરનારો બીજા ધંધામાં રોકાવું હલકું ગણે છે; વળી કેટલાક ધંધા જાતે જ હલકા ગણવામાં આવે છે. આ બન્ને વિચારો ભૂલ ભરેલા છે. જે ધંધાની માણસના જીવનને સારૂ જરૂર છે તે ધંધામાં નીચઉચ્ચપણાનો તફાવત હોય જ નહિ. તેમજ આપણે જાણતા હોઇએ તે સિવાય બીજો ધંધો કરવામાં શરમ પણ ન હોય. અમે તો માનીએ છીએ કે કપડાં વણવાં અને પથ્થર ફોડવા અથવા લાકડાં વ્હેરવાં કે ફાડવાં, કે ખેતરમાં મજુરી કરવી એ બધા જરૂરના અને માન આપવા લાયક ધંધા છે. એટલે એવી ઉમેદ રાખવામાં આવે છે કે મજુરો નવરા બેસી વખત ગુમાવવાને બદલે ઉપર બતાવ્યા પ્રમાણે કંઈક સારા કામની અંદર રોકાઈ પોતાનો વખત ગુજારશે.

મજુરોએ શું કરવું એ વિચાર્યા પછી અમારી પાસેથી મજુરોએ શી આશા રાખવી એ કહી જવું જરૂરનું છે. તેનો વિચાર હવેપછીની પત્રિકામાં કરીશું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

## ૪

મજુરોની પ્રતિજ્ઞા કેમ પળાય, લૉક–આઉટ દરમીયાન મજુરોએ શું કરવું, એ આપણે વિચાર્યું. અમે શી મદદ કરીશું એ આ અંકમાં જણાવવાનું રહ્યું છે. અમારી પ્રતિજ્ઞા જાણવાને મજુરોને હક છે. તે જણાવવી એ અમારી ફરજ છે.

**અમારાથી શું નહિ થઇ શકે એ પહેલું વિચારી લઇએ:**

૧ અમે મજુરોને કંઇ પણ ખોટામાં મદદ નહિ કરીએ.

૨ મજુરો ખોટું કરે કે વધારેપડતું માગે, કંઇ પણ તોફાન કરે, તો અમારે તેમનો ત્યાગ કરવો જોઇએ અને અમારી મદદ બંધ થાય.

૩ અમે માલિકોનું બુરૂં કદિ ઇચ્છી ન શકીએ; અને અમારા દરેક કાર્યમાં તેઓના હિતનો વિચાર રહે જ છે. માલિકોનું હિત જાળવીને અમે મજુરોનું હિત સાધીએ.

**હવે અમે શું કરશું તે વિચારીએ:—**

૧ મજુરોએ જેવી સરસ વર્તણુક આજ લગી ચલાવી છે તેવી ચલાવતા રહે ત્યાં સુધી અમે તેઓની સાથે જ છીએ.

૨ તેઓના ૩૫ ટકા મેળવવા અમારાથી જે બને તે અમે કરવાના છીએ.

૩ અમે હજુ તો માલિકોને વીનવીએ છીએ. આમની લાગણી ખેંચવા, પ્રજામત કેળવવા, હજુ અમે પ્રયત્ન નથી કર્યો. પણ સમય આવ્યે અમે મજુરોની સ્થિતિ આખા હિંદુસ્તાનને જણાવવા તૈયાર છીએ અને અમારી ઉમેદ છે કે જાહેર લાગણી આપણી તરફ ખેંચી શકીશું.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

૪ જ્યાં સુધી મજુરોને તેઓનો હક મળ્યો નથી ત્યાં સુધી અમે નિરાંતે બેસવાના નથી.

૫ મજુરોની પૈસા સંબંધી, નીતિ સંબંધી અને કેળવણી સંબંધી સ્થિતિ જાણવા અમે મહેનત કરીએ છીએ. તેઓની પૈસા સંબંધી સ્થિતિ કેમ સુધરે એ બતાવીશું, તેઓની નીતિમાં વધારો થાય એવી મહેનત કરીશું, તેઓ ગંદાઇમાં રહેતા હોય તો ચોખ્ખાઇમાં રહે એવા ઇલાજો શોધીશું, બતાવીશું, તેઓ અજ્ઞાન હશે તો જ્ઞાન મળે એવો બંદોબસ્ત કરવાની મહેનત કરીશું.

૬ આ લડતમાં જેઓ ભુખે મરવાની સ્થિતિમાં આવી જશે ને જેઓને કંઇ કામ મળી નહિ શકે તેવાને ઓઢાડયા પછી અમે ઓઢીશું, તેઓને ખવડાવી અમે ખાશું.

૭ માંદા મજુરોની સારવાર કરીશું, દાકતર, વૈદની મદદ મેળવીશું.

અમે અમારી જવાબદારી સમજીને આ કામમાં ઉતર્યા છીએ. અમે મજુરોની માગણી તદ્દન વ્યાજબી માનીએ છીએ, ને તે આપતાં માલિકોને નુકસાન નથી પણ અંતે ફાયદો છે એમ અમે માનીએ છીએ, તેથી જ અમે આ કાર્યમાં પડયા છીએ.

આવતા અંકમાં માલિકોની સ્થિતિનો વિચાર કરીશું.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

## ૫

આપણે આપણી સ્થિતિનો વિચાર કરી લીધો. માલિકોની સ્થિતિ વિચારવાનું કામ અધરૂં છે.

**મજુરોની પ્રવૃત્તિનાં બે પરિણામ આવી શકે:**

૧ મજુરોને ૩૫ ટકા વધારો મળે.

૨ મજુરોને વધારો મળ્યા વિના કામે ચઢવું પડે.

મજુરોને વધારો મળે તો તેઓનું કલ્યાણ થાય અને માલિકોને જશ મળે. મજુરોને વધારા વિના કામે ચઢવું પડે તો મજુરો શૌર્યહીન થઇ ગુલામની સ્થિતિમાં માલિકોના હાથમાં જાય. એટલે મજુરોને વધારો મળવાથી બંને પક્ષને લાભ છે. મજુરોના હારવામાં મજુરોને તો ભારે હાનિ છે.

**માલિકોની પ્રવૃત્તિનાં પરિણામ પણ બે આવી શકે:**

૧ માલિકો મજુરોને વધારો આપે.

૨ માલિકો મજુરોને વધારો ન આપે.

માલિકો મજુરોને વધારો આપે તો મજુરોને સંતોષ થાય, તેઓને ઇન્સાફ મળે. માલિકોને ડર છે કે મજુરોને માગ્યું આપવાથી મજુરો ઉદ્ધત બને. આ ડર પાયા વિનાનો છે. મજુરો કદાચ આજે દબાય તોપણ પોતાનો લાગ શોધી ઉદ્ધત બને એ અસંભવિત નથી. દબાયલા મજુરો વેરભાવ રાખે એવો પણ સંભવ છે. દુનીયાની તવારીખ બતાવે છે કે મજુરો જ્યાં જ્યાં દબાયા છે ત્યાં ત્યાં તેઓ લાગ મળ્યે સામે થયા છે. માલિકો એમ માને છે કે મજુરોની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



માગણી સ્વીકાર્યાથી તેઓના સલાહકારોની અસર તેઓની ઉપર વધશે. જો સલાહકારોની દલીલ સાચી હશે, તેઓ મહેનતુ હશે, તો મજુરો હારે કે જીતે છતાં સલાહકારોને તો તેઓ છોડવાના નથી; અને વધારે ધ્યાનમાં રાખવા જેવું તો એ છે કે સલાહકારો મજુરોનો ત્યાગ કરવાના નથી. જેઓએ સેવાધર્મ સ્વીકાર્યો છે તેઓ તે ધર્મ સામાની ઇતરાજી થતાં પણ છોડવાના નથી. જેમ તે નિરાશ થશે તેમ સેવામાં વધારે પરાયણ થશે. એટલે ગમે તે પ્રયાસો કરે તો પણ માલિકો સલાહકારોને મજુરોના સહવાસમાંથી દૂર નહિ કરી શકે. ત્યારે મજુરોને હરાવે તો તેઓને શું મળે ? જવાબ તો એ જ આવે છે કે મજુરોના અસંતોષ વિના બીજું ન મળે. દબાયલા મજુરો તરફ માલિકો હમેશાં શંકાની નજરે જોશે.

મજુરોને માગ્યો વધારો આપે તો માલિકો મજુરોને સંતોષશે. મજુરો પોતાની ફરજ ચૂકે તો માલિકો હમેશાં સલાહકારોની મદદ મેળવી શકે, અને હાલ બંનેને થતી નુકસાની અટકાવે. મજુરો સંતોષ મળવાથી હમેશાંનો પાડ માનશે, અને માલિકો તથા મજુરો વચ્ચે પ્રેમભાવ વધશે. આમ મજુરોની સફળતામાં જ માલિકોની સફળતા છે, અને મજુરોની હારમાં માલિકોની પણ હાર છે. આ શુદ્ધ ન્યાયને બદલે માલિકોએ પશ્ચિમનો અથવા આધુનિક રાક્ષસી ન્યાય સ્વીકાર્યો છે.

આ ન્યાય કેવો છે તેનો વિચાર આવતા અંકમાં કરીશું.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

જેમાં લાગણી અને દયાનો ભાવ રહ્યો છે એ શુદ્ધ ન્યાય કહેવાય. એને આપણે હિંદુસ્તાનના લોકો પૂર્વનો અથવા તો પ્રાચીન ન્યાય કહીએ છીએ. જેમાં લાગણી અથવા દયાનો ભાવ નથી રહ્યો તેને રાક્ષસી અથવા પશ્ચિમનો કે આધુનિક ન્યાય કહીએ છીએ. દયા અથવા લાગણીને લીધે દીકરો બાપની પાસેથી, બાપ દીકરાની પાસેથી ઘણી વખત ઘણું છોડી દે છે અને તેમ કરવામાં છેવટે બંને લાભ ઉઠાવે છે. છોડી દેવામાં છોડનાર એક પ્રકારની શુદ્ધ મગરૂરી માને છે અને એમ છોડવું એ પોતાની નબળાઇની નહિ પણ પોતાના બળની નિશાની માને છે. હિંદુસ્તાનમાં એવો જમાનો હતો કે જ્યારે નોકરો એક જ જગ્યાએ પેઢી દર પેઢી કામ કરતા. તેઓ જ્યાં કામ કરતા ત્યાંના જ કુટુંબના અંગ તરીકે ગણાતા, અને માન પામતા. શેઠના દુઃખે તેઓ દુઃખી થતા અને શેઠ તેના દુઃખસુખમાં સાથી રહેતા. એમ ચાલતું હતું ત્યારે હિંદુસ્તાનનો સંસાર ઘણો સરળ મનાતો હતો, અને હજારો વર્ષ સુધી એવા ધોરણ ઉપર રહી ટકી શક્યો. હજી પણ આ ભાવનાનો નાશ નથી થયો. જ્યાં આવી યોજના રહે છે ત્યાં ત્રીજા માણસનું કે પંચનું ભાગ્યે જ કામ પડે છે. શેઠનોકર વચ્ચેના સવાલોનો નિકાલ એ બંને સાથે મળીને જ કરી લે છે. એકબીજાની ગરજ ઉપર પગારના વધારાઘટાડાનો આધાર આમાં હતો જ નહિ. નોકરોની અછત જાણીને નોકરો વધારે પગાર માગતા નહિ, અને નોકરોની છત સમજીને શેઠ પગાર ઘટાડતા નહિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

આ ધોરણમાં અરસપરસની લાગણીને, મર્યાદાને, વિનયને, પ્રીતિભાવને પ્રધાનપદ હતું, અને આ ધર્મ અવ્યવહારિક ન્હોતો ગણાતો, પણ સામાન્યપણે આપણી ઉપર સત્તા ભોગવતો હતો. અને એ શુદ્ધ ન્યાયના કાયદાને વશ થઇને વર્તનારી આ પ્રજાની અંદર સેંકડો મહાભારત કાર્યો થઈ ગયાં છે એવો આપણી પાસે ઐતિહાસિક પુરાવો છે. આ પૂર્વનો કે પ્રાચીન ન્યાય.

પશ્ચિમમાં હાલ આથી ઉલટું વર્તી રહ્યું છે. પશ્ચિમના બધા માણસોને આ આધુનિક ન્યાય ગમે છે એમ નથી માનવાનું. પશ્ચિમમાં એવા ઘણા સાધુ પુરુષો પડયા છે કે જે પ્રાચીન ધોરણને સ્વીકારીને પોતાનું નિર્દોષ જીવન ગુજારે છે. છતાં પશ્ચિમની પ્રધાન પ્રવૃત્તિમાં હાલ લાગણીને કે દયાને જરાયે અવકાશ નથી. શેઠ પોતાની સગવડ પ્રમાણે પગારનું ધોરણ રાખે એ ન્યાય ગણાય છે. સામાની હાજતનો વિચાર કરવાની જરૂર ગણાતી જ નથી. મજુર પોતાની ઇચ્છા પ્રમાણે શેઠના ધંધાનો વિચાર કર્યા વિના માગી શકે છે અને એ ઇન્સાફ ગણાય છે. સૌએ પોતપોતાનું સંભાળી લેવું અને બીજાઓ તેઓનો વિચાર કરવા બંધાયલા નથી, એ ઇન્સાફ ગણાય છે. એ ધોરણથી યુરોપમાં હાલમાં ચાલતી લડાઈ ચાલી રહી છે. શત્રુને ગમે તે પ્રકારે વશ કરવામાં મર્યાદાની જરૂર નથી જણાતી. પ્રાચીન સમયમાં પણ આવાં યુદ્ધ તો થયાં હશે. પણ તેમાં પ્રજા સંડોવાતી ન હતી. આ અઘોર ન્યાય આપણે હિંદુસ્તાનમાં દાખલ ન કરીએ એ ઇચ્છવા જેવું છે. પોતાનું બળ સમજીને માલિકોનો વિચાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

કર્યા વિના જ્યારે મજુરો માગણી કરશે ત્યારે તેઓએ આધુનિક રાક્ષસી ન્યાય સ્વીકાર્યો ગણાશે. માલિકો મજુરની માગણી ઉપર ધ્યાન નથી દેતા તેમાં તેઓએ અજાણ્યે અને ભૂલથી પણ રાક્ષસી ન્યાય સ્વીકાર્યો છે. મજુરોની સામે માલિકોની એકત્રતા એ કીડીઓની સામે હાથીઓનું મંડળ ઉભું કર્યા બરોબર છે. ધર્મનો વિચાર કરતાં માલિકોએ મજુરોની સામે થતાં થરથરવું જોઇએ. મજુરોનો ભૂખમરો એ માલિકોનો લાગ છે, આવો ન્યાય હિંદુસ્તાનમાં પૂર્વે માણસોએ જ્ઞાનપૂર્વક સ્વીકાર્યો હોય એમ જણાતું નથી. જે ન્યાયની અંદર કોઇને નુકસાન થાય જ નહિ એ જ ન્યાય હોય. અમે તો નિશ્ચયપૂર્વક આશા રાખેલી છે કે આ ગરવી ગૂજરાતની રાજધાનીના શ્રાવક અથવા વૈષ્ણવ ધર્મ સ્વીકારનારા માલિકો મજુરોને નમાવવામાં, તેઓને હઠ-પૂર્વક ઓછું આપવામાં કદિ પોતાની જીત સમજશે નહિ. અમે માની લઇએ છીએ કે આ પશ્ચિમનો વાયરો જેટલા ઝપાટાથી વાયો છે તેટલા જ વેગથી વિખરાઇ જશે. વિખરાય કે ન વિખરાય, પણ અમે મજુરોને હાલ પશ્ચિમમાં ચાલતી પ્રવૃત્તિ શીખવવા માગતા નથી. અમે તો તેઓને આપણા દેશનો જૂનો ન્યાય, જેવો આપણે જાણ્યો છે તેવો ન્યાય, પાળી પળાવી તેઓના હક સાબિત કરવામાં મદદ કરવા ઇચ્છીએ છીએ.

હાલના પશ્ચિમના ન્યાયથી થએલાં કેટલાંક માઠાં પરિણામોના દાખલા આવતા અંકમાં વિચારીશું.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

૭

દક્ષિણ આફ્રિકા એક મહાન અંગ્રેજી સસ્થાન છે. ત્યાં ગોરા લોકોનો વસવાટ ચારસેં વર્ષથી ચાલે છે. તેઓને સ્વરાજ્યની સત્તા છે. ત્યાંની રેલવેમાં ઘણા ગોરા મજુરો છે. આ મજુરોને પોતાના પગાર વિષે ગેરઇન્સાફ થતો હતો. પણ મજુરોએ માત્ર પોતાના પગારનો વિચાર કરવાને બદલે આખી રાજ્યસત્તા લેવાનો વિચાર કર્યો. આ ગેર-ઇન્સાફ હતો, રાક્ષસી ન્યાય હતો. આને પરિણામે સરકાર તથા મજુરો વચ્ચે ઝેર વધ્યું ને દક્ષિણ આફ્રિકામાં ચોમેર ભય ફેલાયો. કોઇને પોતાની સલામતી નહિ જણાઈ. છેવટે ધોળે દહાડે બન્ને પક્ષ વચ્ચે મારામારી પણ થઇ ને કેટલાક નિર્દોષ માણસ માર્યા ગયા. ચોમેર લશ્કરી સીપાહીઓ ફરી વળ્યા. બન્નેયે ખુબ ગુમાવ્યું. બન્નેનો વિચાર એકબીજાને હરાવવાનો હતો. કોઇને શુદ્ધ ઇન્સાફની ગરજ ન હતી. બન્ને એકબીજાની વાતો વધારીને કરતા હતા. પરસ્પરની લાગણીની દરકાર એકે પક્ષને ન હતી.

આમ ચાલતું હતું તે જ વેળા આપણા મજુરો શુદ્ધ ન્યાય જાળવતા હતા. જ્યારે ઉપરની હડતાલ પડી ત્યારે ૨૦,૦૦૦ હિંદી મજુરોની હડતાલ જારી હતી. આપણે ત્યાંની સરકાર સામે શુદ્ધ ન્યાયને સારૂ લડતા હતા. આપણા મજુરોનું હથીયાર સત્યાગ્રહ હતું. તેઓને સરકારની ઉપર વેરભાવ ન હતો, તેઓ સરકારનું બુરૂં ન્હોતા ઇચ્છતા, તેઓને સરકારને પદભ્રષ્ટ કરવાનો લોભ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ન હતો. તેઓની હડતાલનો લાભ ઉપરના ગોરા લેવા ચાહતા હતા. આપણા મજુરોએ તેમ કરવા ના પાડી. તેઓએ કહ્યું: ' અમારી લડત તો સત્યાગ્રહની છે. અમે સરકારને કનડવા નથી લડતા. એટલે તમે લડો છો તે દરમીયાન અમે અમારી લડત મોકુફ રાખશું. ' આમ કહી આપણા મજુરોએ હડતાલ બંધ કરી. આને આપણે શુદ્ધ ન્યાય કહીએ. છેવટે આપણા મજુરોની જીત થઇ ને તેમાં સરકારને પણ જશ મળ્યો, કેમકે આપણી માગણી સ્વીકારવામાં ન્યાય હતો. આપણા મજુરોએ લાગણીને સ્થાન આપ્યું, સામેનાની ભીડનો તેઓએ લાભ ન લીધો. લડાઇને અંતે સરકાર તથા પ્રજા વચ્ચે વેર વધવાને બદલે પ્રેમભાવ વધ્યો, આપણું માન વધ્યું. આમ શુદ્ધ ન્યાયથી થયેલી લડત બન્ને પક્ષને લાભદાયી નીવડે છે.

તે જ ધોરણે આપણે ન્યાયની બુદ્ધિથી આપણી લડત ચલાવશું, માલિકો ઉપર વેરભાવ નહિ રાખીએ ને હમેશાં હક ઉપર જ રહીશું તો આપણે જીતશું એટલું જ નહિ પણ માલિકો અને મજુરો વચ્ચે પ્રેમ વધશે.

ઉપરના દાખલામાંથી બીજું આપણે એ જોઇએ છીએ કે સત્યાગ્રહમાં બન્ને પક્ષને સત્યાગ્રહી હોવાની જરૂર નથી. એક પક્ષ સત્યાગ્રહી રહે તોપણ છેવટે સત્યાગ્રહનો જય થાય છે. ને શરૂઆતમાં ઝેર વાપરી લડે તેનું ઝેર પણ, પોતાના ઝેરની સામે ઝેર ન મળવાથી સુકાઇ જાય છે. માણસ પોતાનું જોર હવામાં કાઢવા જાય તો તેનો હાથ ઉતરી જાય છે; તેમ ઝેર પણ જો સામે ઝેર મળે તો જ વધી શકે છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



તેથી આપણે ચોકસપણે જાણી શકીએ છીએ કે આપણે દૃઢતાથી લડશું ને હિંમત નહિ મેલીએ તો આપણને અંતે જય મળવાનો જ છે.

આવતી કાલે કેટલાક સત્યાગ્રહીઓના દાખલા વિચારીશું.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

૮

દુનીયામાં પ્રખ્યાત થઇ ગયેલા સત્યાગ્રહીઓનું વર્ણન આપણે આ અંકમાં નથી કરવાના, પણ આપણા જેવા જ માણસો કેટલું દુઃખ સહન કરી શકયા છે એ જાણવું આપણને વધારે ફાયદાકારક અને વધારે દૃઢ બનાવનારૂં થઈ પડશે. ઇમામ હસન અને હુસેન એ મહા ધીર વીર સત્યાગ્રહી થઇ ગયા. તેમના નામને આપણે પૂજીએ છીએ, પણ તેમના સ્મરણથી આપણે સત્યાગ્રહી નથી થતા. આપણને લાગી જાય છે કે તેઓની શક્તિ અને આપણી શક્તિ વચ્ચે શો મુકાબલો ? એવું જ સ્મરણ કરવાયોગ્ય નામ ભક્ત પ્રલ્હાદનું છે. પણ આપણે બધાં એની ભક્તિ, એની દૃઢતા, એનું સત્ય, એનું શૌર્ય કયાંથી કાઢીએ એમ આપણને લાગી આવે છે અને છેવટે હતા તેવા ને તેવા રહી જઇએ છીએ. તેથી આ સમયે આપણા જેવા જ માણસોએ શું કર્યું છે તેનો ખ્યાલ કરીએ. આવો સત્યાગ્રહી હરબતસિંગ હતો. હરબતસિંગ ૭૫ વર્ષનો ડોસો હતો. તે દક્ષિણ આફ્રિકામાં ૭ રૂપીયાના પગારથી પાંચ વર્ષ સારૂ બંધાઇને ખેતરોમાં મજુરી કરવા ગયેલો. જ્યારે ગયા અંકમાં વર્ણવી ગયા તે ૨૦,૦૦૦ હિંદીઓની હડતાલ પડી ત્યારે હરબતસિંગ પણ તેમાં દાખલ થયો. કેટલાક હડતાલીયાને જેલ મળી હતી. તેમાં આ હરબતસિંગ પણ આવ્યો. તેના સાથીઓએ તેને વિનવ્યો. તેને કહ્યું: ' તમારૂં કામ આ દુઃખદરીયામાં પડવાનું છે નહિ. તમે જેલને લાયક નથી. તમે આવી લડતમાં દાખલ નહિ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ચાઓ તેથી કોઈપિણ તમારી તરફ આંગળી કરી શકે તેમ નથી. ' હરબતસિંગે જવાબ આપ્યોઃ ' તમે બધા જ્યારે આપણા માનને ખાતર આટલું દુઃખ સહન કરો છો ત્યારે મારે બહાર રહીને શું કરવું હતું ? હું આ જેલમાં રહીને મરૂં તોપણુ શું ? ' અને ખરે હરબતસિંગ એ જ જેલમાં મરણ પામ્યો અને અમર થઈ ગયો. તે જેલની બહાર મુઓ હોત તો તેનો કોઈએ ભાવ ન પૂછયો હોત. તે જેલમાં મુઓ તેથી તેની લાશની કોમે માગણી કરી અને તે લાશની પાછળ સેંકડો હિંદી સ્મશાન-ભૂમિએ ગએલા.

જેમ હરબતસિંગ તેમજ ટ્રાન્સવાલના વેપારી અહમદ મહમદ કાછલીયા છે. ઈશ્વરની મહેરબાનીથી તે હજુ જીવતા છે, અને હિંદી કોમને સંઘરીને તેનું નાક સાબિત રાખીને દક્ષિણ આફ્રિકામાં બિરાજે છે. જે લડતમાં હરબતસિંગે પોતાના શરીરનો ભોગ આપ્યો તે જ લડતમાં શેઠ અહમદ મહમદ કાછલીયા કેટલીક વેળા જેલમાં ગયા છે. પોતાનો વેપાર હતો તેનો નાશ થવા દીધો, અને અત્યારે પોતે ગરીબીમાં રહે છે છતાં સર્વ ઠેકાણેથી માન પામી રહ્યા છે. અનેક સંકટો સહન કરીને પણ તેમણે પોતાની ટેક રાખી.

પણ જેમ એક બુઢ્ઢો મજુર અને એક મધ્યમ વયના પ્રસિદ્ધ વેપારી પોતાના વચનને ખાતર ઝૂઝયા, અનેક કષ્ટો સહન કર્યાં, તેમજ એક જુવાન સત્તર વર્ષની બાળાએ પણ કર્યું. તેનું નામ વાલીયામા હતું. તે પણ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

એ જ લડતમાં કોમની ટેકને સારૂ જેલમાં ગઇ. ગઇ ત્યારે તાવથી પીડાતી હતી. જેલની અંદર તાવ વધ્યો. જેલરે જેલ છોડવાનું સૂચવ્યું. વાલીયામાએ જેલ છોડવાની ના પાડી, અને દૃઢતાપૂર્વક જેલ પૂરી કરી. જેલમાંથી નીકળીને ચોથે કે પાંચમે દિવસે મરણ પામી.

આ ત્રણેનો શુદ્ધ સત્યાગ્રહ હતો. ત્રણેએ દુઃખો સહન કરી, જેલમાં પણ જઈ પોતાની ટેક પાળી. આપણી ઉપર આવું કશુંયે વાદળ નથી. આપણે કસમ પાળવામાં ભારેમાં ભારે દુઃખ તો એ જ સહન કરવાનું રહ્યું છે કે આપણી કંઇક મોજમજા ઓછી કરવી અને આપણને આજ સુધી મળતો આવ્યો છે તે પગાર વિના સુખેદુઃખે રહેવું. એ કંઇ ભારે વાત નથી. જે કામ આ જમાનામાં આપણા જ ભાઇઓ અને બ્હેનો કરી શક્યાં તેના જેવું કંઇક આપણને કરવું મુશ્કેલ ન હોવું જોઇએ.

આ વિષયનો થોડો વધારે વિચાર આવતા અંકમાં કરીશું.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

૯

ગઇ કાલે આપણે ત્રણ સત્યાગ્રહીઓના દાખલા વિચાર્યા. પણ એ લડતમાં તેવા ત્રણ જ સત્યાગ્રહી હતા એમ નહિ. ૨૦,૦૦૦ માણસ એકી વખતે કામકાજ વિનાના થઈ પડયા હતા, અને આ સ્થિતિ બાર દિવસમાં પૂરી નહોતી થઇ. આખી લડત તો સાત વર્ષ સુધી ચાલી અને તેટલા કાળ સુધી સેંકડો માણસો અદ્ધર જીવે રહેલા અને પોતાની ટેક સાચવેલી. ૨૦,૦૦૦ મજુરો લગભગ ત્રણ માસ સુધી ઘરબાર વિના અને પગાર વિના રહેલા. ઘણાએ પોતાનો થોડોઘણો માલ હતો તે વેચી નાંખેલો. પોતાનાં ઝુંપડાં તજ્યાં, પોતાના ખાટલાગોદડાં, જાનવરો વગેરે વેચી નાંખ્યાં અને કુચ કરવા નીકળી પડયા. તેમાંના સેંકડોએ કેટલાક દહાડા સુધી વીશ વીશ માઇલની મજલ કીધી અને માત્ર પોણો શેર આટાની રોટલી અને અઢી રૂપીયાભાર ચીની ઉપર પોતાના દિવસો ગુજાર્યા. આમાં હિંદુ પણ હતા અને મુસલમાન પણ હતા. એમાંના એક મુંબઇની જુમામસ્જીદના મુઆઝિમના ફરજંદ છે. તેમનું નામ ઇમામસાહેબ અબદુલ કાદર બાવઝીર છે. જેમણે કોઇ દિવસ દુઃખ સહન નહોતું કર્યું તેમણે જેલનું દુઃખ સહન કર્યું, અને જેલમાં રહીને રસ્તાઓ સાફ કરવાની, પથ્થર ફોડવાની વગેરે મજુરી કરી, અને મહિનાઓ લગી અતિશય સાદા અને નીરસ ખોરાક ઉપર રહ્યા. અત્યારે તેમની પાસે ફુટી બદામ સરખી પણ નથી. એવા જ સુરત જીલ્લાના દાદામીયાં કાજી છે. એ મદ્રાસ તરફનાં બાળકો સત્તર વર્ષની

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

અંદરની ઉમરના નારાયણ સ્વામી અને નાગાપન તેમણે પોતાની જીંદગીનો ભોગ દીધો, તડકા સહન કર્યા, પણ તે પાછા હઠયા નહિ.

આપણે યાદ રાખવાની જરૂર છે કે એ જ લડાઇની અંદર જે સ્ત્રીઓએ કોઇ દિવસ મજુરી નહિ કરી હતી તે સ્ત્રીઓ ફેરી ફરવાને નીકળી હતી, અને જેલની અંદર ધોબણનું કામ કર્યું હતું.

આ દાખલાઓનો વિચાર કરતાં એવો કયો મજુર આપણામાં હશે કે જે પોતાની ટેકને જાળવવા ખાતર સાધારણ અગવડ સહન કરવાને તૈયાર ન હોય ?

અમે જોઇએ છીએ કે માલિકોએ સૂચનાપત્ર કાઢયાં છે તેમાં ક્રોધના આવેશમાં આવી જઇને કેટલીક ન છાજે એવી વાતો લખેલી છે, કેટલીક વાતોને જાણ્યે કે અજાણ્યે વધારી છે, અને કેટલીકને મરોડ આપવામાં આવ્યો છે. ક્રોધની સામે આપણાથી ક્રોધ તો થાય જ નહિ. તેમાં આવેલી ગેરમુનાસબ હકીકત સુધારવી, એ પણ ઠીક જણાતું નથી. માત્ર એટલું જ કહેવું બસ છે કે તેમાં આવેલાં લખાણોથી દોરવાઇ પણ ન જવું, તેમ ખીજાઇ પણ ન જવું. મજુરોના સલાહકારોની ઉપર કેટલાક આરોપો મુકાયલા છે તે ખરા હશે તો તેનો જવાબ અહીંઆ આપવાથી ખોટા ઠરવાના નથી. તે ગેરવાજબી છે એમ અમે જાણીએ છીએ. અહીં જવાબ આપીને ગેરવાજબીપણું સિદ્ધ ન કરતાં અમારા ભવિષ્યના વર્તન ઉપર તેની સાબીતીનો આધાર રાખશું.

આવતી કાલે આ પ્રસંગને લગતું કંઇક વિચારશું.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

આપણી આ સ્થિતિમાં ઉપરના સવાલનો વિચાર કરવો એ બહુ જરૂરનું છે. લૉક-આઉટને લગભગ પંદર દિવસ થયા એટલામાં કોઇ કહે છે અમારી પાસે ખાવાનું નથી, કોઇ કહે છે અમે ભાડું સરખું પણ નથી આપી શકત ઘણાખરા મજુરોના ઘરોની સ્થિતિ ઘણી ખરાબ જોવામાં આવી છે. તેમાં હવાઅજવાળું નથી હોતાં. ઘરો જુનાં થઇ ગયેલાં જોવામાં આવે છે. આસપાસ ગંદકી પુષ્કળ છે. તેઓનાં અંગ ઉપર સ્વચ્છ કપડાં જોવામાં નથી આવતાં. કેટલાક ધોબીનું ખર્ચ નથી આપી શકતા, તેથી મેલાં કપડાં પહેરે છે; અને કેટલાક કહે છે કે તેઓ સાબુનું ખર્ચ નથી કરી શકતા. મજુરોનાં છોકરાં :રખડે છે. તેઓ તાલીમ વિનાના રહે છે અને કેટલાક તો પોતાનાં કુમળાં બાળકોને પણ કમાણીને અર્થે વાપરે છે. આટલી બધી કંગાલ હાલત ખરેખર શોકજનક છે. અને તેનું ઓસડ ૩૫ ટકાનો વધારો એ જ નથી. બમણા પગાર થાય એ છતાં બીજા ઇલાજો ન લેવાય તો સ્થિતિ કંગાલ રહેવાનો સંભવ છે. આવી કંગાલીયતનાં ઘણાં કારણો છે. તેમાંનાં કેટલાંક આપણે આજે વિચારીશું મજુરોને પુછતાં અમે જોઇએ છીએ કે તેઓ પૈસાની તંગી આવે ત્યારે દર રૂપીયે એક આનાથી શરૂ કરીને ચાર આના સુધીનું વ્યાજ દર માસે આપે છે. આ કમકમાટી ઉપજાવે એવી વાત છે. આવું વ્યાજ જે માણસ એક વખત પણ આપે તેને છૂટવું મહા મુશ્કેલ છે. જરા વિચારીએ. સોળ રૂપીયા ઉપર દર રૂપીયે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



એક આના લેખે સોળ આના વ્યાજ થયું. આટલું વ્યાજ આપનાર, મુદ્દલ જેટલું વ્યાજ એક વરસ ને ચાર મહિનાની અંદર ભરી દે છે. આ પોણોસો ટકા વ્યાજ થયું. બારથી સોળ ટકા વ્યાજ આપવું પડે તે પણ આકરૂં ગણાય છે, તો પોણોસો ટકા આપનારો માણસ કેમ ઉભો થઇ શકે? રૂપીયા ઉપર ચાર આના આપનારનું તો પુછવું જ શું? એ માણસને મહિનાના સોળ રૂપીયા ઉપર ચાર રૂપીયા ભરવા પડે અને ચાર મહિનામાં તો મુદ્દલ જેટલા આપવા પડે. આ વ્યાજ ત્રણસેં ટકા લેખે થયું. આવાં વ્યાજ ભરનારા માણસો હમેશાં કરજમાં જ રહે છે અને તેમાંથી નીકળી શકતા નથી. વ્યાજનો માર મહમ્મદ પેગમ્બરે ભારે જોયેલો તેથી જ આપણે કુરાને શરીફની અંદર વ્યાજને વિષેની સખ્ત આયતો વાંચીએ છીએ. તેવાં જ કારણોથી હિન્દુ શાસ્ત્રોમાં દામદુપટનો ન્યાય દાખલ થયો હોવો જોઇએ. આ લડતને અંગે જો હિન્દુ અને મુસલમાન બધા મજુરો આવાં સખ્ત વ્યાજ નહિ ભરવાના કસમ લેશે તો તેઓની ઉપરથી ભારે બોજો ઉતરશે. બાર ટકાથી વધારે વ્યાજ કોઇએ પણ નહિ આપવું જોઇએ. કોઇ એમ કહેશે આ વાત તો ઠીક છે, પણ વ્યાજે લેવાયેલા છે તે કેમ ભરીએ? એ તો હવે જીંદગીભર ચોંટેલી વસ્તુ છે. આવી સ્થિતિનો સારામાં સારો રસ્તો તો એ જ છે કે મજુર લોકોની અંદર એવાં મંડળો ઉભાં કરવાં કે જેથી એક-બીજાને પૈસાની પણ મદદ મળી શકે. કેટલાકની સ્થિતિ એવી જેવામાં આવી છે કે જેઓ પોતાના વ્યાજના બોજા તળે કચરાઇ રહેલા ભાઇને મુક્ત કરી શકે છે. બહારના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

માણુસો આમાં ઓછા જ વચમાં પડશે. જેને આપણી ઉપર પૂરો ઇતબાર છે તે જ મદદ કરી શકે. ગમે તેવું સાહસ કરીને પણ આ મહા દુઃખમાંથી મજુરોએ છૂટવાની જરૂર છે. આવાં વ્યાજ આપવાં એ કંગાલીયતનું ભારે કારણ છે. બીજાં બધાં કદાચ તેનાથી ઉતરતાં હશે. તેનો વિચાર હવે પછી કરીશું.

---

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

૧૧

જેમ જેમ દહાડા જતા જાય છે તેમ તેમ મજુરોને ભમાવનારી પત્રિકાઓ પણ નીકળ્યાં કરે છે. વળી એમ સાંભળવામાં આવ્યું છે કે મંગળવારે લૉક–આઉટ બંધ થવાનો છે, અને જે મજુરો કામે ચઢે તેમને લેવામાં આવશે. વળી એમ પણ સાંભળવામાં આવ્યું છે કે પાંચ અને પાંચ કરતાં વધારે મજુરો લાવનાર મજુરને કંઇક ઇનામ પણ આપવામાં આવશે. આ બન્ને હીલચાલની સામે કાંઈ કરવા જેવું ન હોય. બીજા માણસોને રોકીને મજુરોને મીલમાં પાછા દોરવાનો માલિકોને અધિકાર છે. પણ મજુરોની શી ફરજ છે? મજુરોએ જણાવ્યું કે તેઓને સારૂ વીશ ટકાનો વધારો બસ નથી. તેઓએ તે બાબતની નોટિસો પણ આપી. તેઓએ ૩૫ ટકાથી ઓછો વધારો નહિ લેવાના કસમ પણ ખાધા છે. હવે આવી સ્થિતિમાં આવેલો મજુર પોતાની ટેક, પોતાનું નામ, પોતાની મર્દાનગી છોડયા વિના ૩૫ ટકા વધે નહિ ત્યાં સુધી પાછો ન જઇ શકે. પણ એવો સંભવ છે કે મજુરમાત્રને આવી ટેક ન હોય. મજુરમાત્રે આવા કસમ પણ ન લીધા હોય. કેટલાક મજુરો ગુજરાત બહારના છે. તેઓ આપણી સાંજની સભાઓમાં પણ ન આવતા હોય એવો સંભવ . તેઓ પણ ૨૦ ટકાના વધારાથી કામે ચઢે તો આપણે ખોટું માનીએ. આવા અજ્ઞાન મજુરોને શોધી કાઢી તેઓને ખરી દશાનું જ્ઞાન આપવું એટલી અને એટલી જ આપણી

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ફરજ છે. દરેકે યાદ રાખવું જોઇએ કે એવાઓની ઉપર પણ કોઇ પ્રકારનું દબાણ ન થવું જોઇએ.

મંગળવારે એટલે આવતી કાલે સવારના સાડાસાત વાગે આપણે હમેશની જગ્યાએ મળવાના છીએ. માલિકોના મીલ ઉઘાડવાની લાલચમાં કોઇએ નહિ પડવાનો સારામાં સારો રસ્તો એ છે કે દરેકે સવારના સાડાસાત વાગે જ્યાં મળીએ છીએ ત્યાં હાજરી આપવી. એટલું જ નહિ પણ જેઓ આજ સુધી નથી આવેલા એવા અજ્ઞાત અને પરદેશી મજુરો છે તેમને પણ શોધી કાઢવા. તેમને આમંત્રણ આપવું અને તે સભામાં લઇ આવવા. આ લાલચના દિવસોમાં સહુને ઘણા વિચારો આવશે. રોજગાર કરનારને બીનરોજગાર રહેવું મહાદુઃખદાયક હોય છે. આવા બધાને સભામાં આવવાથી કંઇક ધીરજ મળશે. જેઓ પોતાની શક્તિનો ખ્યાલ રાખી શકે છે તેઓને બીનરોજગાર રહેવાપણું રહેતું નથી. હકીકતમાં મજુર એટલો બધો સ્વતંત્ર છે કે તેને જો પોતાની દશાનું ભાન આવે તો નોકરી જવાથી કદિ અકળામણ આવે જ નહિ. પૈસાદારની મૂડીનો અંત આવે, તે ચોરાઈ જાય, ખોટે રસ્તે વપરાતાં પળવારમાં ખૂટી જાય, પોતાની ખોટી ગણત્રીથી પૈસાદારને દેવાળું પણ કાઢવું પડે. પણ મજુરની મૂડી અખૂટ છે, ન ચોરાય તેવી છે, અને તેને મનમાન્યું વ્યાજ હમેશાં મળ્યાં કરે છે. તેના હાથ અને પગ, મજુરી કરવાની શક્તિ, એ તેની અખૂટ મૂડી છે, અને તેની મજુરી એ વ્યાજ છે. વધારે શક્તિ વાપરનારો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

5/10/2021



મજુર સ્હેજે વધારે વ્યાજ લઇ શકે છે એવો સીધો ન્યાય છે. આળસુ મજુરને જરૂર ભૂખે મરવું પડે છે. તેને નિરાશા થાય. ઉદ્યોગીને પળવાર પણ ચિંતા ભોગવવાનું કારણ નથી. સહુ મંગળવારે સવારે વેળાસર આવજો અને ત્યાં તમે કેવા સ્વતંત્ર છો તેનું વધારે ભાન મેળવી શકશો.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

## ૧૨

આજથી નવું પ્રકરણ શરૂ થાય છે. માલિકોએ લૉક-આઉટ બંધ કરવાનો ઠરાવ કર્યો છે અને જેને ૨૦ ટકાનો વધારો લઇને જવું હોય તેને લેવા પોતાની ઇચ્છા બતાવી છે. એટલે હવે માલિકોનો લૉક-આઉટ મટીને મજુરોની હડતાલ આજથી શરૂ થાય છે. માલિકોના આ ઠરાવની જાહેર ખબર તમે સાંએ જોઇ છે. તેમાં તેઓ લખે છે કે ઘણા મજુરો ચઢવા તૈયાર છે. એમ છતાં તેઓના લૉક-આઉટને લીધે ચઢી શકયા નથી. મજુરોનો હમેશાં થતો મેળાવડો અને તેઓના કસમ વચ્ચે અને માલિકોને મળેલી ખબર વચ્ચે કાંઇ મળતાપણું જોવામાં આવતું નથી. યા તો માલિકોને મળેલી ખબર સાચી છે અથવા તો મજુરો હમેશાં મેલાવડામાં હાજર થાય છે અને તેઓએ કસમ લીધેલા છે એ સાચું છે. મજુરોએ કસમ લેતા પહેલાં દરેક બાબતનો વિચાર કર્યો છે અને હવે તેઓથી ગમે તેવી લાલચ મળે અને ગમે તેટલું દુઃખ થાય તોપણ ૩૫ ટકાનો વધારો મળ્યા વિના કામ ઉપર ન જ ચઢી શકાય. આમાં તેઓનું ઇમાન રહેલું છે. એક તરફ વચન અને બીજી તરફ લાખો રૂપીયા, એ બંનેની સરખામણી કરો તો તેમાં વચનનું વજન ચઢી જવાનું છે. આ વાતને મજુરો ગોખી રાખશે એવી અમારી ખાતરી છે. મજુરોને ચઢવાનો પોતાના વચનને વળગી રહેવા સિવાય ઇલાજ છે જ નહિ, અને અમારી તો ખાતરી છે કે જો મિલ માલિકો સમજે તો તેઓની ઉન્નતિ પણ મજુરોના કસમ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

પાળવામાં રહેલી છે. જેઓ પોતાના કસમ નહિ પાળી શકે તેવા માણસો પાસેથી મજુરી લઇને છેવટે તો માલિકો પણ ફાયદો નથી ઉઠાવવાના. ધાર્મિક વૃત્તિવાળો માણસ બીજાની પ્રતિજ્ઞા તોડાવવામાં કદિ રાજી થાય નહિ, કદિ ભાગ લે નહિ, છતાં અત્યારે આપણને માલિકોની ફરજ વિચારવાને અવકાશ નથી. તેઓ પોતાની ફરજ સમજે છે. આપણે તો માત્ર તેઓને વિનવી શકીએ, પણ મજુરોને પોતાની ફરજ આ વખતે સંપૂર્ણરીતે વિચારી લેવાની જરૂર છે. આવો અવસર ફરી પાછો નથી આવવાનો.

મજુરો કસમ તોડીને શું મેળવવાના છે, એ જરા વિચારીએ. આ સમયે હિન્દુસ્તાનમાં ઇમાનદાર માણસને, ગમે તે જગ્યાએ હોંશીયારીપૂર્વક મજુરી કરે તો વીસ પચીસ રૂપીયા મળી રહે છે. એટલે મજુરોને ભારેમાં ભારે ધક્કો તો એટલો જ પહોંચી શકે કે માલિકો હમેશને સારૂ તેઓનો ત્યાગ કરે અને તેઓને બીજી જગ્યાએ નોકરી શોધવી પડે. વિચારવાન મજુર સમજી લે કે થોડા દિવસના પ્રયાસથી તે પોતે ગમે ત્યાં નોકરી મેળવી શકશે. પણ એવું અંતિમ પગલું માલિકો ભરવા નથી જ માગતા એ અમારી ખાતરી છે. મજુરો પોતાની પ્રતિજ્ઞામાં ચુસ્ત રહેશે તો કઠણમાં કઠણ હૃદય પણ પીગળવાનું છે.

એવો સંભવ છે કે ગુજરાતની બહારના મજુરોને (ઉત્તરમાંથી આવેલા અને દક્ષિણમાંથી-એટલે મદ્રાસથી આવેલા મજુરોને) આ લડતનો પૂરો ખ્યાલ નથી. આપણે સાર્વજનિક

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કાર્યોમાં હિન્દુ, મુસલમાન, ગુજરાતી, મદ્રાસી, પંજાબી એવા ભેદ રાખતા નથી, રાખવા ઇચ્છતા નથી. આપણે એક જ છીએ, અથવા થવા માગીએ છીએ. તેથી આવા ગુજરાતની બહારથી આવેલા મજુરોને આપણે દિલસોજીપૂર્વક આ લડતનું ખરૂં જ્ઞાન આપવું જોઇએ, અને તેઓને પણ સમજાવવા જોઇએ કે આપણી સાથે રહેવામાં તેઓનો અને બધાનો લાભ સમાયેલો છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

એવી અફવા આવેલી છે કે ઘણા મજુરો કામ ઉપર ચઢવાને તૈયાર છે, પણ બીજાઓ તેઓને જોરજુલમ કરીને મારની બીક આપીને રોકી રાખે છે. અમારી પ્રતિજ્ઞા દરેક મજુરોએ યાદ રાખવાની જરૂર છે કે જો મજુરો બીજાઓની ઉપર દાબ મૂકી ધમકાવીને કામે જતાં અટકાવે તો અમારાથી મદદ ન થઈ શકે. આ લડતમાં જે પોતાની ટેક રાખશે તે જ જીત્યો છે. કોઈની પાસે ટેક પરાણે નથી રખાવી શકાતી. એ વસ્તુ જ એવી છે કે જે પરાણે ન થઇ શકે. ટેક રાખીને આપણે આગળ વધવા માગીએ છીએ. બીકનો માર્યો જે માણસ કાંઈ કામ ન કરે તે માણસ શાની ઉપર આગળ વધી શકે? તેની પાસે કંઇ રહ્યું જ નથી. એટલે દરેક મજુરે યાદ રાખવાની જરૂર છે કે કોઇપણ બીજા મજુરની ઉપર કોઇ પ્રકારનું દબાણ કરવું જ નહિ. જો દબાણ કરવામાં આવે તો આખી લડત નબળી પડી જઇને તુટી જવાનો સંભવ છે. મજુરોની લડતનો આધાર કેવળ તેઓની માગણીના અને તેઓના કાર્યના ન્યાયની ઉપર રહેલો છે. જો માગણી ગેરવાજબી હોય તો મજુરો જીતી ન શકે. માગણી વાજબી હોય પણ માગેલું મેળવવામાં અન્યાય વાપરે, જુઠું બોલે, ફીસાદ કરે, બીજાઓને દબાવે, આળસ કરે અને તેથી સંકટ ભોગવે તોપણ તે હારી જાય. કોઇની ઉપર દાબ ન મૂકવો અને પોતાના ભરણપોષણ જોગી મજુરી કરવી, એ આ લડતની અંદર ઘણી જ જરૂરી વસ્તુઓ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

જેમ ધનવાનનું હથીયાર પૈસો છે તેમ મજુરનું મજુરી છે. જો ધનવાન ધન ન વાપરે તો ભૂખે મરે તેમજ મજુર પોતાનું ધન—મજુરી—ન વાપરે—ન કરે તો પોતે ભૂખે મરે. મજુરી ન કરે તે મજુર જ કહેવાય નહિ. મજુરી કરતાં શરમાય તે મજુરને ખાવાનો હક જ નથી. એટલે જે મજુરો આ મહાન્ લડતમાં પોતાની પ્રતિજ્ઞા પાળવા ઇચ્છતા હોય તો તેઓએ મજુરી કરતાં શીખી લેવું જોઇશે. ફાળા એકઠા કરી નવરા રહી ફાળામાંથી પૈસા લઈ જે પોતાનું પેટ ભરે તેને જીત મેળવવાનો હક નથી. આ લડત મજુરો પોતાની ટેકને સારૂ લડે છે. જેઓ કામ કર્યા વગર ખાવા માગે છે તેઓ ટેક શું છે તે સમજતા જ નથી એમ કહેવાય. જેને શરમ છે, જેને સ્વમાનની ગરજ છે તે જ ટેક પાળે. જેને જાહેર ફાળાઓમાંથી વગર મહેનતે નભવાનો વિચાર છે તેઓને શરમ છે એમ કોણ ન કહે? એટલે આપણને લાજમ છે કે આપણે કંઇક પણ મજુરી કરીને આપણું ગુજરાન કરીએ. મજુર મજુરી ન કરે તે તો સાકર પોતાની મીઠાશ છોડે એવી વાત થઇ.

આ લડત માત્ર ૩૫ ટકાનો વધારો લેવાની નથી પણ મજુરો પોતાના હકને સારૂ દુઃખ સહન કરવા તૈયાર છે એમ બતાવવા સારૂ છે. આ લડત આપણી ટેક જાળવવા સારૂ છે. આ લડત આપણે સારા થઇએ એવી ઇચ્છાથી ચલાવીએ છીએ. જો આપણે જાહેર પૈસાનો ખોટો ઉપયોગ કરીએ તો સારા થવાને બદલે બગડીએ. એટલે ગમે તે વચાર

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કરીએ તોપણ આપણને જણાશે કે આપણે મજુરી કરીને જ આપણું પોષણ કરવાનું છે. શીરીનને ખાતર ફરહાદે પથ્થર ફોડયા. મજુરોની શીરીન તેઓની ટેક છે, તેને ખાતર મજુરો પથ્થર કેમ ન ફોડે? સત્યને ખાતર હરિશ્ચન્દ્ર વેચાયા! પોતાના સત્યને ખાતર મજુરો મજુરી કરવામાં દુઃખ હોય તો તેટલું દુઃખ સહન ન કરે? ટેકને ખાતર ઇમામ હસન અને હુસેને ભારે દુઃખો ઉઠાવ્યાં. ટેક રાખવા સારૂ આપણે કેમ મરવાને પણ તૈયાર ન રહીએ? આપણને ઘેર બેઠાં પૈસા મળે ને આપણે લડીએ તો આપણે લડયા એમ કહેવું ખોટું ગણાય. એટલે અમારી ઉમેદ છે કે દરેક ભાઈ પોતાની ટેક જાળવવા સારૂ મજુરી કરી પોતાનું પેટ ભરશે ને દૃઢ રહેશે. આ લડત લંબાશે તો આપણી નબળાઇથી. જ્યાં સુધી મીલમાલિકો માનશે કે મજુરો મજુરી નહિ કરે ને છેવટે પડી તો જશે જ, ત્યાં સુધી તેઓને દયા નહિ છૂટે ને તેઓ સામે રહ્યા કરશે. મજુરો કદિ પોતાની હઠ છોડવાના જ નથી એવી ખાત્રી તેઓને નહિ થાય ત્યાં સુધી તેઓને દયા નહિ આવે ને તેઓ પોતાનો નફો જતો કરીને સામે રહ્યા કરશે. મજુરો પોતાની ટેક ગમે તેમ કરતાં નહિ છોડે એવું તેઓને ચોક્કસ લાગશે ત્યારે તેઓને દયા આવશે જ ને ત્યારે તેઓ મજુરોને વધાવી લેશે. આજે તો તેઓ એમ માને છે કે મજુરો મજુરી તો નથી જ કરવાના; એટલે આજકાલ પડશે. જો મજુરો પારકા પૈસા ઉપર પોતાની આજીવિકાનો આધાર રાખે તો માલિકો વિચારી લેશે કે એ પૈસા કોઈ દહાડો તો ખૂટશે જ. એમ જાણી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

તેઓ મજુરોને દાદ નહિ આપે. મજુરો જેની પાસે ખાવાનું સાધન નથી તેઓ મજુરી કરતા થઇ જશે તો માલિકો સમજશે કે જો તેઓ ઝટ ૩૫ ટકા નહિ આપે તો મજુરોને ખોઇ બેસશે. આમ લડતને ટૂંકી કરનાર તેમ જ લંબાવનાર આપણે જ છીએ. વધારે દુઃખ હમણાં જ સહન કરીને વહેલો છુટકારો મેળવી શકીએ. દુઃખ સહન ન કરીએ તેમ લડત લંબાવાની જ. આ બધા વિચાર કરી જેઓ નબળા થયા છે તેઓ સબળા થશે એવી અમારી ઉમેદ છે.

## ખાસ સૂચના

કેટલાક મજુરો એમ સમજ્યા છે કે જેઓ નબળા થયા છે તેઓને સબળા થવા સમજાવી શકાતા નથી. આ સમજ તદ્દન ગેરવાજબી છે. જેઓ કંઇપણ કારણથી નબળા પડચા હોય તેઓને વિનયપૂર્વક સમજાવવા એ તમારૂં ને અમારૂં બધાનું કામ છે. જેઓ લડત નથી જાણતા તેઓને જ્ઞાન દેવું એ પણ આપણું કામ છે. અમારૂં તો એમ કહેવું છે કે આપણે કોઇને ધમકી દઇને, જુઠું બોલીને, મારીને, બીજો કંઇપણ દાબ મુકીને રાખવાના નથી. જેઓ સમજાવ્યા ન સમજે તેઓ કામપર જાય તેથી આપણે તદ્દન નીડર રહેવાનું છે, અને એક માણુસ પણ બહાર રહ્યો હશે તેનો અમે કોઇ પણ કાળે ત્યાગ નથી કરવાના.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

## ૧૫

મહાત્મા ગાંધીજીની પ્રતિજ્ઞાનો હેતુ ને અર્થ સમજવાની જરૂર છે. પહેલી વાત યાદ રાખવાની એ છે કે તેમનું વ્રત માલિકોની ઉપર અસર ઉપજાવવા સારૂ નથી લેવાયું. જો તે હેતુથી લેવાય તો લડતને ધક્કો પહોંચે અને આપણી નામોશી થાય. માલિકોની પાસેથી આપણે દાદ-ફિરનસાફ માગીએ છીએ. તેઓની કેવળ દયા નથી માગતા. વળી જેટલે દરજ્જે દયા માગીએ છીએ, તે દયા મજુરો ઉપર ભલે થાય. મજુરોની ઉપર દયા કરવી એ તેઓની ફરજ છે એમ આપણે માનીએ. પણ મહાત્મા ગાંધીજી ઉપર દયા કરીને આપણે ૩૫ ટકા લઇએ તો આપણી હાંસી જ થાય અને તે મજુરોથી સ્વીકારાય નહિ. ગાંધીજી જો માલિકોની સાથેના અથવા તો જનસમાજની સાથેના પોતાના સંબંધનો આવો ઉપયોગ કરે તો પોતાની સ્થિતિનો તે ગેરઉપયોગ થયો ગણાય, ગાંધીજીની પ્રતિષ્ઠા જાય. ગાંધીજીના ઉપવાસનો મજુરોના પગારની સાથે શો સંબંધ હોઇ શકે? પચાસ માણસ માલિકોને ઘેર લાંઘે તેથી માલિકો મજુરોને ૩૫ ટકાનો હક ન હોય તો કેમ આપે? જો આમ હકો મેળવવાની પ્રથા પડે તો જનસમાજ ચલાવવો લગભગ અશક્ય થઇ પડે. આ ગાંધીજીના ઉપવાસની ઉપર માલિકો ધ્યાન દઇ ન શકે અને તેઓએ ધ્યાન દેવું ન જોઇએ. છતાં ગાંધીજીએ કરેલા આવા કાર્યની અસર માલિકો ઉપર નહિ જ થાય એ બનવું અશક્ય છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

એ અસર જેટલે દરજ્જે થશે તેટલે દરજ્જે આપણે દિલગીર થઇએ. પણ ગાંધીજીના ઉપવાસથી બીજાં ભારે પરિણામો આવતાં હોય તો તેનો આપણે ઇનકાર ન કરીએ.

જે પરિણામ લાવવાને સારૂ ઉપવાસ લેવાયો છે એ તપાસીએ. ગાંધીજીએ જોયું કે મજુરોમાં પ્રતિજ્ઞાની કિંમત ઓછી થવા લાગી હતી. તેઓએ માની લીધેલી ભૂખની બીકથી તેઓમાંના કેટલાક પ્રતિજ્ઞા છોડવા તત્પર થયા હતા. દસ હજાર માણસ પોતાની પ્રતિજ્ઞા છોડે એ અસહ્ય વાત ગણાય. પ્રતિજ્ઞા ન પાળવાથી માણસ નિર્બળ થાય છે ને છેવટે પોતાની માણસાઈ ખોઇ બેસે છે. એટલે પ્રતિજ્ઞા પાળી શકવામાં લોકોને જેટલી બને તેટલી મદદ કરવી એ આપણો બધાનો ધર્મ થઇ પડયો. ગાંધીજીએ વિચાર્યું કે જો પોતે ઉપવાસ કરે તો પ્રતિજ્ઞાની કિંમત પોતે કેટલી આંકે છે તે ખરૂં પડે. વળી મજુરો ભૂખે મરવાની વાતો કરતા હતા. ભૂખે મરવું પણ પ્રતિજ્ઞા પાળવી, આ ગાંધીજીનું વાક્ય. એ તેઓએ તો ખરૂં પાળવું જ જોઇએ. એ તો પોતે ભૂખે મરવા તૈયાર થાય તો જ ખરૂં પડે. મજુરો કહેવા લાગ્યા કે અમે મજુરી ન કરીએ છતાં અમને પૈસાની મદદની જરૂર છે. આ વાત ઘણી ભયંકર લાગી. મજુરો આવી વાત કરે તો દેશમાં અવ્યવસ્થા થાય તેનો પાર જ ન આવે. લોકોને મજુરી કરવાનું કષ્ટ ઉપાડવાનું અસરકારક રીતે ગાંધીજી એક જ રીતથી બતાવી શકે. પોતે કષ્ટ ઉઠાવવું જોઇએ. પોતાની મજુરી તો હતી પણ તે બસ ન હતું. ઘણા અર્થ સરે એવી વસ્તુ તેમણે ઉપવાસ માની અને તેમણે તે શરૂ કર્યો. તે ઉપવાસ જ્યારે મજુરોને ૩૫ ટકા મળે ત્યારે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

અથવા તો મજુરો પ્રતિજ્ઞા તોડે ત્યારે છુટે. પરિણામ ધારેલું આવ્યું. એ જેઓ પ્રતિજ્ઞા લેવાઈ ત્યારે હાજર હતા તેઓએ જોયું. મજુરો જાગ્રત થયા, તેઓએ મજુરી શરૂ કરી ને તેઓનો ધર્મ, તેઓનું ઈમાન રહ્યાં.

મજુરો હવે સમજ્યા છે કે મજુરોની પ્રતિજ્ઞા રહેવાથી જ તેઓને ઈન્સાફ મળવાનો છે. મહાત્મા ગાંધીજીની પ્રતિજ્ઞાથી તેઓને જોર મળ્યું. પણ તેઓને ઝુઝવું છે તો તેઓના પોતાના જ જોર ઉપર. મજુરોનો ઉદ્ધાર મજુરો ઉપર જ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

## શ્રી શંકરલાલ બેંકરની પત્રિકા

તમારે માટે હું પહેલી જ પત્રિકા લખું છું. તેથી મારે એટલું તો જણાવી દેવું જોઇએ કે એ લખવા માટેનો મારો અધિકાર નામનો જ છે. મેં પોતે મજુરી કરી નથી. મજુરોને ખમવાં પડે છે તેવાં દુઃખ વેઠયાં નથી, તેમ એ દુઃખ સમજી તેને દૂર કરવા માટે હું કંઈ કરી શકતો નથી. માટે આ પ્રસંગે જે કંઇ સલાહ આપવાની મને જરૂર જેવું જણાય છે તે આપતાં મને સંકોચ તો થાય છે જ. પરંતુ અગાઉ મેં તમારે માટે કંઇ કર્યું નથી તોપણ હવે પછી તો તમારા માટે મારી શકિત પ્રમાણે મારે કંઇક કરવું જ એવી મારી તીવ્ર ઇચ્છા છે, અને તે ઇચ્છાને લઇને જ હું આ લખું છું.

આજથી બે દિવસ ઉપર આપણી સ્થિતિ કેટલેક અંશે ચિંતાતુર થઈ પડી હતી. તમારામાંથી કેટલાક ભાઇઓ તંગીમાં આવી પડયા હતા; અને એ તંગીમાંથી મુક્ત થવા માટે મહાત્મા ગાંધીજીના આગ્રહ મુજબ મજુરી કરી લેવાને બદલે લીધેલા કસમ તોડી તેઓ કામ ઉપર ચાલ્યા જાય એવો ભય જણાતો હતો. પણ એ સ્થિતિ આજે રહી નથી. મહાત્મા ગાંધીજીએ લીધેલી પ્રતિજ્ઞાથી આપણા જડ હૃદયમાં ચૈતન્ય આવ્યું છે, આપણી પ્રતિજ્ઞા કેટલી ગંભીર છે તેનું આપણને ભાન થયું છે. જાન જાય તોપણ કસમ નહિ છોડીએ એ હવે માત્ર સભામાં જ

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

બોલવાનું નહિ, પણ કરી બતાવવાનું છે એવી આપણી ખાતરી થઈ ગઈ છે. સ્થિતિમાં થયેલા આ ફેરફારના પુરાવા તરીકે તંગીમાં આવી પડેલા ભાઇઓએ ખુશીથી મજુરી કરવાનું કર્યું છે, એટલું જ નહિ પરંતુ જેમની સ્થિતિ સારી છે તેઓએ બીજા ભાઇઓને પોતાનો દાખલો બેસાડીને તથા પોતાની મજુરીમાંથી આવતા પૈસાથી બીજાને મદદ આપીને, આપણામાં ફુટ પડવાનો સંભવ હમેશ માટે દૂર કર્યો છે. પરંતુ એ બસ નથી. મહાત્મા ગાંધીજીએ લીધેલી પ્રતિજ્ઞાથી આપણે માથે ભારે જવાબદારી આવી પડી છે, અને એ જવાબદારી આપણે પૂરેપૂરી સમજતા હોઇએ તો આ લડતનો બને તેટલો જલદીથી અંત આણવાનો જીવતોડ પ્રયત્ન કરવો જોઇએ; અને જે જે ઉપાયોથી આપણી ટેક જાળવી લડત ટુંકી કરી શકાય તે તે ઉપાયો તરત જ લેવા જોઇએ. આપણી ટેક ૩૫ ટકા લેવાની છે. અને આપણે જાણીએ છીએ કે એ ૩૫ ટકા આપવાનું આર્થિક દૃષ્ટિએ શેઠીયાઓને માટે મુસ્કેલ નથી. પરંતુ એ ૩૫ ટકા આપતાં તેમને એવો ભય લાગે છે કે મજુરોનું ચઢી વાગશે, તેઓ ઉદ્ધત થઇ જશે, જરાજરામાં બ્હાનાં કાઢી રીસાશે, અને સ્હેજ સ્હેજ બાબતમાં હડતાલ પાડી ઉદ્યોગનો નાશ કરશે. આ ભયને માટે મને તો કારણ જણાતું નથી. જે ઉદ્યોગમાંથી મજુરોને રોજી મળે તે નાશ થાય એવું મજુરો ઇચ્છે જ નહિ. છતાં જો મજુરો ન્યાય અન્યાયનો વિચાર કર્યા વિના મર્યાદા મુકી વર્તે તો ઉપર કહેલું અનિષ્ટ પરિણામ આવ્યા વિના રહે જ નહિ. એ પરિણામમાંથી આપણે બચવા ઇચ્છતા હોઇએ તો

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

5/10/2021



આપણે રીતસર સાચી દાનતથી કામ કરવાનો નિશ્ચય કરવો જોઇએ. અણઘટતી માગણી ન કરવાના ન્યાય માટે પણ બીજા ઉપાયો ખૂટે ત્યાં સુધી હડતાલ જેવા ઉપાય ન લેવાનો નિશ્ચય કરવો જોઇએ. પરંતુ એવા નિશ્ચયથી આપણું કામ સરતું નથી. આપણે તો એ આપણો નિશ્ચય શેઠીયાઓની પાસે જઇને તેમની આગળ પ્રગટ કરી, આપણે વિષે તેમનો વિશ્વાસ ઉત્પન્ન કરવો રહે છે; જે ભયને લીધે તેઓ આપણને ૩૫ ટકા આપતાં સંકોચ ખાય છે, તે ભય દૂર કરવો રહે છે. આ માટે સત્વર પગલાં લેવા કારીગરોને મારો ખાસ આગ્રહ છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

૧૭

## બન્નેની જીત

આપણે આગલી હસ્તપત્રિકાઓમાં જોઇ ગયા છીએ કે સત્યાગ્રહમાં હમેશાં બન્નેની જીત હોય છે. જે સત્યને સારૂ લડયો અને જેણે સત્ય મેળવ્યું તે તો જીત્યો જ, પણ જે સત્યની સામે થયો અને જેણે છેવટે સત્ય ઓળખ્યું અને આપ્યું તે પણ જીત્યો જ ગણાય. એ વિચારે મજુરોની પ્રતિજ્ઞા પળી છે તેથી બન્ને પક્ષ જીત્યા છે. વળી માલિકોએ પણ પ્રતિજ્ઞા લીધેલી કે તેઓ ૨૦ ટકા ઉપરાંત નહિ આપે; તેઓની પણ પ્રતિજ્ઞાને આપણે માન આપ્યું છે. એટલે એઉની લાજ રહી છે. સમાધાની શું છે તે હવે જોઇએ:—

૧. મજુરોએ આવતી કાલે એટલે તા. ૨૦મીએ કામે ચડવું અને તા. ૨૦મીએ તેઓને ૩૫ ટકાનો વધારો મળે અને તા. ૨૧મીએ ૨૦ ટકાનો વધારો મળે.

૨. તા. ૨૨મીથી ૩૫ ટકા સુધી પંચ ઠરાવે તે વધારો મળે.

૩. ગુજરાતના સાક્ષર શિરોમણિ, સાધુ પુરૂષ અને ગુજરાત કૉલેજના અધ્યાપક અને વાઇસ પ્રિન્સીપાલ આનન્દશંકર બાપુભાઇ ધ્રુવ એમ. એ., એલએલ. બી. પંચ નીમાય.

૪. પંચ સાહેબનો ઠરાવ ત્રણ માસની અંદર બહાર પડે. તે દરમીયાન મજુરોને ૨૭ાા ટકા વધારો મળે. એટલે કે મજુરોએ અરધા મેલ્યા અને માલિકોએ અરધા મેલ્યા.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

૫. પંચ ઠરાવે તે ટકા પ્રમાણે ૨૭ા ટકા ઉપર વધઘટ લેવી દેવી. એટલે કે જો ૨૭ા થી વધારે ટકા પંચ ઠરાવે તો માલિકો તે વધારો મજરે આપે, અને જો ૨૭ા થી ઓછા ઠરાવે તો તેટલા મજુરો મજરે આપે.

આમાં બે તત્ત્વનો નિશ્ચય થયો. એક તો મજુરોની ટેક રહી અને બીજું બન્ને પક્ષ વચ્ચે કંઇ મહત્ત્વની તકરાર થાય તો તેનો નિર્ણય હડતાલ પાડીને ન કરવો પણ પંચ મારફતે. આગળ ઉપર બન્ને પક્ષ પોતા વચ્ચેની તકરારનો નીવેડો પંચથી જ કરશે એવી સમાધાનીની શરત નથી. પણ સમાધાનીમાં પંચનો સ્વીકાર થયો એટલે માની લેવાય કે બીજી વેળાએ પણ એવે અવસરે પંચ નીમાશે. સાધારણ નજીવી બાબતમાં પંચ નીમાશે એમ માનવાનું નથી. માલિકો અને મજુરો વચ્ચે મતભેદ થાય તેમાં હમેશાં ત્રીજો પક્ષ વચ્ચે આવે એ બન્નેને શરમાવનારૂં ગણાય. માલિકોથી તો તે સહન થાય જ નહિ. એવી શરત નીચે માલિકો ધંધો ન કરે. લક્ષ્મીને હમેશાં જગત્ માન આપતું આવ્યું છે. અને લક્ષ્મી હમેશાં માન લેશે. એટલે મજુરો નજીવી બાબતમાં માલિકોને કનડે તો તેઓનો સંબંધ તુટે. એવી કનડગત મજુરો નહિ જ કરે એવું અમે માનીએ છીએ. અમારે એમ પણ કહેવાની જરૂર છે કે મજુરોએ કદિ વગર-વિચારે હડતાલ નહિ પાડવી. અને અમને પૂછ્યા વિના હડતાલ પાડે તો અમારાથી મદદ ન દઇ શકાય. એવી શંકા થઈ છે કે એક દહાડો ૩૫ ટકા લઇને બેઠા તે કંઇ ટેક રહી ગણાય ? એ તો બાળકોની બગામણી–પટામણી થઇ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કેટલીક સમાધાનીઓમાં આવી બગામણી થઇ છે. અહીં તેવું નથી થયું. અમે જાણીબુજીને, અવસર સમજીને એક જ દહાડાના ૩૫ ટકા સ્વીકાર્યા છે. અમે ૩૫ ટકા વિના કામે નહિ ચડીએ એના બે અર્થ થાય. અમે હમેશાં ૩૫ ટકાથી ઓછો વધારો કબૂલ નહિ કરીયે એ એક અર્થ,–અમે ૩૫ ટકાથી કામે ચઢીએ ને તે એક જ દહાડો મળે તો બસ છે એ બીજો અર્થ. જેણે નિશ્ચય કર્યો હોય કે ૩૫ ટકા હમેશને સારૂ માગવા એ શુદ્ધ ન્યાય છે અને તેટલા ટકા મેળવવા સારૂ પોતામાં અખૂટ શૂરાતન છે તે તો ૩૫ ટકા હમેશને સારૂ મળે તો જ તેની ટેક રહી માને. પણ આવો આપણો નિશ્ચય ન હતો. આપણે પંચથી ન્યાય લેવા હમેશાં તૈયાર હતા. આપણે ૩૫ ટકા એક-પક્ષી વિચારથી ઠરાવેલા. ૩૫ ટકાની સલાહ અમે આપી તે પહેલાં અમે માલિકોનો પક્ષ તેમની પાસેથી જ સાંભળવા માગતા હતા. દુર્ભાગ્યે તેમ ન બન્યું. એટલે અમે તો બને તેટલો તેમનો પક્ષ તપાસી ૩૫ ટકાની સલાહ આપી. પણ અમે ઠરાવેલા ૩૫ ટકા સાચા જ એમ અમે ન કહી શકીએ. અમે કદિ તેવું નથી કહ્યું. અમારી ભૂલ જો માલિકો બતાવે તો જરૂર ઓછા ટકા લેવાની સલાહ આપીએ. એટલે પંચને ઓછા ટકા બરોબર લાગે ને તેટલા આપણે કબૂલ રાખીએ તો તેમાં આપણી ટેક જરાપણ તૂટતી નથી. આપણે પંચનું તત્ત્વ હમેશાં સ્વીકાર્યું છે. અમારી આશા છે કે અમે ૩૫ ટકા ઠરાવવામાં ભૂલ નથી કરી એટલે તેટલા મળશે એમ ધારીએ છીએ. પણ આપણને ભૂલ માલમ પડે તો આપણે ઓછા ટકા ખુશીથી લઇએ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



ત્રણ મહીનાની મુદ્દત ખાસ આપણી તરફથી જ માગવામાં આવેલી છે. માલિકો પંદર દિવસની મુદ્દત સ્વીકારવા તૈયાર હતા. પણ આપણી માગણી ખરી છે એ બતાવવા મુંબઇમાં કેટલીક તપાસ કરવાની જરૂર છે. પંચ સાહેબને અહીંની સ્થિતિ બતાવવી, મજુરોની રહેણીનો અભ્યાસ કરાવવો, એ બધું જરૂરનું છે. એ ન જાણે ત્યાં સુધી તેઓને પૂરો ખ્યાલ ન આવી શકે. આવું ચોક્કસ કામ થોડા દિવસમાં પૂરૂં ન થઇ શકે. પણ બની શકશે તેટલી ઉતાવળે કાર્ય પૂરૂં કરીશું.

કેટલાક ભાઇઓએ લૉક-આઉટ દરમીયાનના પગારની ઇચ્છા બતાવી છે. અમારે કહેવુ જોઇએ કે આપણે આ પગાર નથી માગી શકતા. આપણે ૨૦ ટકા કબૂલ ન રાખ્યા એટલે લૉક-આઉટ અથવા હડતાલ એમાંથી એકની જરૂર હતી. આપણે ૨૨ દહાડા દુઃખ ભોગવ્યું તે આપણી ફરજ હતી ને તેમાં આપણો સ્વાર્થ હતો. એ દુઃખની કિમ્મત મેળવી લીધી. એ કિમ્મત આ સમાધાની છે. હવે લૉક-આઉટનો પગાર કેમ મંગાય? લૉક-આઉટનો પગાર માગવો એ માલિકોના પૈસાથી લડત લડયા જેવું છે. એવો વિચાર મજુરોને શરમાવનારો છે. લડવૈયા પોતાના બળ ઉપર જ લડી શકે. વળી મજુરોને માલિકોએ પગાર ચુકવી દીધો. હવે તો મજુરો નવી નોકરી શરૂ કરે છે એમ પણ કહી શકાય. એટલે બધું વિચારતાં મજુરોએ લૉક-આઉટ દરમીયાનનો પગાર લેવાનો વિચાર માંડી વાળવો જોઇએ.

મજુરોને પગાર ૨૦ દહાડા પછી ચુકવાશે. એ દરમીયાન મજુરોની શી દશા? ઘણાની પાસે કંઇ પૈસા

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



નહિ રહ્યો હોય. જેને પગાર મળવા પહેલાંની મુદતમાં મદદની જરૂર હોય તેઓએ માલિકોને નમ્ર વિનંતિ કરવી અને અમને ખાત્રી છે કે માલિકો તે વિનંતિ સાંભળી કંઈક સગવડ કરી આપશે.

મજુરોએ યાદ રાખવાનું છે કે હવે પછીની તેમની હાલત તેમના કામ ઉપર આધાર રાખશે. તેઓ સાચી દાનતથી, નરમાશથી, અને ઉત્સાહથી નોકરી કરશે તો માલિકોની મહેરબાની મેળવશે ને તેમની ઘણી મદદ લઇ શકશે. બધું અમારી મારફતે જ મળી શકે એમ માનવાથી ભૂલ થશે. મજુરને ખરે સંકટે અમે સેવા કરવા તત્પર છીએ જ. પણ જેમ બને તેમ માલિકોને માબાપરૂપ ગણી તેઓની પાસેથી બધું લેવામાં મજુરોનું હિત સમાયેલું છે.

હવે શાંતિની જરૂર છે. નાની અગવડો સહન કરવાની છે.

તમે રજા આપશો તો જેઓમાં કુટેવો હશે તે સુધારવામાં મદદ કરવા અમે ધારીએ છીએ. તમને અને તમારાં બાળકોને કેળવણી આપવા ધારીએ છીએ. તમારી નીતિમાં, તમારી ને તમારાં બાળકોની તન્દુરસ્તીમાં, તમારી પૈસા સંબંધી સ્થિતિમાં સુધારો થાય એમ અમે ઇચ્છીએ છીએ. તે જો તમે કરવા દેશો તો એવું થાય તેવાં કાર્યો અમે કરીશું.

મજુરોની મોટામાં મોટી જીત એ જ કે તેઓની ટેક—લાજ— ખુદાએ—ઇશ્વરે રાખી છે. જેનું ઇમાન રહ્યું તેને બધું મળ્યું છે. ઇમાન જાય ને પૃથ્વીનું રાજ્ય મળે તો તે ધૂળ બરાબર છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021

મુદ્રક અને પ્રકાશક
રામદાસ મોહનદાસ ગાંધી
નવજીવન મુદ્રણાલય
અમદાવાદ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

# પરિશિષ્ટ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

## (૧)

## કારીગરો તરફની દલીલ

રા. આનન્દશંકરભાઈ,

અમદાવાદની મીલોના સાળખાતાના કારીગરોને તેમના પગારમાં મળવો જોઇતો વધારો નક્કી કરવા માટેની તપાસના સંબંધમાં હું આપની આગળ નીચેની હકીકત રજુ કરવાની રજા લઉં છું.

સાળખાતાના કારીગરોના પગારમાં થવો જોઇતો વધારો નક્કી કરવામાં નીચેની બે બાબત ઉપર ખાસ વિચાર ચલાવવાની જરૂર છે: (૧) કારીગરો સાદાઇથી પણ સંતોષ-કારકરીતે પોતાનું જીવન ગાળી શકે તે માટે તેમને શો પગાર મળવો જોઇએ? એટલે તેમના પગારમાં શો વધારો થવો જોઇયે? (૨) એ વધારો મીલો આપી શકે કે નહિ? પૂરેપુરો ન આપી શકે તો કેટલો આપી શકે?

૧ કારીગરોને કેટલો વધારો મળવો જોઇએ?

આ સલાલના સંબંધમાં પહેલેથી જ જણાવી દેવું જોઇએ કે કારીગરોની રહેણીનું હાલનું ધોરણ ંતોષકારક નથી; પરંતુ તેમાં સુધારો કરવાનો સ્હેજ પણ વિચાર કર્યા વગર માત્ર એ ધોરણ જળવાઈ રહે એમ ઇચ્છતા હોઇએ તોપણ મોંઘવારીને કારણે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કારીગરોને તેમના જુલાઈના દર ઉપર ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલો વધારો મળવો જોઇએ અને જો હાલની સ્થિતિ કાયમ રાખવાને બદલે તે સુધારવા ચાહતા હોઇએ—કારીગરો વધારે તન્દુરસ્ત, સુઘડ, શિક્ષિત અને સુખી થાય એમ ઇચ્છતા હોઇએ,—તો તો આ મોંઘવારીના વધારા ઉપરાંત બીજો ખાસ જાથુકનો વધારો તેમને અપાવવો જોઇએ. નહિ તો હવાવાળાં ઘરો, રાત્રિશાળાઓ, વાચનાલયો, દવાખાનાં, કલબો વગેરે જરૂરની સગવડો માટે મીલો તરફથી બંદોબસ્ત થવો જોઇએ.

કારીગરોને મોંઘવારીને લીધે તેમના જુલાઈ મહિનાના દર ઉપર ઓછામાં ઓછા ૫૦ ટકા જેટલા વધારાની જરૂર છે એમ નીચેની હકીકત ઉપરથી ખાત્રી થશેઃ—

કારીગરોને મળવાના વધારાની ગણત્રી તેમના ૧૯૧૭ના જુલાઇ મહિનાના પગાર ઉપર થાય છે, અને એ મહિનામાં તેમને સરેરાસ રૂ. ૨૨ મળ્યા હતા એમ ભાઈ અંબાલાલ તરફથી જણાવવામાં આવ્યું હતું. હવે કારીગરોના એ જ મહિનાના ખરચના અંદાજ તપાસતાં જણાય છે કે એ રૂ. ૨૨ તે વખતમાં પણ તેમના ગુજરાન માટે પુરતા ન હતા.. એ અંદાજની વિગતો આપતાં પહેલાં એટલું જણાવવાની જરૂર છે કે કારીગરોના મોટા ભાગનાં કુટુંબો અવિભક્ત અને મોટાં છે અને તે છ, સાત કે તેથી પણ વધારે માણસોનાં બનેલાં હોય છે. પરંતુ તેવાં કુટુંબોના અંદાજ તપાસતાં પહેલાં કારીગરોની રહેણી ઠીક સમજાય તે માટે બાપ, મા, છોકરો અને છોકરી એમ ચાર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

માણુસના એક કાલ્પનિક કુટુંબના કરકસરીયા ખર્ચનો અંદાજ નીચે આપ્યો છેઃ—

સાળખાતાનો કારીગર, એ સાંચા ચલાવનાર મુસલમાન.

કુટુંબઃ માણુસ ૪. ૧ પુરુષ, ૧ સ્ત્રી, ૧ છોકરો, ૧ છોકરી. કમાનાર પુરુષ ૧.

## માસિક ખર્ચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચોખા | ૧ | મણુ | રૂ. | ૨—૧૨—૦ | |
| દાળ | ૦॥ | મણુ | રૂ. | ૧— ૩—૦ | |
| ઘઉં | ૨ | મણુ | રૂ. | ૪— ૮—૦ | ૧૦—૩—૦ |
| માંસ | ૪ | શેર | રૂ. | ૦— ૮—૦ | |
| લાકડાં | ૪ | મણુ | રૂ. | ૧— ૪—૦ | |
| શાક રોજનું | ૦)— | | રૂ. | ૧—૧૪—૦ | |
| તેલ—મસાલો | | | રૂ. | ૧— ૦—૦ | |
| ઘી, ગોળ, ખાંડ (ટાંકણે) | | | રૂ. | ૧— ૦—૦ | |
| ચા—દૂધ | | | રૂ. | ૨— ૦—૦ | |
| ધુપેલ | | | રૂ. | ૦— ૩—૦ | |
| સાબુ | | | રૂ. | ૦— ૪—૦ | |
| હજામત | | | રૂ. | ૦— ૬—૦ | |
| પાન—બીડી | | | રૂ. | ૧— ૮—૦ | |
| ભાડું | | | રૂ. | ૧— ૮—૦ | |
| બત્તી ૩ બાટલી | | | રૂ. | ૦— ૬—૦ | |
| | | | રૂ. | ૨૦—૪—૦ | |

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

## વાર્ષિક ખર્ચ

| | | |
|---|---|---|
| પાટલુન | નંગ ૪ | રૂા. ૪-૦-૦ |
| કોટ | ,, ૩ | રૂા. ૩-૧૨-૦ |
| પહેરણ | ,, ૪ | રૂા. ૩- ૪-૦ |
| ખમીસ | ,, ૨ | રૂા. ૧-૧૪-૦ |
| ફેંટા | ,, ૧ | રૂા. ૧- ૫-૦ |
| બુટ | જોડ ૪ | રૂા. ૧૨- ૦-૦ |
| છત્રી | નંગ ૧ | રૂા. ૧- ૨-૦ |
| ટોપી | ,, ૧ | રૂા. ૨- ૬-૦ |
| સુરવાળ | ,, ૪ | રૂા. ૨- ૦-૦ |
| પહેરણ | ,, ૪ | રૂા. ૩- ૦-૦ |
| કોટ | ,, ૪ | રૂા. ૨- ૪-૦ |
| ઓઢણાં | ,, | રૂા. ૨- ૪-૦ |
| પીસ્વાજ | ,, ૧ | રૂા. ૪- ૮-૦ |
| ઇજાર | ,, ૪ | રૂા. ૩- ૦-૦ |
| કુડતાં | ,, ૪ | રૂા. ૩- ૦-૦ |
| જોડીઓ | | રૂા. ૦- ૮-૦ |
| બંગડીઓ | | રૂા. ૨- ૦-૦ |
| ઓઢણીઓ | નંગ ૩ | રૂા. ૧-૧૪-૦ |
| | | રૂા. ૫૧-૧૩-૦ |

વાર્ષિક ખર્ચ રૂા. ૫૧-૧૩-૦ ÷ ૧૨ = માસિક ખર્ચ રૂ. ૪-૫-૦ એટલે કુલ માસિક ખર્ચ રૂા. ૨૦-૪-૦ + રૂા. ૪-૫-૦ = રૂા. ૨૪-૯-૦.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

આ અંદાજમાં કેટલીક બાબતો સંબંધી વિચાર કરવામાં આવ્યો નથી. પરંતુ તે પણ એટલી જ અગત્યની છે, અને તેથી તે ઉપર ધ્યાન ખેંચવાની જરૂર જોઉં છું.

(૧) **કારીગરોનો પગાર**— ઉપર કારીગરની માસિક આવક રૂ. ૨૨ની ગણી છે, પરંતુ કારીગર હમેશ તેટલું રળી શકતો નથી. દિવસભર જે સખ્ત કામ તેને કરવું પડે છે તે, વરસના બારે મહિના તે કરી શકતો નથી. અશક્તિ, બીમારી કે વખતે બેકારીને લીધે દિવસો પડે છે અને સરેરાસ તેનું કામ વરસના ૧૧ મહિના જેટલું જ ઉતરે છે. એટલે તેની આવક વાસ્તવિકરીતે તો રૂ. ૨૦ની જ ગણાવી જોઇયે.

(૨) **વ્યાજ**-- કારીગરોનો ઘણોખરો ભાગ દેવામાં ડુબેલો છે. તેમને સર્વેને ભારે વ્યાજ આપવું પડે છે. આ વ્યાજની રકમ ઉપરના અંદાજમા ગણી નથી.

તંગીમાં આવી પડેલા કારીગરો કાંધીયા કે પઠાણના પંજામાં સપડાતાં તેમની સ્થિતિ કેટલી દયાજનક થાય છે તેનો યથાર્થ ખ્યાલ આપી શકાય એમ નથી. પરંતુ તે સંબંધમાં એક જાણવાજોગ દાખલો અત્રે આપું છું. પ્રેમ દરવાજા બહાર આવેલી જુગલદાસની ચાલીમાં ઝગડુ શેખુ નામનો એક જઇફ મુસલમાન કારીગર છે. તેની સ્ત્રી ફાતમા પાસે સીવવાનો સાંચો હતો; અને તે ઉપર કામ કરી પોતાના ધણીની આવકમાં તે કાંઇક વધારો કરતી. પરંતુ તંગીને લીધે તેને તે સાંચો ગીરો મુકી પૈસા લેવા પડયા. એ સાંચાની કિંમત રૂા. ૮૦ની હતી, પરંતુ તે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

ઉપર મગન દલસુખ નામના વાણીયાએ રૂ. ૭ ધીર્યા અને રૂપીયે બે આના જેટલું વ્યાજ ઠરાવ્યું. પરંતુ એ બાઈ રૂપીયા કે વ્યાજ આપી શકી નથી અને હજુ વરસ પૂરૂં થયું નથી તેટલામાં તો મગનભાઇએ એનું દેવું વ્યાજ ગણીને રૂ.૨૬નું ઠરાવ્યું છે. ટુંકમાં એ સાંચો હવે એ બાઇને પાછો મળવાનો નથી. આવા બીજા અનેક દાખલાઓ આપી શકાય અને તે સર્વે એ જ બતાવે છે કે તંગીને લીધે કરજમાં ઉતરેલા કારીગરોની સ્થિતિ અત્યંત દયાજનક છે; અને તેમને એ સ્થિતિમાંથી બહાર કાઢવાને પદ્ધતિસર પ્રયત્નો થવા જોઇયે. એ સંબંધમાં આપને એટલી વિનન્તિ છે કે આ બાબત તરફ મીલમાલિકોનું ધ્યાન ખેંચી તેમને યોગ્ય પગલાં લેવા પ્રેરશો.

(૩) **દવા**—કારીગરોને ઘરમાં સુવાવડ કે માંદગીના વખતમાં દવા વગેરેમાં ખર્ચ થાય છે. કોઈ વખતે મીલમાં કામ કરતાં અકસ્માત થાય તો તેનો ખર્ચ પણ ઘણી વખતે તેમને જ માથે પડે છે. એ ખર્ચની રકમ પણ ઉપરના અંદાજમાં ગણી નથી.

(૪) **લગ્ન-મરણ**—કારીગરોને પોતાને ઘેર લગ્ન, વિવાહ કે મરણ હોય તે માટે, વાર તહેવારને દિવસે ધર્માદા તથા જમણ માટે, અને સગાંવહાલાં કે નાતજાતમાં લગ્ન વગેરે પ્રસંગે રીત માટે જે ખર્ચ થાય તે ઉપરના અંદાજમાં આવી શકે. પરંતુ તે પણ ગણત્રીમાં લેવાયો નથી.

(૫) **વીમો**—આ ખર્ચ ઉપરાંત દરેક કારીગરે પોતાના તથા પોતાના કુટુંબના હિતને માટે અકસ્માત તથા જીંદગીને

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

માટે વીમો ઉતરાવવો જ જોઇયે, અને એ વીમા માટે પ્રીમીયમ ભરી શકે એટલી સગવડ તેને રહેવી જોઇયે.

(૬) **કેળવણી**—કારીગરોએ પોતાનાં છોકરાછોકરીઓને કેળવણી આપવી જોઇયે. કેટલાક કારીગરો પોતાનાં છોકરાંને નિશાળે મોકલે છે, પરંતુ તેમની સંખ્યા બહુ નાની છે. તેનો ખર્ચ પણ ઉપરના અંદાજમાં ગણ્યો નથી.

હવે આ વધારાની બાબતનો વિચાર ન કરીયે તોપણ ઉપરના અંદાજ પ્રમાણે નાના કુટુંબનો જુલાઇ મહિનાનો ખર્ચ રૂ. ૨૪ જેટલો ગણાય, જ્યારે તેની આવક તો માત્ર રૂ. ૨૨ જેટલી જ જણાવવામાં આવી છે. એટલે મોંઘવારી પહેલાં પણ તેનો નિભાવ મુસ્કેલીથી જ થતો હોવો જોઇયે.

પરંતુ આવાં નાનાં કુટુંબો તો કારીગરવર્ગમાં પ્રમાણમાં થોડાં જ છે; અને ઉપર જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે સાધારણ રીતે તે ૭ થી સાત માણસનાં બનેલાં હોય છે. એટલે એવાં કુટુંબનો શો ખર્ચ થાય તે જોવાની જરૂર છે.

સાળખાતાનો કારીગર—એ સાંચા ચલાવનાર—જાતે મુસલમાન. કુટુંબ માણસ ૬—૧ પુરુષ, ૨ સ્ત્રીઓ (તેમાં ૧ ડોસી), ૩ છોકરાં—કમાનાર પુરૂષ ૧.

## માસિક ખર્ચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ચોખા | ૧॥ | મણ | રૂ. | ૪– ૦–૦ | |
| દાળ | ૦॥। | મણ | રૂ. | ૧–૧૨–૦ | રૂપીઆ |
| ઘઉં | ૩ | મણ | રૂ. | ૬–૧૨–૦ | ૧૪–૧૪–૦ |
| માંસ | ૪ | શેર | રૂ. | ૦– ૮–૦ | |
| લાકડાં | ૬ | મણ | રૂ. | ૧–૧૪–૦ | |

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

| | | |
|---|---|---|
| શાક રોજનું ૦)-ના | રૂ. | ૨-૧૨-૦ |
| તેલ-મસાલો | રૂ. | ૧- ૪-૦ |
| ઘી, ગોળ, ખાંડ (ટાંકણે) | રૂ. | ૧- ૮-૦ |
| ચા-દૂધ | રૂ. | ૨- ૦-૦ |
| ધુપેલ | રૂ. | ૦- ૬-૦ |
| સાબુ | રૂ. | ૦- ૪-૦ |
| હજામત | રૂ. | ૦- ૮-૦ |
| પાન-બીડી | રૂ. | ૨- ૦-૦ |
| ભાડું | રૂ. | ૨- ૦-૦ |
| બત્તી ૩ બાટલી | રૂ. | ૦- ૬-૦ |
| માસિક | રૂ. | ૨૭-૧૪-૦ |
| કપડાં લત્તાં મળીને | રૂ. | ૬- ૦-૦ |
| કુલ્લે ખર્ચ | રૂ. | ૩૩-૧૪-૦ |

આ અંદાજ ઉપરથી કારીગરોની વિટંબનાનો કાંઇક ખ્યાલ આવશે. પ્લેગ બોનસ ( લગભગ ૫૦ થી ૭૦ ટકા જેટલું હોવાથી એ વખતે કારીગરની આવક રૂા. ૨૨ ને બદલે રૂા. ૩૩ થી ૩૭ જેટલી થઇ હતી ) પહેલાં કારીગરને ૧૨ કલાકની મજુરીથી પણ પોતાના કુટુંબના ગુજરાન માટે પૂરતું મળતું નહિ, અને પરિણામે તેને દેવું કરી દાણાવાળા તથા શાહુકારના આશ્રિત થઇ રહેવું પડતું.

હવે હાલની સ્થિતિ સમજવા કારીગરનો અત્યારનો ખર્ચ શો છે તે તપાસીયે. તે માટેના અંદાજ જોવા પહેલાં તેમની જરૂરીયાતોની વસ્તુના ભાવમાં શા ફેરફાર થયા છે તે જોવાની જરૂર છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



## અનાજના ભાવ

| અનાજ | જુલાઈ | | એપ્રીલ ૨૦ | | મોંઘવારી ટકા |
|---|---|---|---|---|---|
| ઘઉં | રૂા. ૧ | શેર ૧૮ | | શેર ૧૦ | ૮૦ |
| બાજરી | રૂા. ૧ | શેર ૨૦ | | શેર ૧૦ | ૧૦૦ |
| ચોખા | રૂા. ૧ | શેર ૧૫ | | શેર ૧૦ | ૫૦ |
| દાળ | રૂા. ૧ | શેર ૧૭ | | શેર ૧૫ | ૧૩ |
| માંસ | રૂા. ૦)= | શેર ૧ | રૂા. ૦)≡ | શેર | ૫૦ |
| લાકડાં | રૂા. ૦।- | મણ ૧ | રૂા. ૦॥ | મણ ૧ | ૬૦ |
| તેલ | રૂા. ૦)≡॥ | શેર ૧ | રૂા. ૦। | શેર ૧ | ૧૪ |
| ગોળ | રૂા. ૦)= | શેર ૧ | રૂા. ૦)= | શેર ૧ | — |
| ઘી | રૂા. ૧ | શેર ૧।= | | શેર ૧। | ૧૦ |
| ખાંડ | રૂા. ૦)≡ | શેર ૧ | રૂા. ૦)≡ | શેર | — |
| દુધ | રૂા. ૦)-। | શેર ૧ | રૂા. ૦)-॥ | શેર ૧ | ૧૨ |
| મીઠું | રૂા. ૦)૦॥ | શેર ૧ | રૂા. ૦)- | શેર ૧ | ૧૦૦ |
| દીવેલ | રૂા. ૦)≡। | શેર ૧ | રૂા. ૦। | શેર ૧ | ૨૩ |
| કેરોસીન | રૂા. ૦)-॥। | બાટલી | રૂા. ૦। | બાટલી ૧ | ૧૦૦ |

## કાપડના ભાવ

| કાપડ | જુલાઇ | | એપ્રીલ-૨૦ | | મોંઘવારી ટકા |
|---|---|---|---|---|---|
| શેનો (પાટલુન માટે) | રૂ. ૦।- | વાર ૧ | રૂ. ૦॥ | વાર | ૬૦ |
| મલમલ (પહેરણ માટે) | રૂ. ૦।- | વાર ૧ | રૂ. ૦।≡ | વાર | ૪૦ |
| ચેક (ખમીસ માટે) | રૂ. ૦। | વાર ૧ | રૂ. ૦।= | વાર | ૫૦ |
| ગંજીફ્રરાક | રૂ. ૦।- | નં ૧ | રૂ. ૦।= | નં. ૧ | ૨૦ |
| ટોપી | રૂ. ૦)=॥ | નં ૧ | રૂ. ૦।- | નં. ૧ | ૧૦૦ |

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

| | | | | | |
|---|---|---|---|---|---|
| ફેંટા | રૂ. ૧।~ | નં ૧ | રૂ. ૧॥ | નં. ૧ | ૪૦ |
| છત્રી | રૂ. ૧)= | નં ૧ | રૂ. ૧। | નં. ૧ | ૩૩ |
| સાલ્લા | રૂ. ૧) | નં ૧ | રૂ. ૧। | નં. ૧ | ૫૦ |
| ઓઢણાં | રૂ. ૦॥ | નં ૧ | રૂ. ૧। | નં. ૧ | ૬૬ |
| છીંટ (ઘાઘરા માટે) | રૂ. ૦।= | વાર ૧ | રૂ. ૦॥~ | | ૩૩ |
| નેનસુખ (પીસ્વાજ) | રૂ. ૩॥ | તાકો | રૂ. ૫ | તાકો | ૪૨ |
| છીંટ ( ઇજાર ) | રૂ. ૦।= | વાર | રૂ. ૦॥= | વાર | ૬૭ |
| જાફર (ચોળી માટે) | રૂ. ૦।૦॥ | વાર | રૂ. ૦।= | વાર | ૩૩ |
| ઓઢણી | રૂ. ૦॥= | વાર | રૂ. ૧ | વાર | ૬૦ |
| છીંટ (ઘાઘરી માટે) | રૂ. ૦॥ | વાર | રૂ. ૧ | વાર | ૩૩ |

એ ભાવો પ્રમાણે ઉપરને ધોરણે ચાર તથા છ માણસના કુટુંબનો ખર્ચ નીચે મુજબ થાય:

## ચાર માણસનું કુટુંબ

| માસિક ખર્ચ | | વાર્ષિક ખર્ચ | |
|---|---|---|---|
| ચોખા મણ ૧ | રૂ. ૪– ૦–૦ | પાટલુન નં. ૪ | રૂ. ૫– ૮–૦ |
| દાળ મણ ૦॥ | રૂ. ૧– ૫–૦ | કોટ નં. ૩ | રૂ. ૫– ૪–૦ |
| ઘઉં મણ ૨ | રૂ. ૮– ૦–૦ | પહેરણ નં. ૪ | રૂ. ૪– ૪–૦ |
| માંસ શેર ૪ | રૂ. ૦–૧૨–૦ | ખમીસ નં. ૨ | રૂ. ૨– ૮–૦ |
| લાકડાં મણ ૪ | રૂ. ૨– ૦–૦ | ફેંટો નં. ૧ | રૂ. ૧–૧૨–૦ |
| શાક રોજ ૦)~ | રૂ. ૧–૧૪–૦ | બુટ જો. ૪ | રૂ. ૧૨– ૦–૦ |
| તેલ–મસાલો | રૂ. ૧– ૦–૦ | છત્રી નં. ૧ | રૂ. ૧– ૮–૦ |
| ઘી, ગોળ, | | ટોપી નં. ૧ | રૂ. ૦– ૫–૦ |
| ખાંડ | રૂ. ૧– ૦–૦ | સુરવાળ નં. ૪ | રૂ. ૩– ૦–૦ |
| ચા | રૂ. ૨– ૦–૦ | પહેરણ નં. ૪ | રૂ. ૩–૧૨–૦ |
| દુધ | રૂ. ૦– ૦–૦ | કોટ નં. ૨ | રૂ. ૩– ૦–૦ |

Gandhi Heritage Portal

5/10/2021



| | | | |
|---|---|---|---|
| ધુપેલ | રૂ. ૦– ૩–૦ | ઓઢણાં નં. ૩ | રૂ. ૩–૧૨–૦ |
| સાબુ | રૂ. ૦– ૪–૦ | પીસ્વાજ નં. ૧ | રૂ. ૬– ૦–૦ |
| હજામત | રૂ. ૦– ૬–૦ | | |
| પાન–બીડી | રૂ. ૧– ૮–૦ | ઇજાર નં. ૪ | રૂ. ૫– ૦–૦ |
| ભાડું | રૂ. ૨– ૦–૦ | કુડતાં નં. ૪ | રૂ. ૬– ૦–૦ |
| બત્તી | રૂ. ૦–૧૨–૦ | જોડી | રૂ. ૦– ૮–૦ |
| | | બંગડીયો | રૂ. ૨– ૦–૦ |
| | | ઓઢણી નં. ૩ | રૂ. ૩– ૦–૦ |
| | રૂ. ૨૭– ૦–૦ | | રૂ. ૬૯– ૧–૦ |
| | | | ÷ ૧૨=માસિક |
| | | | રૂ. ૫–૧૨–૧ |

રૂા. ૨૭–૦–૦+૫–૧૨–૧=કુલ માસિક ખર્ચ રૂ. ૩૨–૧૨–૧

## ૬ માણસના કુટુંબનું ખર્ચ

| | | | | |
|---|---|---|---|---|
| ચોખા ૧।। મણ | રૂ. ૬– ૦–૦ | રૂ. ૨૩–૧૨–૦ | મશાલો | રૂ. ૨–૧૨–૦ |
| દાળ મણ ૦।। | રૂ. ૨– ૦–૦ | | તેલ | રૂ. ૧– ૪–૦ |
| ઘઉં ૩ મણ | રૂ. ૧૨– ૦–૦ | | ઘી, ગોળ, ખાંડ | રૂ. ૧– ૮–૦ |
| માંસ ૪ શેર | રૂ. ૦–૧૨–૦ | | ચા | રૂ. ૨– ૦–૦ |
| લાકડાં ૬ મણ | રૂ. ૩– ૦–૦ | | ધુપેલ | રૂ. ૦– ૬–૦ |
| શાક રોજ | ૦)–।। | | | |
| સાબુ | રૂ. ૦– ૪–૦ | | હજામત | રૂ. ૦– ૮–૦ |
| બીડી પાન | રૂ. ૨– ૦–૦ | | ભાડું | રૂ. ૦– ૨–૦ |
| બત્તી | રૂ. ૦–૧૨–૦ | | | |
| | | | | રૂ. ૩૭– ૨–૦ |
| | | | + માસિક કપડાંલત્તાં | રૂ. ૭– ૦–૦ |
| | | | = કુલ માસિક ખર્ચ | રૂ. ૪૪– ૨–૦ |

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



એટલે ચાર માણુસનો હાલ ખર્ચ રૂ. ૩૨ થાય અને છ નો રૂ. ૪૪ થાય; અને તેટલી આવક જો તેમને અપાવવી હોય તો તેમને જુલાઇના દર ઉપર ઓછામાં ઓછા પચાસ અને વધારેમાં વધારે સો ટકા મળવા જોઇયે.

૨. મીલો કેટલા ટકા આપી શકે?

ઉપરની હકીકત ઉપરથી જણાશે કે કારીગરોને તેમના ગુજરાનને માટે હાલના મોંઘવારીના સમયમાં જુલાઇ મહિનાના પગાર ઉપર ૫૦ ટકા જેટલો વધારો મળવો જોઇયે. એટલે જો જુલાઇ મહિનાની તેમની આવક રૂ. ૨૨ની ગણીયે તો હાલમાં તેમને ઓછામાં ઓછા રૂ. ૩૩ મળવા જોઇયે. પરંતુ આટલો વધારો મીલો આપી શકે કે નહિ એ પણ વિચારવાની જરૂર છે. કારણ કે જે ઉદ્યોગમાંથી કારીગરોને તેમની રોજી મળે છે એ ઉદ્યોગમાં કંઇ પણ કસ ન રહે એટલી મજુરી તો કારીગરો ન જ માગી શકે. પરંતુ હાલના સમયમાં આ ૫૦ ટકાની માગણી કોઈ પણ રીતે વધારેપડતી નથી, એ નીચેની હકીકત ઉપરથી સમજાશે.

જુલાઇ મહિનામાં સુતરનો ભાવ રતલે બાર આના હતો અને તે સાથે વણાટનો ખર્ચ રતલે ૬ આના જેટલો હતો. એટલે રતલ સુતરનું કાપડ એક રૂપીયે બે આને તૈયાર થતું. એ કાપડની બજારકિંમત રતલે રૂ. ૧–૫–૦ હતી. એટલે મીલોને રતલે રૂ.–૦–૩–૦ નફો રહેતો; અને સાળ દીઠ ૧૦ રતલ સુતર હોઇ બે સાળ ઉપર તેમને રૂ.–૩–૧૨–૦ જેટલો નફો મળતો. તે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

અરસામાં પ્લેગને લઇને કારીગરોને ૫૦ થી ૭૦ ટકા જેટલો વધારો મળ્યો. એ વધારો રૂ. ૨૨ ઉપર ગણીયે તો રોજના ૬ આના જેટલો આવે છે. અને બે સાળ ઉપર નફો રૂ. ૩–૧૨–૦ જેટલો મળતો; એટલે ૬ આના આપતાં પણ રૂ. ૩–૬–૦ જેટલો નફો રહેતો.

મીલોને માટે આ સ્થિતિ આજે કાયમ છે એટલું જ નહિ, પણ તે ઘણી સુધરી છે. આજે સુતરનો ભાવ રતલે રૂ. ૧–૪–૦ છે અને વણાટનું ખર્ચ ૮ આના જેટલું આવે છે. એટલે રતલ સુતરનું કાપડ રૂ. ૧–૧૨–૦નું પડે છે. એ કાપડના બજારભાવ આજે રૂ. ૨–૪–૦ છે. એટલે મીલોને રતલે ૮ આના જેટલો નફો રહે છે. અને એક સાળનું રોજનું ઉત્પન્ન (production) ૧૦ રતલનું ગણીયે તો બે સાળ ઉપર રૂ. ૧૦ જેટલો નફો થાય છે. હવે જો પ્લેગના વખતમાં રૂ. ૩–૧૨–૦ના નફામાંથી કારીગરોને ૬ આનાનો વધારો આપવો પોસાયો તો હાલ રૂ. ૧૦માંથી ૬ આના આપવા ભારે પડે એમ કહી શકાય નહિ.

મીલોની હાલની સ્થિતિ બહુ સારી છે. તેનો એક પુરાવો તો કેટલાક મીલએજન્ટોએ પોતાના કમિશનના ધોરણમાં ફેરફાર કર્યો છે તેમાંથી મળી આવે છે. જુની રીત પ્રમાણે એજન્ટોને દર રતલે રૂ. ૦–૦–૩ કમિશન મળતું તેને બદલે હવે તેમણે ૩॥ ટકા કમિશન લેવા માંડયું છે. અને ગણત્રી કરતાં તે પહેલાંના કરતાં ચાર ગણું આવે છે. કારણ કે એક સાલનું રોજનું ઉત્પન્ન

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

(production) ૧૬ રતલ ગણીયે તો પહેલાંના દર પ્રમાણે એજન્ટોને ૧૬ પૈસા એટલે ૪ આના મળે. પરંતુ ૩।। ટકા પ્રમાણે ગણતાં ૧૬ રતલના રૂા. ૧-૧૨-૦ લેખે રૂા. ૨૮ થાય, અને તે ઉપર કમિશન લગભગ રૂા. ૧ જેટલું થાય. જો મીલોને હાલ અસાધારણ નફો નહિ હોત તો એજન્ટો આટલું કમિશન માગી શકત જ નહિ, અને શેરહોલ્ડરો આપવાની હા પણ પાડત નહિ.

ઉપરની હકીકત ઉપરથી ખાતરી થશે કે કારીગરોને મોંઘવારીને લીધે ઓછામાં ઓછા ૫૦ ટકા વધારાની જરૂર છે, અને મીલો એ સાળ દીઠ હાલ રોજ રૂા. ૧૦ રળે છે તે જોતાં તેમને આ વધારો આપવો ભારે પડે એમ નથી. તો પછી એમ પ્રશ્ન થશે કે ગાંધી સાહેબે માત્ર ૩૫ ટકા જ કેમ વાજબી ગણ્યા. એનો જવાબ માત્ર એટલો જ છે કે પહેલાં પંચનામાની એક શરત એવી હતી કે અમદાવાદના સાળખાતાના કારીગરોને મુંબઇની મીલોના કારીગરો કરતાં વધારે મળવું જોઇયે નહિ. અને મુંબઇની મીલો સંબંધી તપાસ કરતાં ચાર જુદી જુદી મીલો તરફથી તેમના કારીગરોને મળતા માસિક પગારના નીચલા આંકડા મળ્યા હતા.

( ૧ ) રૂા. ૩૨-૩-૦ થી રૂા. ૩૪-૮-૦
( ૨ ) રૂા. ૩૦ (ચાર દિવસ હડતાળ હતી.)
( ૩ ) રૂા. ૩૦ થી રૂા. ૪૪
( ૪ ) રૂા. ૪૨

આમાંથી ઓછામાં ઓછો આંકડો ત્રીસનો લેતાં પણ ચાળીસ ટકા વ્યાજબી ગણી શકાય. પરંતુ મીલો ઉપર

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



વધારે બોજો ન પડી જાય એ વિચારથી ૩૫ ટકા જ નક્કી કરવામાં આવ્યા. અને તેમાંથી ૧ ટકો પણ ન્યાયની દૃષ્ટિએ ઓછો થઇ શકે નહિ એમ હું ખાતરીથી કહી શકું છું.

મજુરોના પગારના વધારા માટેની તપાસના સંબંધમાં તો અત્યારે આટલી જ હકીકત રજુ કરી શકું છું. પરંતુ આ ગાંધી સાહેબને પણ મોકલી છે; અને એમને જરૂર જણાશે તો તેઓ આમાં ઉમેરો કરશે.

લી.

શંકરલાલ ઘેલાભાઈ બેન્કરના

સવિનય વન્દેમાતરમ્

---

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઇતિહાસ]

# ( ૨ )

## મીલએજન્ટો તરફની હકીકત

આ મુકદ્દમામાં મજુરોની તરફેણની મિ૦ ઍન્કરની સહીથી રજુ થયેલી હકીકત અમે વાંચી છે.

અમે એમ કહેવાની રજા લઇયે છીયે કે જ્યાં જ્યાં મિ૦ ઍન્કરના હકીકતપત્રમાં પ્રો૦ ધ્રુવની સલાહ માગવામાં આવી છે તેમાં દર્શાવેલી બાબતો સિવાય બીજી હકીકત જણાવી છે ત્યાં ત્યાં તે અસ્થાને છે ને તેથી તે હકીકત ધ્યાનમાં લેવાવી જોઇયે નહિ. મિ૦ ઍન્કરે આવો પ્રયાસ કર્યો છે તે જોઇ અમને ઘણી જ નવાઇ થાય છે. અને તેમાં તેમનો હેતુ લવાદને ભૂલાવો ખવડાવવાનો છે એમ અમારૂં ધારવું છે. આ પ્રયાસ અન્યાયભરેલો તેમજ કાયદા વિરૂદ્ધ છે. આ મુકદ્દમામાં જે જે મુદ્દાઓ સલાહ માટે રજુ કરવામાં આવ્યા છે તે સંબંધે હકીકતપત્રમાં દર્શાવેલી બાબતોનો નીચે પ્રમાણે અમારો જવાબ છેઃ—

अ (૧) મિ૦ ઍન્કરે દર્શાવેલી સર્વ હકીકત તદ્દન ખોટા સિદ્ધાંત પર રચાયેલી છે. સર્વ મીલો ભૂતદયા અને પરોપકારના હેતુથી ચલાવવામાં આવે છે, તેમજ તેમનો ઉદ્દેશ મૂડીવાળાઓ તથા મજુરોની સ્થિતિ એકસરખી કરવાનો છે, એવા સિદ્ધાંતો પર તેમની સર્વ દલીલો રચાયલી છે. અમે જણાવવાની રજા લઇયે છીયે કે આ સિદ્ધાંતો તદ્દન ખોટા છે. વાસ્તવિકરીતે જોતાં મીલો ખાનગી માલિકીની મિલ્કત છે. તેમને ચલાવવાનો મૂળ અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ખરો હેતુ નફો મેળવવાનો છે. આ હેતુ ધ્યાનમાં રાખીને જ તેમાં મજુરો રોકવામાં આવે છે. અને તેથી, મજુરોને રોકવાનું કાર્ય તથા તેમને કેવી શરતે રોકવા તે, મજુરોની પ્રવીણતાને લક્ષમાં લીધા બાદ, ફક્ત ખપ અને છત ( Supply and Demand ) ના ધોરણથી જ નક્કી કરવામાં આવે છે, અને તેમજ થવું જોઇયે. આખા જગતમાં બધે ઠેકાણે આ ધોરણસર કાર્ય થાય છે એમ કહેવાની અમે રજા લઇયે છીયે. અમારા જાણવા મુજબ કોઇપણ ઠેકાણે મૂડીવાળાઓ તથા મજુરવર્ગનો પરસ્પર સંબંધ મિ૦ ઍન્કરના હકીકતપત્રમાં જણાવેલી પદ્ધતિસર નક્કી થયો નથી; અને તેમ ન થવામાં સ્પષ્ટરીતે ડહાપણ રહેલું છે. તેમણે બતાવેલી પદ્ધતિનું સ્વરૂપ જ અસંભવિત, અસાધ્ય અને સ્વપ્નતુલ્ય છે. તે થોડેઘણે અંશે ' યુટોપીયા 'ને માટે છે. તે આ જગતમાં, આ દેશ કે આ શહેરને માટે વ્યાવહારિક નથી.

(૨) વળી આ હકીકતપત્ર નિરાશાજનકરીતે ખોટા તર્ક પર રચાયેલું છે. દાખલા તરીકેઃ—

૧ એજન્ટોના કમિશનમાં વધારો

સૌ કોઈ જાણે છે કે અમદાવાદ શહેરમાં મીલના કાર્ય-વાહકોને તથા એજન્ટોને પદ્ધતિસર કમિશન મળે છે. એક પદ્ધતિ પ્રમાણે તૈયાર થયેલા દર પાઉન્ડે ત્રણ પાઇ પ્રમાણે કમિશન આપવામાં આવે છે. આ પદ્ધતિ ઘણે ઠેકાણે ચાલે છે. બીજી પદ્ધતિ પ્રમાણે વેચાણ થયેલા માલની કિંમત પર સેંકડે ૩ થી ૪ ટકા કમિશન મળે છે. ખરૂં જોતાં આ બન્ને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

પદ્ધતિસર પહેલાં ઘણી સારી રીતે કામ ચાલ્યું હતું. કારણ કે હિસાબે તે બે રીતે મળતા કમિશનમાં ઘણો જ થોડો તફાવત રહેતો. આગલા વર્ષોમાં તો આ બન્ને રીતે એક જ રકમ કમિશન તરીકે મળતી હતી. પણ લડાઇની શરૂઆત પછી બારીક કાપડ તૈયાર કરવાની જરૂર પડવાને લીધે, તેમજ ભાવો વધી જવાને લીધે પાઉન્ડના હિસાબથી એજન્ટોનું કમિશન ઓછું ને ઓછું થવા લાગ્યું અને તે સાથે શેર ભરાવનારાઓને નફો વધારે મળવા લાગ્યો. આથી એજન્ટો નુકસાનમાં આવી પડ્યા. આ કારણને લીધે બીજી પદ્ધતિસર કમિશન આપવાનો ધારો થયો. તેમ છતાં ઓછું કે વત્તું કમિશન આપવાની સત્તા શેર ધરાવનારાઓની છે. કારણકે તેમ કર્યાથી તેમના જ નફામાં વધઘટ થાયછે. તે મુદ્દો ચાલુ પ્રશ્નને લાગતોવળગતો નથી.

૨ મજુરોને માટે નિશાળો, દવાખાનાં, રાતની કલબો, વીમા ફન્ડો વગેરે પુરાં પાડવાની જરૂર સંબન્ધે.

આ સર્વ સગવડો ઘણી જ સારી છે. પરંતુ તેને વ્યાવહારિક સ્વરૂપમાં મુકી શકાય કે નહિ તે જોવાનું છે. આ સગવડો ધનવાન તેમજ વચલા વર્ગોના લોકોને પણ મળતી નથી. મીલમજુરોને માટે તો તેઓ નવાઇની ચીજો જેવી છે. વળી આમાંની ઘણી બાબતો પર સરકાર અને મ્યુનિસિપાલિટીનું જ ધ્યાન ખેંચવાની જરૂર છે; કારણકે તેઓ જ તે સંબંધી કાંઇ પણ કાર્ય કરી શકે એમ છે. ચાલુ મુકદ્દમામાં આ સગવડો પર ભાર દેવો એ અન્યાયભરેલું તેમજ અવાસ્તવિક છે. આને માટે સુંદર શરૂઆત અને વ્યવસ્થા કરવામાં આવે તો આવા પ્રશ્નોને જલદીથી કામમાં લેવા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કરતાં વધારે આવકારદાયક કાર્ય અમને બીજું કોઇપણ જણાતું નથી; અને એવી સ્થિતિમાં તેને માટે જોઇતા ખર્ચ તથા નાણાંમાં અમારો યોગ્ય ભાગ અમે પુરેપુરી ખુશીથી આપીશું.

૩ પ્લેગને લીધે આપવામાં આવેલો વધારો

આ વધારો ખાસ અમુક વખતને માટે જ આપવામાં આવ્યો હતો. હવે પ્લેગ જતો રહ્યો છે એટલે ગમે તે વખતમાં તેના પર ભાર મુકવો તે અયોગ્ય જ કહેવાય.

૪ મુંબઇના મજુરો તથા તેમને મળતી રોજીની સાથે સરખામણી.

આ સરખામણીમાં નીચેની બાબતો સંબંધી વચાર કરવામાં આવેલો નહિ હોવાથી તે તદ્દન ભૂલભરેલી છે:—

(૧) મુંબઇમાં ઘરભાડાં સુદ્ધાં સર્વ ખર્ચ વધારે છે.

(૨) ત્યાંના મજુરો વધારે હોશીયાર અને પ્રવીણ છે.

(૩) આ કારણને લીધે મુંબાઇની મીલોમાં વધારે સુંદર અને ખૂબીવાળાં વણાટકામ તૈયાર થઈ શકે છે.

(૪) મુંબાઇના મજુરો ઘણું ખરૂં એક જ જગાએ કાયમને માટે કામ કરે છે.

(૫) ત્યાં જો નોટિસ આપ્યા વગર કે રજા લીધા વગર કોઇપણ મજુર કામ પરથી જતો રહે તો તેનો પગાર આપવામાં આવતો નથી. ( અમદાવાદમાં હર હમેશ નોટિસ આપવાનો રિવાજ છે.)

આવા મોટા તફાવત સંબંધી વિચાર કર્યા વગર સરખામણી કરવાથી ભૂલ થવાનો સંભવ છે. તે ન્યાયવિરૂદ્ધ તથા અવાસ્તવિક છે. વળી પ્રગતિમય મુંબઇમાં પણ વીમાફંડ, રાતની કલબો વગેરેનો હજુ સુધી અભાવ જ છે.

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



વળી આ ઉપરની સરખામણીમાં મુંબાઇસરકાર તેમજ રેલવે કંપનીઓએ પોતાના નોકરોના પગાર વધાર્યા છે તે હકીકત પર ધ્યાન રાખવામાં આવ્યું નથી.

**ब** મિ૦ ઍન્કરના હકીકતપત્રના બાકી રહેલા ભાગમાં મજુરો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી જોઇયે તે મુદ્દાને આધારે તેમનો પક્ષ સબળ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરંતુ અહીં પણ કેટલીક બાબતો ખોટી રીતે મુકવામાં આવી છે.

૧ અમે તેમાંની નીચેની બાબતો ખરી ન હોવા સંબંધે ખાત્રી ધરાવીયે છીયે.

(अ) સાધારણ મજુરના કુટુંબમાં એક પુરૂષ, તેની સ્ત્રી અને ત્રણ ચાર છોકરાં હોય છે.

અમે પુરેપુરી તપાસ કરીને એ નિર્ણય પર આવ્યા છીયે કે સાધારણ મજુરના કુટુંબમાં માબાપ ઉપરાંત ઘણેખરે ઠેકાણે એક જ છોકરૂં હોય છે, અને ઘણે જ થોડે ઠેકાણે બે હોય છે. આમ હોવાથી તેમની ગણત્રી ખોટી ઇમારત પર રચાઇ છે.

(ब) આખા કુટુંબનું પોષણ એકલો પુરૂષ જ કરે છે.

આ સંબંધે પણ સર્વ કોઇ જાણે છે કે ઘણેખરે ઠેકાણે છોકરાઓ કામ કરતા હોય છે. આમ હોવાથી આ બાબત પર ભાર મુકવાની જરૂર નથી. મીલોમાં ઘણાં છોકરાં કામે લાગે છે તે દેખીતું છે. વળી કોઈ કોઈ ઠેકાણે તો સ્ત્રીઓ પણ કામ કરે છે. આમ હોવાથી મીલ-

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



મજુરોના કુટુંબની કમાઈ ઘણી જ વધારે છે તે મનમાં રાખવું જોઇયે.

(क) માસિક ખર્ચનો આંકડો પણ ઘણો જ વધારે દર્શાવવામાં આવ્યો છે.

(ड) મજુરોને ગજા ઉપરાંત ઘણું જ કામ કરવું પડે છે.

આ હકીકત પણ તદ્દન ખોટી છે. કોઇ પણ મીલમાં જઇને જોવાથી માલુમ પડશે કે બીડી પીવાના તથા પાણીના ઓરડામાં, તેમજ મીલના કમ્પાઉન્ડમાં ઘણા મજુરો વખત ગુમાવતા અને ભટકતા જ હશે. અમારો મત એ થયો છે કે જો તેઓ પોતાના કામ પર એક ચિત્ત રાખતા હોય તો તેમને જે મળે તેના કરતાં તેમની ઉપરની ટેવોને લીધે તેમને ઘણું જ ઓછું મળે છે; એટલું જ નહિ પણ તેને લીધે મીલોને પણ ઘણી રીતે નુકસાન થાય છે. દાખલા તરીકે માલ ઓછો તૈયાર થાય છે, અને ઘરાકો અને સાળો ઘણી વખત બંધ કરવાની જરૂર પડે છે. આળસ રાખવાની મજુરોની આવી ટેવ દૂર થાય એ ખાસ ઇચ્છવાયોગ્ય છે. અમે વારંવાર તેમાં સુધારો કરવાનો પ્રયાસ કર્યો છે, પણ તે નિષ્ફળ ગયો છે. મજુરવર્ગના મિત્રો હકીકત રજૂ કરે તેમજ સહાનુભૂતિ દર્શાવે તેથી જે લાભ મળે તેના કરતાં જો તેઓ કામ પર વધારે લક્ષ રાખે તો પોતાની મેળે તેઓ ઘણું જ વધારે કમાય અને તેમની સ્થિતિ સુધરે, એટલું જ નહિ પણ મીલોને પણ ભારે નફો મળે. આથી મજુરવર્ગ તેમજ

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



મૂડીવાળા બન્નેને પરસ્પર લાભ થાય. આ બાબતમાં આપણા મજુરીયાત લોકોએ તેમના મુંબઇના ભાઇઓનું અનુકરણ કરવું ઘટે છે.

(इ) બીજી ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે મજુરો વારંવાર નોકરી બદલે છે. મીલોની બદલીનું પત્રક જોતાં જણાઇ આવશે કે તેઓ સ્થિર રહી શકતા નથી. આને લીધે અમને તેમજ મીલોને ઘણું જ નુકસાન થાય છે.

(फ) આ બાબતમાં કૅલિકો મીલમાં તૈયાર થયેલા માલનું પત્રક જોવા અમે વિનયપૂર્વક વિનંતિ કરીયે છીયે. તેમાંથી સ્પષ્ટ દીસી આવે છે કે પ્લેગનો વધારો તથા વધારે પગાર આપવાથી પણ મીલની કમાણીમાં કંઇ સારો વધારો થયો નથી; બલ્કે તે ઘણી જ ઓછી થઇ ગઈ છે. મજુરોને વધારે કમાવાની જે તકો આપવામાં આવી છે તેનું પરિણામ એ થયું છે કે માલ ઓછો તૈયાર થયો છે; અને આમ હોવાથી અમને આને અંગે લાભ થવાને બદલે નકામું ઘણું જ નુકસાન થયું છે. તે જ પત્રક પરથી બીજી બાબત એ જણાઈ આવશે કે જે વધારો મજુરવર્ગ હમણાં માગે છે તે તેમજ તેથી વધારે તેઓ મેળવી શકયા હોત, પરંતુ તેમને આપવામા આવેલી તકોનો પણ તેમણે લાભ લીધો નથી. અમે આનું કારણ એમ સમજીયે છીયે કે મજુરોની ટેવો અને રીતભાત આળસ વગેરેથી ભરેલી છે. તેમને અમુક કમાઇ મળે તેમજ અમુક સગવડો મળે એ એથી તેઓ સંતોષ માને છે, અને મહોરમ વગેરે તહેવારોના દિવસો સિવાય બીજી બધી વખતે વધારો મેળ-

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



વવાની તેમને જે તક આપવામાં આવે છે તેનો તેઓ લાભ લેતા નથી. આ સંબંધે મજુરોની કામ કરવાની રીત જોઇને બંધાયલો અમારો દૃઢ મત એ છે કે અમદાવાદમાં વધારે મજુરી આપવાથી તે લોકોની ખરેખરી માસિક આવકમાં ભારે વધારો થતો નથી. અને અમારી સૂચના એ છે કે આ બાબતમાં મજુરોની ટેવો સુધારવાની ખાસ આવશ્યકતા છે.

(૨) ઉપર બતાવેલી હકીકતપરથી એ તો સ્પષ્ટ છે કે મિ૦ બૅન્કરના હકીકતપત્રની ખાસ વિચાર કરવા જેવી હવે ઘણી થોડી બાબત રહી છે. હિન્દી જનસમાજના સર્વ ભાગોની તેમજ મજુરવર્ગોની સ્થિતિ સુધારવાની તેમજ સારી કરવાની ખાસ જરૂર છે. મિ૦ બૅન્કરના વિચારને અમે પણ મળતા થઇયે છીયે. આ કામ ઘણું જ વહેલું થાય તે પણ અમે કબુલ કરીયે છીયે, પણ માણસો અને રિવાજ મિ૦ બૅન્કર ધારે છે તેટલા થોડા સમયમાં પુરેપુરા સુધરી શકે નહિ. યુટોપીયા એક દિવસ, વર્ષ કે પેઢીમાં જ અસ્તિત્વમાં આવી શકે નહિ. મિ૦ બૅન્કરે મજુરોને માટે જે વધારાની માગણી કરી છે તે વધારો જો તેઓ જાતે મહેનત કરે અને તેઓ વધારે નિયમિત અને ઓછા આળસુ થાય તો તેમને મળી શકે તેમ છે. આ ઉપાય તેમના પોતાના હાથમાં છે. દયાની લાગણીને અંગે સારી રીતે કે હમેશને માટે તે લાભ તેમને મળી શકે તેમ નથી. તેઓ પોતાની લાયકાત અને ઉદ્યોગને અંગે જ વધારે સારી કમાઈ કરી શકશે. આ સંબંધે અમે એમ જણાવવાની રજા લઇયે છીયે કે મિ૦ બૅન્કર અને તેમના

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

મિત્રો મજુરોને જે જે ખોટી ટેવો પડી છે તે વિષે તેમને પુરેપુરી રીતે સમજાવવામાં પોતાના ઉત્સાહનો ઉપયોગ કરશે તો ઘણો જ લાભ થશે. આમ કરવાથી જે લોકોનો પક્ષ તેમણે લીધો છે તેમને પણ તેઓ અનહદ લાભ આપી શકશે.

(૩) અમે લવાદ સાહેબનું ધ્યાન એ બાબત પર ખેંચવાની રજા લઇયે છીયે કે ચુકાદાને અંગે જે વધારો આપવાનું ઠરાવવામાં આવે તે જ્યાં સુધી હાલના સંજોગો ચાલુ રહે ત્યાં સુધી જ અમલમાં મુકવામાં આવે. હમણાં મોંઘવારી છે એ તો ખરૂં, પણ તેનું કારણ હાલની લડાઇ છે. સારાં વર્ષો આવ્યેથી તેમજ લડાઇ બંધ થયેથી આ મોંઘવારી નાશ પામવાની; અને તેની સાથે મીલોમાં હમણાં મળતો નફો પણ ઘણો જ ઓછો થઈ જવાનો. વધુ કરોને લીધે, તેમજ ઘણા જ જોરથી ફરી ચાલુ થવાની લૅન્કેશાયર સાથેની હરીફાઇને લીધે મીલો કફોડી સ્થિતિમાં આવી જવાનો ઘણો સંભવ છે. આ બે કારણોને લીધે મીલઉદ્યોગ પર શી અસર થશે તે વિષે અત્યારે તર્ક નકામો છે; પરંતુ હાલના જેટલો નફો આગળ ઉપર નહિ મળે તે પહેલેથી જ સમજવું વધારે લાભકારક છે. બંગાળાના ભાગલાનાં ઉત્તમ વર્ષોમાં મીલોમાં ઇ. સ. ૧૯૦૦ થી ૧૯૦૯ સુધી ઘણો સારો નફો મળ્યો હતો. પરંતુ ઇ. સ. ૧૯૦૯ થી તે લડાઈની શરૂઆત થઇ ત્યાં સુધી મીલોને ઘણા જ બારીક સમયમાંથી પસાર થવું પડ્યું. તે વખતે કેટલી મીલો ખરેખર ફડચામાં ગઇ હતી. એટલા માટે અમે

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

ખરા અંતઃકરણથી એમ આશા રાખીયે છીયે કે મુડીવાળાના અને મજુરવર્ગના સર્વ મિત્રો આવી સંભવિત (અને ખરે-ખરી) હકીકતનો પુરેપુરી સંભાળપૂર્વક વિચાર કરશે.

क હવે મજુરોને શો વધારો આપવો જોઇયે એ પ્રશ્નનો જ વિચાર કરવાનું રહ્યું. રેફરન્સમાં તેઓ ૩૫ ટકા વધારાની માગણી કરે છે. અમે ૨૦ ટકા વધારે આપી શકયા છીયે. ઉપર દર્શાવેલ સર્વ સંજોગોમાં અને નજીદીકના ભવિષ્યના સમય વિષે ધ્યાનપૂર્વક વિચાર કર્યા પછી અમે જે વધારો આપ્યો છે તે યોગ્ય છે, એમ જણાવવાની રજા લઇયે છીયે. ખરૂં જોતાં તે જોઇયે તે કરતાં વધારે છે, છતાં પણ અમે હાલના બારીક સમયને લીધે વધારો આપવાનું વાજબી ધાર્યું છે. અમદાવાદમાં પ્લેગ આવ્યો ન હોત તો મજુરવર્ગ આ વધારાથી સંતોષ પામ્યો હોત એમ અમારૂં માનવું છે. હાલ તો અમદાવાદમાં પ્લેગ છે જ નહિ, અને તેથી જે સંજોગોના વિચારોને પરિણામે તેમને પ્લેગનો વધારો આપવામાં આવ્યો તે વિષે ચાલુ પ્રશ્નમાં કંઈ પણ કહેવું જોઇયે નહિ. મજુરો જો વધારે ઉદ્યોગી થાય અને વારંવાર નોકરી બદલવાની તેમની ટેવ મુકી દઈ તેઓ એક જ ઠેકાણે સ્થિર રહે તો વધારે નહિ તો હાલ જે વધારો તેઓ માગે છે તેટલો તેઓ જાતે હસ્તગત કરી શકે. તેઓ જો વધારે કામ કરે તો વધારે પગાર આપવાને અમે ઘણા જ ખુશી થઇશું. તેમના હાલના મિત્રો તેમને જે સર્વ લાભો કરી આપે તેના કરતાં વધારે લાભ તેમનો પોતાનો ઉદ્યોગ જ તેમને અને અમને કરી આપશે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

આ ઉપરથી અમે જે વધારો આપવાનું કહીયે છીયે તે ન્યાયપુરઃસર છે, એમ કહેવાની અમે છેવટે રજા લઇયે છીયે.

ગોરધનદાસ ઇ. પટેલ
પેસ્તનશા ન. વકીલ
જોઇન્ટ ઑનરરી સેક્રેટરીઓ,
મીલ એજન્ટોનું ગ્રૂપ.

Gandhi Heritage Portal

## ( ૩ )

# પંચનો નિર્ણય

ગયા શીયાળામાં અમદાવાદના મીલમાલિકોના 'ગ્રૂપ' અને કાપડ વણનાર કારીગરો વચ્ચે કારીગરોના પગારના દરના સંબન્ધમાં વાંધો પડેલો, અને તેને પરિણામે હડતાળ અને 'લૉકઆઉટ'–બહાર તાળા–ની ખેદકારક સ્થિતિ ઉત્પન્ન થઇ હતી. તેનો અન્ત તા. ૨૦ મી માર્ચ ૧૯૧૮ ને દિને બન્ને પક્ષ તરફથી મને પંચનું કામ સોંપાઇને આવ્યો. તે પછી પંચના કામની શરૂઆત થઈ. પોતાની હકીકત લખી રજુ કરવાની મેં બન્ને પક્ષ પાસે માગણી કરી. તે પ્રમાણે અનિવાર્ય અડચણોને લીધે મીલમાલિકોના 'ગ્રૂપ' તરફની હકીકત ત્રણ માસની અંદર મને મળી નહિ. એક પક્ષની હકીકતથી સંતોષ પામીને ચુકાદો કરવો એ મને વાજબી લાગ્યું નહિ, અને તેથી પંચનો અધિકાર સમાપ્ત કરી, બન્ને પક્ષે માંહોમાંહે મળીને સમજુતી કરવી, અને તેમાં બન્ને પક્ષના મિત્ર તરીકે મારી મદદની જરૂર હોય તો તે આપવા હું રાજી છું, એમ મેં જણાવ્યું. પણ બન્ને પક્ષ તરફથી એમ જણાવવામાં આવ્યું કે એ બની શકે તેમ નથી, અને પંચના કામની મુદત વધારવા તેઓ એકમત થયેલા છે. તેથી મેં પંચનું કામ જારી રાખ્યું. તા. ૨૮ મી જુને મીલમાલિકોના 'ગ્રૂપ' તરફની હકીકત મને મળી. તેમાંથી કેટલાક અગત્યના પ્રશ્ન ઉપસ્થિત થયા, તેનો ખુલાસો મેં બન્ને પક્ષ પાસે માગ્યો હતો. તા. ૩ જી જુલાઈ સુધીમાં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કારીગર પક્ષ તરફથી એ સંબન્ધમાં કાંઈ લખાઈ આવ્યું નથી. મોટે ભાગે તો જે ખુલાસા તથા હકીકતની મારે જરૂર હતી તે મીલમાલિકોને પુરી પાડવાની હતી, અને તેઓ તરફથી એક 'ખાનગી' સુચના સાથે થોડીક હકીકત રજુ કરવામાં આવી છે. પણ તેનાથી મેં પુછેલા સર્વ પ્રશ્નોનો ઉત્તર થતો નથી, અને જેટલાનો થાય છે તેટલાનો પણ અપૂર્ણ રૂપમાં થાય છે; અને કેટલીક હકીકતો તો ઘણી મીલોમાંથી મેળવીને પુરી પાડવામાં આવે તો જ તેનો ઉપયોગ થઈ શકે એમ છે. પરંતુ તે હકીકત અત્યારે ભેગી કરવી શક્ય નથી, એમ તેઓ તરફથી જણાવવામાં આવે છે. આ સ્થિતિમાં હું બન્ને પક્ષ વચ્ચેની તકરારમાં **વાસ્તવિક ન્યાય** શો છે એના નિર્ણય ઉપર આવી શકતો નથી. પણ મીલમાલિકો અત્યારે હવે વિશેષ હકીકત આપી શકે એમ નથી, અને ગરીબ કારીગરોને પંચનો નિર્ણય સત્વર મળવો જોઇયે એ ઇષ્ટ છે, તેથી મારે **વ્યવહારૂ ન્યાય** યાને ચુકાદા ઉપર આવવું પડે છે. પંચના ઠરાવની વાટ ન જોતાં કુદરતના બળે મીલમાલિકો અને કારીગરો વચ્ચે પ્રસ્તુત પ્રશ્નના સંબન્ધમાં જે વાસ્તવિક સ્થિતિ ઉત્પન્ન કરી દીધી છે તેમાંથી મને એ વ્યવહારૂ ન્યાય કરવાનું ધોરણ મળી આવે છે. પક્ષકારો તરફથી મળેલી હકીકત ઉપરથી મારા જાણવામાં આવે છે કે અત્યારે ઘણીખરી મીલોમાં ૩૫ ટકાનો વધારો અપાઇ ચુક્યો છે, અને કેટલીકમાં તો એ વધારો ૫૦ ટકા સુધી પણ પહોંચ્યો છે. તો તકરારને લગતા બાકીના વખતને માટે ૩૫ ટકા વધારો આપવો ઘટારત છે. તેથી હું પંચ તરીકે મને મળેલા અધિકારથી જાહેર કરૂં

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

છું કે મીલમાલિકોએ કારીગરોને તકરારને લગતા બાકીના વખતના પગારમાં ૩૫ ટકા વધારો આપવો, એટલે કે ૨૭।। ટકા આપતાં બાકી રહેલી રકમ તેઓએ કારીગરોને આપવી.

છેવટે, બન્ને પક્ષે પરસ્પર સહનશીલતા અને શાન્તિથી કામ કર્યું છે અને પંચના નિર્ણયમાં વિલંબ થયો તે દરમીયાન બન્ને પક્ષે માંહોમાંહે સમજીને મીલનું કામ ચાલતું રાખ્યું છે એ સંતોષની વાત અત્રે નોંધું છું. આશા રાખું છું કે ઉભય પક્ષ વચ્ચે સંપથી કામ ચાલ્યાં કરશે.

તા. ૧૦–૮–૧૯૧૮. આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

( ૪ )

## પોતાના ઉપવાસ વિષે ગાંધીજીનો ખુલાસો

મને લાગે છે કે મારે મારા છેલ્લા ઉપવાસ વિષે પ્રજા આગળ ખુલાસો કરવો જોઇયે. કેટલાક મિત્રો મારૂં આ પગલું નાદાનીભરેલું લેખે છે, બીજાઓ નામર્દાઇવાળું માને છે અને બીજા કેટલાકો વળી તેથી પણ વધારે ખરાબ ગણે છે. પરંતુ હું તો એમ માનું છું કે જો મેં આ પગલું લીધું ન હોત તો હું મારા કર્તાને અને હાથધરેલા કાર્યને બેવ ા થયો હોત.

એકાદ માસ ઉપર હું મુંબઇ ગયો હતો. તે વખતે મને એમ કહેવામાં આવ્યું હતું કે મરકીને વખતે જે બોનસ અમદાવાદના મીલમજુરોને આપવામાં આવતું હતું તે જો અપાતું બંધ કરવામાં આવે તો તેઓ હડતાલ પાડે અને ધીંગામસ્તી કરે એવી વકી છે. મને વચ્ચે પડવા કહેવામાં આવ્યું, અને હું તેમ કરવા કબુલ થયો.

મજુરોને ગયા ઑગસ્ટ માસથી મરકીને લીધે ૭૦ ટકા જેટલું બોનસ મળતું હતું. તે બોનસ બંધ કરવાના પ્રયત્નથી મજુરોમાં ભારે અસંતોષ ફેલાયો. મીલમાલિકોએ લગભગ છેલ્લી ઘડીએ, મરકીને લઇ અપાતા બોનસને બદલે, ઘણી મોંઘવારીને સબબે તેઓની મજુરીમાં વીસ ટકાનો વધારો કરી આપવા જણાવ્યું. પરંતુ તેથી મજુરો સંતોષ ન પામ્યા. વાત પંચ ઉપર મુકવામાં આવી અને સરપંચ તરીકે અમદાવાદના કલેક્ટર મિ૦ ચેટફીલ્ડ નીમાયા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

છતાં કેટલીક મીલના મજુરોએ હડતાલ પાડી. માલિકોએ વિચાર્યું કે મજુરોએ આમ યોગ્ય કારણ વિના કર્યું છે, એટલે તેઓ પંચમાંથી ખસી ગયા, અને 'લૉકઆઉટ' જાહેર કર્યો. તેઓએ એમ પણ નક્કી કર્યું કે જે વીસ ટકાનો વધારો તેઓએ આપવા જાહેર કર્યો હતો તે કબુલી લેવાની સ્થિતિમાં મજુરો થાકીને આવી ન પડે ત્યાં સુધી 'લૉકઆઉટ' ચાલુ રાખવો. ભાઈ શંકરલાલ બૅન્કર, ભાઈ વલ્લભભાઈ પટેલ અને હું મજુરો તરફથી પંચમાં નીમાયા હતા. અમે જોયું કે જો અમે તાબડતોબ અને મક્કમતાથી કંઈ પણ પગલું નહિ લઈયે તો મજુરોને હેઠા પાડવામાં આવશે. એટલે અમે વધારા વિષે તપાસ કરવી શરૂ કરી. અમે મીલમાલિકોની મદદ મેળવવા પ્રયત્ન કર્યો, પરંતુ તેઓએ અમને તે ન જ આપી. તેઓના મનમાં મીલમજુરોના સંપને હઠાવે એવું મીલ-માલિકોનું સંયુક્ત બળ યોજવાની એક જ વાત રમતી હતી. એક રીતે જોતાં, અમારી તપાસ એકતરફી હતી. છતાં અમે મીલમાલિકોનો પક્ષ વિચારવાનો પ્રયત્ન કર્યો, અને એવા ઠરાવ ઉપર આવ્યા કે ૩૫ ટકાનો વધારો વાજબી લેખી શકાય. મીલમજુરોને અમારો આ આંકડો જણાવ્યો તે પહેલાં અમે મીલમાલિકોને અમારી તપાસનું પરિણામ બતાવ્યું અને સાથે એમ પણ કહ્યું કે જો તેઓ ક્યાંય ભૂલ દેખાડશે તો અમે તે સુધારી લેવા તૈયાર છીયે. પરંતુ તેઓએ અમારી સાથે સલાહ ન જ ઇચ્છી. તેઓએ જવાબ વાળ્યો, અને તેમાં જણાવ્યું કે સરકાર અને મુંબઈના શેઠીયાઓ તરફથી અપાતો દર અમારા નક્કી

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કરેલા દર કરતાં ઘણો ઓછો છે. મને લાગ્યું કે તેઓના જવાબમાં આ વાત વધારેપડતી હતી, અને એક જંગી સભામાં મેં જાહેર કર્યું કે મીલમજુરો ૩૫ ટકાનો વધારો કબુલ કરશે. આ બીના ધ્યાનમાં રાખવા જેવી છે કે મજુરોને મરકીના કારણથી તેઓની મજુરી ઉપર ૭૦ ટકાનો વધારો મળતો હતો, અને તેઓએ પોતાનો ઇરાદો જાહેર કર્યો હતો કે મોંઘવારી વધતી હોવાથી તેઓ ૫૦ ટકાથી ઓછો વધારો કબુલ નહિ કરે. પરંતુ તેઓને પોતાના ૫૦ ટકાની અને મીલમાલિકોના ૨૦ ટકાની વચ્ચેનો દર સ્વીકારવા કહેવામાં આવ્યું. (વચલો દર લેવાનું નક્કી થયું એ કેવળ અકસ્માત જ હતો.) સભા કેટલોક બડબડાટ કર્યા પછી ૩૫ ટકાનો વધારો લેવા કબુલ થઇ; અને તેની સાથે એમ માની લેવામાં જ આવ્યું હતું કે જે ઘડીએ મીલ-માલિકો લવાદત મારફ્ત ફડચો કરવા કબુલ થાય તે જ ઘડીએ મજુરો પણ તેમજ કરે. ત્યાર પછી દરરોજ હજારો માણસ ગામની બહાર એક ઝાડની છાયા હેઠળ ભેગા થતા. તેઓમાંથી કેટલાક તો બહુ દૂરથી ચાલીને આવતા, અને ખરા દિલથી ઇશ્વરના સોગંદ ખાઇને ૩૫ ટકાથી જરાપણ ઓછું ન લેવાનો પોતાનો ઠરાવ પાકો કરતા. પૈસાની મદદ તેઓને આપવામાં આવતી ન હતી. આ તો સમજી શકાય એવું છે કે આવી સ્થિતિમાં તેઓમાંથી ઘણાને ભૂખમરાની પીડા વેઠવી પડે, અને જ્યાં સુધી તેઓ બેકાર હતા ત્યાં સુધી તેઓને કોઇ ધીરે પણ નહિ. બીજી તરફ, અમે તેઓના મદદગાર એવા ઠરાવ ઉપર આવ્યા કે તેઓમાંથી તાકાતવાળા રોટલો

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

કમાવા તૈયાર ન થાય, અને અમે જાહેર ફાળો ઉઘરાવી તેનો ઉપયોગ તેઓને ખવરાવવામાં કરીયે, તો અમે તેઓને ખરાબ જ કરીયે. જે લોકોએ સંચા ઉપર કામ કર્યું હતું તે લોકોને રેતી કે ઇંટની ટોપલી ઉપાડવા સમજાવવું બહુ કઠણ હતું. તેઓ તે કામ કરવા જતા, પણ ઘણી નાખુશીથી. મીલમાલિકોએ પણ પોતાનાં હૈયાં કઠણ કર્યાં. તેઓએ પણ વીસ ટકાથી વધારે ન આપવાનો ઠરાવ કર્યો હતો, અને મજુરોને તાબે થઇ જવા સમજાવી લાવવા જાસુસો નીમ્યા હતા. લૉકઆઉટની શરૂઆતમાં જ અમે કામ ન કરનારને મદદ કરવા ના પાડી હતી, પરંતુ તેની જ સાથે અમે તેઓને ખાત્રી આપી હતી કે તેઓને ખોરાક અને કપડાં પૂરાં પાડયા પછી જ અમે પોતે ખાશું અને પહેરશું. આ પ્રમાણે ૨૨ દિવસ પસાર થયા. ભૂખમરાની અને મીલમાલિકોના જાસુસોની અસર થવા લાગી. આસુરી ભાવ તેઓના કાન ફૂંકવા લાગ્યો અને કહેવા લાગ્યો કે જગતમાં ઇશ્વર જેવું કંઇ નથી કે જે તેઓને મદદ કરે; અને વ્રતો તો યુક્તિઓ છે કે જેનો આશ્રય નબળા લોક કરે છે. પાંચથી દશ હજાર માણસોને ઉત્સાહ અને હોંશથી એકઠા થતા હું હમેશાં જોતો. તેઓની દૃઢતા તેઓના ચ્હેરા ઉપરથી જ જણાઇ આવતી. પરંતુ તેને બદલે એક દિવસ મેં માત્ર બે હજાર માણસોને એકઠા થયેલા જોયા; અને તેઓનાં મોઢાં ઉતરી ગયેલાં દેખાયાં. અમે તે જ અરસામાં એમ પણ સાંભળ્યું હતું કે અમુક એક ચાલમાં વસતા મીલમજુરોએ સભામાં આવવા ના પાડી છે અને

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

વીસ ટકાનો વધારો સ્વીકારવાની અણી ઉપર છે. અને તેઓ અમને સંભળાવતા હતા (અને હું ધારૂં છું કે તેમાં તેઓ વાજબી હતા) કે અમારી પાસે મોટર ગાડીઓ છે, પુરતું ખાવાને છે, સભામાં હાજર રહેવાનું અને મરણ આવે તોપણ મક્કમ રહેવાની સલાહ આપવાનું અમારે માટે સ્હેલું છે. આવી સ્થિતિમાં મારે શું કરવું જોઇયે? મને તેઓનો વાંધો વાજબી જણાયો. ઇશ્વર ઉપર મને, પ્રત્યક્ષ ઉપર હોય તેવી અચલ શ્રદ્ધા છે. અને હું એમ માનું છું કે ગમે તે ભોગે વચનનું પાલન કરવું આવશ્યક છે. હું જાણતો હતો કે અમારી સમક્ષ ઉભેલા માણસો ઇશ્વરથી ડરે છે, પરંતુ લોકઆઉટ અને હડતાળ બહુ લંબાયાથી તેઓ ઉપર અસહ્ય બોજો આવી પડયો છે. હિન્દમાં મેં ઘણી મુસાફરી કરી છે. તે દરમ્યાન મેં સેંકડો માણસો એવાં જોયાં છે કે જેઓ પલકમાં પ્રતિજ્ઞા કરે છે અને પલકમાં તેનો ભંગ કરે છે. મારા ખ્યાલમાં આ પણ હતું કે આપણામાંથી સૌથી સારા લેખાતા માણસોને પણ ઇશ્વરમાં અને આત્મબળમાં ઢીલી અને અસ્પષ્ટ શ્રદ્ધા હોય છે. મને લાગ્યું કે મારે માટે આ ક્ષણ પવિત્ર છે. મારી શ્રદ્ધા કસોટીએ ચઢેલી જણાઇ, અને હું વિના સંકોચે ઉભો થયો અને જણાવ્યું કે જે પ્રતિજ્ઞા ભાવપૂર્વક લેવાઇ છે તેનો ભંગ મીલમજુરો કરે એ મારે માટે અસહ્ય છે. એટલે મેં પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી તેઓને ૩૫ ટકાનો વધારો નહિ મળે, અથવા જ્યાં સુધી તેઓ ઢીલા નહિ થાય ત્યાં સુધી હું અન્ન નહિ લઉં. અત્યાર સુધી આ સભા આગલી સભાઓ જેવી ઉત્સાહી ન હતી; મંદ હતી.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



પરંતુ તેમાં હવે જાદુઇ રીતે ઉત્સાહ આવી ગયો. દરેકે દરેકના ગાલ ઉપર આંસુ ટપકવા લાગ્યાં, અને એક પછી એક ઉઠી જણાવવા લાગ્યા કે જ્યાં સુધી તેઓની માગણી કબુલ નહિ થાય ત્યાં સુધી તેઓ કદિ પણ મીલમાં કામ ઉપર નહિ જાય, અને વળી સભામાં હાજર નહિ રહેનારને શોધી કાઢશે અને તેઓના હૃદયને મક્કમ કરશે. સત્ય અને પ્રેમના પ્રભાવનું પ્રાગટ્ય નિહાળવાનો આ એક અમૂલ્ય અવસર હતો. દરેકને એમ લાગવા માંડ્યું કે ઇશ્વરની પાલકશક્તિ પ્રાચીન કાળમાં જેટલી આપણી આસપાસ રહેતી તેટલી જ આજે અમારી આસપાસ છે. પ્રતિજ્ઞા લેવા માટે મને શોચ થતો નથી. પરન્તુ મારી તો આ શ્રદ્ધા છે કે જો હું બીજી કોઈ રીતે વર્ત્યો હોત તો હાથ લીધેલા કાર્યનો મેં દ્રોહ કર્યો હોત. પ્રતિજ્ઞા લીધી તે પહેલાં હું જાણતો હતો કે તેમાં કેટલીક મોટી ખામીઓ રહી જાય છે. મીલમાલિકોના નિશ્ચય ઉપર કોઇ પણ જાતની અસર કરવા આવા પ્રકારની પ્રતિજ્ઞા લેવી એ તો તેઓ પ્રતિ અણછાજતો અન્યાય જ કરેલો કહેવાય. હું જાણતો હતો કે તેઓમાંથી કેટલાક સાથે તો હું મિત્રતા ભોગવવા ભાગ્યશાળી થયો છું; પરન્તુ તેને માટે હવે હું મને નાલાયક બનાવું છું, અને હું એ પણ સમજતો હતો કે આ પગલું ભરવામાં ગેરસમજુતી થવાનું જોખમ રહેલું છે. તેઓના નિર્ણય ઉપર મારા ઉપવાસની અસર થતી અટકાવવી મારે માટે શકય ન હતી. વળી, તેઓના પરિચયથી મારી જોખમદારી વધી હતી, જે ઉપાડવા હું સમર્થ ન હતો. આવા પ્રકારની લડતમાં સામાન્યતઃ જે રાહત મેળવવામાં હું વાજબી ઠરૂં, તે પણ મજુરો માટે

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુધ્દ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

મેળવવા હું અસમર્થ થઇ પડયો. હું એ પણ જાણતો હતો કે મીલમાલિકો પાસેથી ઓછામાં ઓછું જે હું મેળવી શકું તેનાથી જ, અને મજુરોએ લીધેલી પ્રતિજ્ઞાનાં તત્ત્વોની સિદ્ધિને બદલે તેના સ્થૂળ અર્થની સિદ્ધિથી જ મારે સંતોષ માનવો પડશે; અને તેમજ થયું છે. મેં મારી પ્રતિજ્ઞાના દોષો એક ત્રાજવામાં મુક્યા, અને બીજામાં તેના ગુણો મુકયા. મનુષ્ય–પ્રાણીનાં એવાં કર્મ તો ક્વચિત જ હશે કે જે સાવ દોષરહિત હશે. મને ખબર હતી કે મારૂં કર્મ તો ખાસ દોષવાળું છે. પરંતુ ભવિષ્યની પ્રજા એમ કહે કે ઇશ્વિર સમક્ષ વીસ વીસ દિવસ થયાં લેવાયલી પ્રતિજ્ઞા દસ હજાર માણસે ઓચિતી તોડી, તેના કરતાં મીલમાલિકોની સ્વતંત્રતા અને સ્થિતિ અણઘટતી રીતે કફોડી અવસ્થામાં મુકવાથી મારી અપકીર્તિ થાય, એ મને વધારે ગમ્યું. મારી એવી દઢ માન્યતા છે કે જ્યાં સુધી માણસો લોઢા જેવા કઠણ થયા નથી, અને જ્યાં સુધી દુનીયા તેઓનાં વચનને, મીડ અને ફારીસીના કાયદા પેઠે કદિ ન તુટે તેવું અચલ ન ગણે, ત્યાં સુધી તેઓ એક પ્રજા થઇ શકતી નથી. મિત્રોએ ગમે તે મત બાંધ્યો હોય, છતાં અત્યારે તો મને લાગે છે કે ભવિષ્યમાં આવો પ્રસંગ આવે, તો આ પત્રમાં વર્ણવ્યો છે એવો સામાન્ય પ્રકારનો પાઠ ફરીથી ભજવવામાં હું પાછો નહિ પડું.

આ પત્ર હું બંધ કરૂં તે પહેલાં હું બે જણનાં નામ જણાવવા ઇચ્છું છું. તેઓ માટે હિન્દને મગરૂર થવા કારણ છે. રા૦ અંબાલાલ સારાભાઈ મીલમાલિકોના પ્રતિનિધિ હતા. તે એક લાયક ગૃહસ્થ છે; અને ઘણા

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એક ધર્મયુદ્ધ : [અમદાવાદના મિલમજુરોની લડતનો ઈતિહાસ]

5/10/2021



કેળવાયેલા તેમ બાહોશ માણુસ છે. આ ઉપરાંત તેઓ દૃઢ મનના છે. તેમનાં બ્હેન અનસૂયા બ્હેન, મીલમજુરોનાં પ્રતિનિધિ હતાં. તેમનું હૃદય કંચન જેવું નિર્મળ છે, અને ગરીઓ પ્રતિ અતિ દયાળુ છે. મીલમજુરો તેમને પૂજે છે, અને તેઓ ઉપર તો તેમના શબ્દની અસર કાયદા સમાન છે. મેં કોઇ એવી લડત સાંભળી નથી કે જેમાં ખટાશ માત્ર નામની જ હોય અને બન્ને પક્ષ વચ્ચે આટલો બધો વિનય હોય. આવું મધુર પરિણામ, મુખ્યતઃ રા૦ અંબાલાલ સારાભાઇ અને અનસૂયા બ્હેનના લડત સાથેના સંબન્ધને લઇને આવ્યું છે.

---

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# નવજીવન પ્રકાશન મન્દિર

## અ મ દા વા દ

*

## રાષ્ટ્રીય સાહિત્ય

| | મૂલ્ય | પોસ્ટેજ |
|---|---|---|
| **હિન્દસ્વરાજ** ( મહાત્માજીએ આફ્રિકામાં 'ઇન્ડીયન ઓપીનીયન'માં લખેલાં મૂળ લખાણ સાથે મેળવેલી પ્રમાણભૂત આવૃત્તિ; સ્વદેશી કાગળ અને ખાદીનું પૂંઠું. ) | ૦–૬–૦ | ૦–૨–૦ |
| **ગાંધીજીની જુબાની** (૧૯૧૯ના રમખાણોની તપાસ કરવા નીમાયેલી હંટર કમિટી સમક્ષ આપેલી) | ૦–૬–૦ | ૦–૧–૦ |
| **અરજુનવાણી** (સરળ અને સચોટ ભાષામાં આત્મદર્શન કરાવનારાં અરજુન ભગતનાં ભજનોનો સંગ્રહ) | ૦-૧૨-૦ | ૦–૨–૦ |
| **आश्रमभजनावलि** (સત્યાગ્રહાશ્રમમાં સવારસાંજની પ્રાર્થના વખતે ગવાતાં ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભજનોનો સંગ્રહ; દેવનાગરી લિપિ, અને ખાદીનું પૂંઠું.) | ૦-૧૨-૦ | ૦–૨–૦ |
| **श्रीमद् भगवद्गीता–मूळ** ( સરળતા–પૂર્વક સાથે રાખી શકાય તેવી સુઘડ આવૃત્તિ ) | ૦–૮–૦ | ૦–૧–૦ |

*

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

## બાલસાહિત્ય

| | | |
|---|---|---|
| ચણીબોર ( બાલકવિતા ). | ૦-૪-૦ | ૦-૧-૦ |
| ચણીબોર સંબંધે શિક્ષકો સાથે વાતચિત | શિક્ષકોને મફત | |
| ચાલણગાડી—નાની (બાળપોથી) | ૦-૧-૩ | ૦-૦-૬ |
| ચાલણગાડી—મોટી ,, | ૦-૩-૦ | ૦-૦-૬ |
| ચાલણગાડીના શિક્ષકોને | ૦-૧-૦ | ૦-૦-૬ |

*

## છપાય છે

**હિન્દ કેમ પાયમાલ થયું ?** ( એ મથાળા નીચે 'નવજીવન'માં આવતા લેખોનો સંગ્રહ )

**જેલ ડાયરી** ( શ્રી૦ રાજગોપાળાચારીની રોજનિશિ—જેમાંથી 'નવજીવન'ના વાચકોને નમૂના મળ્યા હતા.)

**પૂર્વરંગ** ( આર્યાવર્તનો ઇતિહાસ—લેખકઃ અધ્યાપક કાલેલકર અને શ્રી૦ નરહરિ પરીખ )

**રાયણ** ( ૯-૧૦ વર્ષનાં બાળકો માટે શ્રી૦ જુગતરામ દવેએ કરેલો બાલકવિતાઓનો બીજો સંગ્રહ )

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust